Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in



RNI રજી. બાદ વર્ષ : ૧૫ ● અંક : ૪૪ ● તા. ૨૭ ઓક્ટોબર થી ૨ નવેમ્બર ૨૦૧૨ ● વાર્ષિક લવાજમ ૨ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14

## ૧૧માં વર્ષીતપનાં આરાધક પ.પૂ. ગણિવર્ય ભગવંત શ્રી કવીન્દ્રસાગરજી મ.સા.ની શ્રેયસ્કરી નિશ્રામાં વડોદરા કે.ડી.ઓ. ભવને આયોજીત ઐતિહાસિક શ્રીયન્ત્ર મહાપૂજન
















# પુજા અને ભાવના કાર્યક્રમ સાથે નૂતનીકરણ બાદ વાતાનુકુલીત થયેલ શેઠ નરશી નાથા સભાગૃહ-ભાંડુપના ઉદ્‌ઘાટન પ્રસંગની ઝલક


















| આદ્યતંત્રીઓ |
|---|
| "પ્રકાશ" |
| ડૉ. વેલજી પાશ્વીર ગોસર |
| "સમીક્ષા" |
| સનત્ શાહ અને |
| ગોવિંદજી જીવરાજ લોડાયા |
| "પ્રકાશ સમીક્ષા" |
| સનત્ શાહ |

| : તંત્રી : |
|---|
| રાયચંદ આર. નાગડા |
| : સહતંત્રી : |
| ચંપક જીવાણી |

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr.Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# ધાર્મિકતા એટલે શું?

**- પ્રવીણ ખોના (મુંબઈ)**

જ્ઞાતિ વસતીપત્રક માટેના વ્યક્તિગત માહિતિ ફોર્મમાં એક પ્રશ્ન પૂછવામાં આવેલ છે. **"દરરોજ ધાર્મિક કાર્ય માટે આપતો સમય"**

પ્રશ્ન થાય છે કે દરેક જ્ઞાતિજન ધર્મમાં માનતો હોય એ જરૂરી છે? આ પ્રશ્નનો જ્ઞાતિની દ્રષ્ટિએ શું મહત્ત્વ?

બીજો પ્રશ્ન થાય છે, ધર્મકાર્ય એટલે શું? શું ધર્મકાર્યનું માપ કેટલો સમય અપાય છે તેમાં ઉપરથી કઢાય છે? શું ધર્મકાર્ય એટલે દેવદર્શન. પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, તપ, સ્વામિવાત્સલ્ય, વરઘોડા, તીર્થયાત્રા, ગુરૂવંદના એટલું જ છે? કે અન્ય કંઇ પણ? કૂતરાને ખવડાવવા રોટલા ભેગા કરવા, પક્ષીઓને ખાવડાવવા ચણ ભેગું કરવું, માંદા લોકો તથા પશુઓની દેખભાળ અને સેવા એ ધાર્મિક કાર્ય નથી? વસતીપત્રક માહિતિ ફોર્મમાં ધાર્મિક કાર્યની વ્યાખ્યા કરવામાં આવેલ નથી. જૈન ધર્મ ઉપરાંત અન્ય ધર્મમાં કોઈ માનતું હોય તો તે ધાર્મિક કાર્ય ગણાય કે નહીં? દા.ત. કોઈ દરરોજ મોરારી બાપુની કેસેટ સાંભળતો હોય અથવા સાંઈ બાબાના મંદિરે દર્શન માટે જતો હોય તો તે ધાર્મિક કાર્ય ગણાય કે નહીં?

શ્વેતાંબર, દિગમ્બર, સ્થાનકવાસી, વગેરે સર્વે અલગ અલગ ફીરકાઓ કે પંથો છે. મૂળભૂત જૈન સિધ્ધાંતોને તો સર્વે ફીરકાઓ અને પંથો માને છે. પરંતુ ફરક ક્રિયાઓ, વિધિવિધાનો તથા સમય વિ.માં. પડે છે. સૂત્રો પણ થોડા ઘણા ફેરફાર સાથે સામાન્ય છે. સર્વે પંથો ૨૪ તિર્થંકરોને માને છે. દેરાવાસીઓ દર્શન પૂજા કરે છે. જ્યારે સ્થાનકવાસીઓ દર્શન પૂજામાં માનતા નથી. પરંતુ જ્યારે તિર્થંકરની મૂર્તી બનાવવી હોય કે તેમનું ચિત્ર-ફોટો (જે સ્થાનકવાસીઓ પણ માન્ય કરે છે) બનાવવો હોય ત્યારે તે એક સરખાજ બને છે. શ્વેતાંબરો ચક્ષુઓ લગાડે છે, જ્યારે દિગમ્બરો મૂર્તીને ચક્ષુ લગાડતા નથી. તે સીવાય બનેની મૂર્તીઓ એક સરખીજ હોય છે. નવકારને સર્વે પંથો બીજ મંત્ર માને છે. થોડા ફેરફાર સાથે અચલગચ્છમાં આપણે નવકારમાં "હોઈ" બોલીયે છીએ જ્યારે તપાગચ્છ તથા કેટલાક અન્યો "હવઈ" બોલે છે. બન્નેનો અર્થ એકજ છે, એક સંસ્કૃત શબ્દ છે. જ્યારે બીજો માગધીનો છે. કેટલાક પંથોમાં ફક્ત પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવાના સુધીના પદો જ નવકારમાં બોલાય છે, જ્યારે અન્ય પંથોમાં પાછલા ત્રણ પદ પણ બોલાય છે. શ્વેતાંબર અને દિગમ્બર બન્નેનાં સાધુઓ એ પંચ મહાવ્રત પાળવાના હોય છે, વહોરીને ખાવાનું હોય છે, વી. માં સમાનતા છે.

શ્રીમદ્‌ના અનુયાયીઓ, કાનજીસ્વામીના ભક્તો, પોતાનો પંથ અલગ માને છે. દાદા ભગવાનના અનુયાયીઓ તો પોતાને જૈન કહેડાવતાજ નથી.

આ સર્વે અલગ અલગ પંથ અને વાડાઓ છે. જ્યારે જૈન તત્વજ્ઞાન જે સર્વેને માન્ય છે તે ધર્મના બે નયો (રસ્તા) બતાડે છે. એક છે "વ્યવહાર નય" અને બીજો છે "નીશ્ચય નય" સામાન્ય રીતે નિશ્ચય નયના અંગે ઓછી જાણકારી પ્રવર્તે છે. જાણકારી હોય છતાંય અને અનુરૂપ વર્તન ખૂબજ કઠીન છે.

વ્યવહાર નય એટલે દેવદર્શન, પૂજા, તથા અન્ય ધાર્મિક ક્રિયાઓ અને ક્રિયાકાંડો એનાથી પૂણ્ય બંધાય છે તથા કરેલા પાપોના પરિણામથી છૂટકારો મળે છે જૈન ધર્મનો એક મૂળભૂત સિધ્ધાંત છે, કરેલા પાપ અને પુણ્યના પરિણામો તો ભોગવવા જ પડે છે. એમની બાદબાકી નથી થતી. મહાવીરસ્વામીએ પણ કરેલા પાપો માટે નારકીમાં જવું પડેલું. કરેલા પૂણ્યો માટે ધન-સંપતિ, માન-મરતબો, સારા સગાવહાલાં અને કુટુંબીજનો તથા અન્ય સુખ-સાહ્યબીઓ મળે છે. એતો ઉત્કૃષ્ટ ફળ છે. દેવલોકની પ્રાપ્તિ એ સારા

ફળોના ભોગવટા દરમ્યાન ક્યા અન્ય પૂણ્ય કે પાપો બાંધવા એ જીવ ઉપર નિર્ભર છે. જો પુણ્યના ફળ ભોગવવા દરમ્યાન વધારે પૂણ્યો બાંધે તો "પૂણ્યાનુબંધી પૂણ્ય" બાંધેલો હોય છે. પરંતુ એ ફળોના ભોગવટા દરમ્યાન પાપો બાંધે. દા.ત. ગરીબોનું શોષણ, વ્યભિચાર, જીવહિંસા વી. તો એને પૂણ્યાનુબંધી પાપ કહેવામાં આવે છે. તેનાથી ઉલટું પાપોના ફળ ભોગવતી વખતે જીવ જો પૂણ્યના કાર્યો કરે તો તેને પાપાનુબંધી પૂણ્ય ગણવામાં આવે છે. અને પાપોના ફળ ભોગવતાં વધુ પાપો કરે તો એને "પાનુંબંધી પાપ" ગણવામાં આવે છે. પાપ-પૂણ્યના ફળ ભોગવતાં વધુ પાપ-કે પૂણ્ય કરવા તે જીવના નિર્ણય પર આધાર રાખે છે. કર્મો તો કોઈને છોડતા નથી. ભલેને તિર્થંકર થવાવાળો જીવ હોય કે પામર જંતુ. પરંતુ જૈન તત્વજ્ઞાન તો એથી પણ વિશેષ કહે છે. તે છે "નિશ્ચય નય." નિશ્ચય નય, ધર્મ કાર્યો કે ક્રિયાકાંડો કરવાનું કહેતો નથી. એ આત્માને મહત્વ આપે છે. લગભગ ભારતના સર્વે ધર્મો જે પૂનર્જન્મમાં માને છે. તે "આત્માને શરીરથી અલગ માને છે. "આત્મા" અને "દેહ" અલગ છે. નીશ્ચયનય કહે છે આત્માને શુધ્ધ બનાવો. તેને કષાયો (ક્રોધ, માન, માયા, લોભ) અને રાગ-દ્વેષથી મુક્ત કરો. આપણે વ્યવહાર નય પ્રમાણે વિવિધ ધાર્મિકક્રિયાઓ અને ક્રિયાકાંડો કરતા રહીએ. પરંતુ ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયો અને રાગદ્વેષથી આત્માને મુક્ત ન કરીએ તો આત્મા મલીન રહે છે. જૈન ધર્મ મોક્ષમાર્ગી છે. ભોગમાર્ગી નથી. એ મોક્ષ પ્રાપ્ત કરવાનો રસ્તો બતાવે છે. મોક્ષ પ્રાપ્ત કરવા આત્માને શુધ્ધ બનાવવું જરૂરી છે. એ જ્યારે સંપૂર્ણ શુધ્ધ બની જાય ત્યારે "શુધ્ધાત્મક" ગણાય છે. મોક્ષ પ્રાપ્તિ માટે "શુધ્ધાત્મા" જરૂરી છે. આત્મા, ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો અને રાગ અને દ્વેષથી પર થઈ જવો જોઈએ. એ ખૂબજ કઠીન કાર્ય છે. પરંતુ જ્યારે જીવ શુધ્ધાત્મા બની જાય છે ત્યારેજ "સિધ્ધ" થઈને મોક્ષ પ્રાપ્ત કરે છે. એ માટે ચૌદ ગુણસ્થાનો પાર કરવાના રહે છે.

ક્રોધ બાહ્ય પણ હોય અને આંતરિક પણ હોય. જે ક્રોધ બહાર પ્રકટ થાય તે બાહ્ય ક્રોધ છે. જ્યારે ક્રોધ બહાર પ્રગટ ન થતાં અંદરજ ઘુંટાતો રહે તે આંતરિક ક્રોધ છે. કોઈનો પણ બદલો લેવાની ભાવનાએ આંતરિક ક્રોધ છે. કોઈના ઉપર રીસ ચડી હોય અને તેની સાથે બોલવાનું બંધ કરે કે તેની સાથેનો વ્યવહાર બંધ કરીએ તો તે આંતરિક ક્રોધ છે. તેનું મારણ છે ક્ષમા, તે માટે આપણે મિચ્છામિદુક્કડમ્ કરીએ છીએ. મિચ્છામિ દુક્કડમ જ્યારે ખરા મનથી કરીએ ત્યારે આંતરિક ક્રોધનો અંત આવે, અને આત્મા ક્રોધથી મુક્ત થાય.

માન એટલે અભિમાન મોટા મોટા ધર્માત્માઓ પણ માનથી મુક્ત રહી શકતા નથી. મારા આટલા શીષ્યો, મારા વ્યાખ્યાનોમાં આટલો સમુદાય, મેં આટલા દેરાસરોની પ્રતિષ્ઠા કરાવી. મેં આટલા વરસીતપ, અઠાઈઓ તથા અન્ય તપો કરાવ્યા એ સર્વે માન છે. આત્મા માનથી મલીન થાય છે. આત્માને દરેક રીતે માનથી મુક્ત કરવો જોઈએ.

માયા એટલે કપટ. માયામાં લપેટાયેલો જીવ કપટ કરતો રહે છે, મલ્લીનાથ ભગવાન આગલા ભવમાં પોતે વધુ તપ કરી શકે તે માટે સહેલીઓ સાથે કપટ કર્યું. પરિણામ તિર્થંકર તરીકેના ભવમાં સ્ત્રી અવતાર મળ્યો. જીવ સાલસ હોય, "કપટ મુક્ત હોય" એ શુધ્ધાત્મા માટે અત્યંત જરૂરી છે.

લોભ એટલે કોઈ પણ વ્યક્તિકે ચીજ પ્રત્યેનો લગાવ. સામાન્ય રીતે પૈસા બચાવવાવાળાને કે ઓછો ખર્ચ કરવાવાળાને આપણે લોભીયો કહીયે છીએ. પરંતુ લોભ એનાથી ઘણું વિસ્તૃત છે. માતા-પિતાને બાળક પ્રત્યેનો લગાવ એ પણ લોભ છે. પોતાની વસ્તુ પ્રત્યેનો લગાવ એ પણ લોભ છે. આપણા શરીર પ્રત્યેનો લગાવ એ પણ લોભ છે. ૧૩મા ગુણ સ્થાને રહેલાં જીવનની પ્રગતિ સિધ્ધ થવા માટે ૧૪મા ગુણસ્થાને પહોચવા માટે શરીર પ્રત્યેના લોભના કારણે વિલંબમાં પડે છે. આ પરિસ્થિતામાંથી તિર્થંકરોએ પણ પસાર થવું પડેલ. એટલે શુધ્ધાત્મા બનવા માટે જીવ કોઈ પણ અન્ય જીવ કે વસ્તુ પ્રત્યે લગાવ ધરાવતો ન હોવો જોઈએ. એ લોભ મુક્ત હોવો જોઈએ. કોઈપણ જાતનો મોહ એ લોભ છે.

રાગ-દ્વેષ એટલે ગમો-અણગમો. કોઈ પણ વ્યક્તિ કે બાબત પ્રત્યે રાગ-ગમો ન હોવો જોઈએ. તેવીજ રીતે કોઈ પણ વ્યક્તિ કે બાબત પ્રત્યે દ્વેષ ન હોવો જોઈએ - અણગમો ન હોવો જોઈએ. આપણને ગમતી વ્યક્તિ પ્રત્યે રાગ હોય છે. અને અણગમતી વ્યક્તિ પ્રત્યે દ્વેષ. ગમતી બાબત પ્રત્યે રાગ હોય છે અને અણગમતી બાબત પ્રત્યે દ્વેષ. ગમો-અણગમો નષ્ટ થવો જોઈએ. શુધ્ધાત્મા બનવા માટે રાગ-દ્વેષથી મુક્ત હોવું જરૂરી છે.

જે જીવ ચાર કષાયો અને રાગ-દ્વેષથી મુક્ત બને તે શુધ્ધાત્મા બને છે. તેના પાપ-પૂર્ણપાણે પણ નષ્ટ થઈ જાય છે. અને તેને મોક્ષ પ્રાપ્તિ થાય છે. પરંતુ આ થવું સહેલું નથી એમ થવા માટે સમજ અને પ્રયત્ન બને જરૂરી છે.

આ છે નિશ્ચય નય અનુસાર ધર્મ. કહેવાતા મોટા મોટા મહાત્માઓ અને ધર્માત્માઓ પણ આ સ્થિતિએ પહોંચતા નથી. તો પછી વ્યવહાર નયનો ઉપયોગ શું?

ધર્મ ક્રિયાઓ અને ધાર્મિક કર્મકાંડો શા માટે કરવા જોઈએ?

"વ્યવહાર નય" એ નિશ્ચયનય અનુસાર શુધ્ધાત્મા બનવા માટેનું પ્રાથમિક પગથીયું છે. "વ્યવહાર નય" અનુસરવાનો આશય છે નિશ્ચયનય પ્રમાણે શુધ્ધાત્માં બનવાનો વિવિધ ધર્મક્રિયાઓ અને ધાર્મિક કર્મકાંડો પાછળનો હેતુ છે સમજદારી પૂર્વક ચારેય કષાય અને રાગ-દ્વેષથી મુકતિ ધાર્મિક ક્રિયાઓ અને ક્રિયાકાંડો કરીને દેવલોક પ્રાપ્ત કરી શકાય. પરંતુ જ્યાં સુધી શુધ્ધત્મા ન બનાય ત્યાં સુધી મોક્ષ શક્ય નથી. દાન કરવાથી શું વળે? જીવનો પોતાની મતા પ્રત્યેનો લોભ ઓછો થાય. પરિગ્રહ ઓછો કરવાથી લોભ ઓછો થાય. દાનથી પરિગ્રહ ઓછો થાય. તપ કરવાથી શરીર પ્રત્યેનો લોભ ઓછો થાય. ઉચ્ચ આત્મા સીધેસીધા નિશ્ચયનય અનુસાર આત્માની શુધ્ધતા પ્રાપ્ત કરી શકે છે. જ્યારે અન્યો શરૂઆતમાં વ્યવહાર નય અનુસરીને, કષાય અને રાગદ્વેષથી મુક્ત થઈને શુધ્ધાત્માં બને છે. એ બધું એકજ ભવમાં પુરૂં થતું નથી. વિવિધ યોનીઓમાંથી પસાર થઈને એ શક્ય બને છે. મહાવીર સ્વામી ૨૭મા ભવે તિર્થંકર બન્યા. આમ, ધાર્મિક અર્થ મૂળભૂત રીતે સમજવાની જરૂર છે. શરીર અને આત્મા ભિન્ન છે. ફક્ત આત્માજ ભવાંતર કરે છે, જ્યારે શરીર દરેક ભવે નાશ પામે છે એ મુખ્ય સમજ આવવી જરૂરી છે.


Since 1984...
Lagna Deep



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જૂના ઘરચોળા લેવામાં આવશે.
Mob.: 7666688881
ગુરૂવાર બંધ

Vyom Kreations
A Designer Boutique
at Shop # 3, Kailash Plaza, Next to Raymonds Show Room, behind ICICI ATM,
Entry From 90 Feet Road, Ghatkoper (E), Mumbai 400077. Mobile : 8097 00 3359
A one stop shop for Dress Material • Designing • Tailoring • Embroidery
also Designer Sarees • Blouses • Kurtis etc...
Latest Arrivals... Festival Special
Cotton Dress Material with Heavy Duppatta & Tailoring
Ready to Wear Branded Kurties
Get a Dress Stiched with Material Just for Rs. 825/-
10 TO 30 %
DIWALI FESTIVAL DISCOUNT
Sunday Closed

# શ્રી ક.દ.ઓ. જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ-તેરા

મુંબઈ કાર્યાલય : C/o.શ્રી નરેન્દ્ર શામજી દંડ, ૧૬, શાંતિભુવન, ત્રીજે માળે, વિશ્વમહાલ હોટલની ઉપર, રેલ્વે સ્ટેશન સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦. ફોન (022)25647572

**(તેરા, કુવાપધર, લાખણીયા, ધુફીના ભારત તથા વિદેશમાં વસતા દરેક વડીલો, ભાઈઓ-બહેનો ધ્યાન આપે.)**

**નોંધ :** ૧) આપને અમારા પરીપત્રો તથા સમાચાર વેળાસર મળી રહે જે માટે કોમ્પ્યુટરમાં અપટેશન ચાલુ હોવાથી નીચેનું ફોર્મ આપની ફરજ સમજી અમારા મુંબઈ કાર્યાલય ઉપર વેળાસર ભરીને મોકલવું અત્યંત જરૂરી છે. (શક્ય હોય ત્યાં સુધી કુરીયરથી મોકલવા વિનંતી.) ૨) ફોર્મ બોલપેનથી ગુજરાતી કે અંગ્રેજી ભાષામાં ભરવાનું છે. ૩) જે વિગત લાગુ ન પડતી હોય તે છેકી નાખવી. ૪) માહિતીનો સમાવેશ એક ફોર્મમાં શક્ય ન હોય તો અન્ય કાગળ જોડી, વિગત ભરી સહી કરી મોકલવું.

## તેરા, કુવાપધર, લાખમીયા, ધુફીનું કુટુંબ દીઠ માહિતીનું ફોર્મ

## (Tera, Kuvapadhar, Lakhania, Dhufi) Familywise detailed Form

| | | | |
|---|---|---|---|
| ૧) વસ્તીપત્રક કુટુંબ નંબર :V.P. Family No. | | | |
| ૨) ઘરના વડીલ વ્યક્તિનું પૂરૂં નામ : (અટક સાથે) (Main Family Memebr's name in Full with surname) | | | |
| ૩) કચ્છમાં ગામ : Native Place | | | |
| ૪) હાલ રહેઠાણનું સરનામું : Current address | ફોન નંબર-ઘર (કોડ નંબર સાથે) Resi. No. with code | મોબાઈલ નંબર Mob. No. | ઈ.મેઈલ EmailID |
| | | | |
| ૫) મેડીક્લેઈમ વીમો ધરાવો છો? હા/ના Do You have mediclaim Policy? (YES / NO) | અગર હા.. તો કઈ કંપનીનો વીમો કુટુંબની કેટલી વ્યક્તિઓનો અને કેટલા રૂપીયાનો છે (If YES, indicate insured with which Co. & coverage details) | | |
| ૬) સોશ્યલ સિક્યુરીટી સ્કીમ હેઠળ વીમો ધરાવો છો? (Whether your family covered under social security Scheme?) | હા/ના (YES / NO) | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૭) ઘરમાં કુલ સભ્યો : (Total Family Members) | પુરૂષ (Male) | સ્ત્રી (Female) | બાળકો (૧૦ વરસથી નીચેના) Child Below 10 years | કુલ સંખ્યા (Total members) |
| | | | | |
| ૮) **તે.કુ.લા.ધુ.**માં રૂા.૨૫૧/- ચુલ્લા દિઠ ભરી સભ્ય બન્યા છો? Are you a Life Memebr of Tekuladhu J.Y. Sangh?) | હા/ના | અગર હા તો રસીદ નંબર - (If YES Receipt No.?) | | |

૯) કુટુંબના સભ્યોની વિગત (મુખ્ય વ્યક્તિ સહિત) (Details of Family Memebrs incld. Main Member)

| પુરૂં નામ (Full Name) | સ્ત્રી/પુરૂષ (Male/Female | જન્મ તારીખ (Date of Birth) | અભ્યાસ (Eduation) | વ્યવસાય (ધંધો/નોકરી/અભ્યાસ) તથા પ્રકાર (Business/Job/Education & Type |
|---|---|---|---|---|
| 1 | | | | |
| 2 | | | | |
| 3 | | | | |
| 4 | | | | |
| 5 | | | | |

| ૧૦. નીયાણીની વિગત : (Detail of Married daughter/s) પરણિત નીયાણીનું પૂરૂં નામ અટક સાથે:(Name in Full with Surname) | ગામ (Native Place) | ઉંમર (Age) | રીમાર્ક |
|---|---|---|---|
| | | | |

| ૨.તેમનું રહેઠાણનું સરનામું : Current Address | ફોન નં.-ઘર (કોડ) Resi.No. | મોબાઈલ નંબર Mob.No. | ઈ.મેઈલ. Email.ID | અન્ય માહિતી |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |

સહી કરનારનું નામ : ______________________ કુટુંબની મુખ્ય વ્યક્તિની સહી______________________

## શ્રી યશોભદ્રસૂરી ચરિત્ર - *શ્રી. જીવરાજ દેવજી મોતા*

ગુરૂ મહારાજે સંયમપાલનની યથાર્થ ક્રિયા શીખવી. સુધર્મને ગીતાર્થ કર્યો. કાળાનુક્રમે એમણે પોતાની સર્વ વિદ્યાઓ પાત્ર જાણીને એને આપી.

તદનંતર મુંડારા ગામ (જીલ્લા જોધપુરમાં સાદડીથી ૩ માઈલ) પર જ્યાં આજે ૨૦૦૦ ઘર જૈનોના અને એક મંદિર મોજુદ છે) માં શ્રી સંઘે મળીને પુનઃ બદરીદેવીનું આરાધન કર્યું, અને દેવીની સહાયથી સુધર્મમુનિ આચાર્યપદ અર્પણ કર્યું, ત્યારથી તેમનું નામ શ્રી યશોભદ્રસૂરી પાડવામાં આવ્યું.

નવીન સૂરીજી મહારાજ મહાન વૈરાગ્યવંત હતા. એમણે વિગયને વિકારનું કારણ સમજી તેનો ત્યાગ કર્યો હતો. સર્વક્ષા રૂક્ષ (લુખ્ખું) અનાજ અને તે પણ આઠ કવળ (કોળીયા) પ્રમાણ લેવાનો અભિગ્રહ લીધો હતો.

**પાલી પ્રવેશ**

સૂરીજી વિચરતાં વિચરતાં પાલી શહેરનાં પધાર્યા ત્યાં એ સમયે સૂર્યદેવનો બહુ પ્રભાવ હતો. લોકો બહુ શ્રદ્ધાપૂર્વક સૂર્યદેવની પ્રતિમાનું પૂજન કરતા હતા અને સૂર્ય પણ એના આરાધકોને ભાગ્યાનુસાર ફળ દઈ ઉદારતા બતાવતા હતા.

સૂર્યના મંદિર પાસે થઈને સૂરીજીને શૌચ માટે જવા આવવાનો માર્ગ હતો. એક દિવસે સૂર્યદેવે આચાર્યશ્રીની પરીક્ષા અર્થે એક માણેકની માળા રસ્તામાં ફેંકી દીધી. સૂરીજીએ તો તેની સામે દ્રષ્ટિ સરખીએ ન કરી. કારણ કે નિસ્પૃહસ્ય તૃણં જગત્ આ બનાવથી સૂર્યદેવ સૂરીજી પર બહુ પ્રસન્ન થયા. એક દિવસ વૃષ્ટિ કરી એમને માર્ગમાં રોકી લીધા. સૂરીજીએ જોયું કે હવે સમય થવા આવ્યો છે અને મારે કોઈ મકાનમાં ઉભા રહેવું જોઈએ. પાસે સૂર્યદેવનું મંદિર હતું. ઝટ અણુજાણહ જસુગ્ગહો કહીને મંદિરમાં પ્રવેશ કર્યો. તે વખતે સૂર્યદેવે પ્રત્યક્ષ આવી આંતરિક ભક્તિપૂર્વક સૂરીશેખરને નમન કરી કહ્યું : હે મુનિનાયક, હે યતિપતે, હે વૈરાગ્યસાગર, આપની કઠીન તપશ્ચર્યાથી, સાચા મુનિધર્મના પરિશીલનથી અને વિશુદ્ધ ભાવના આદિ આપના અનેક સદ્‌ગુણોથી પ્રસન્ન થઈ કાંઈક આપના ચરણોમાં ભેટ ધરવા ચાહું છું. સંતો હિ નતવત્સલાઃ। આશા છે કે મારી વિશુદ્ધ ભક્તિને આપશ્રીના હૃદયમાં થોડું સ્થાન મળશે." એમ કહી સૂર્યદેવે આચાર્ય મહારાજને કાંઈક સંયમને ઉપયોગી વસ્તુ આપવા પ્રાર્થના કરી.

સૂરીજીએ કહ્યું – "અમારે કોઈ વસ્તુનું પ્રયોજન નથી. ગુરૂકૃપાથી જે જોઈએ તે બધું છે. જો આપ કાંઈ દેવા ચાહતા હો તો એવું અંજન આપો કે તેના પ્રભાવ વડે હું સર્વ જીવોનું અવલોકન કરી શકું." સૂર્યે કહ્યું : "હું કાલે આપની ઇચ્છીત વસ્તુ હાજર કરીશ."

પુણ્યૈઃ સભાવ્યતે પુંસાં અસંભાવ્યમપિક્ષિતૌ ।। આ લોકોક્તિ સર્વથા સત્ય છે.

હેમચંદ્રસૂરીશ્વર સરસ્વતીનું આરાધન કરવા કાશમીર જતા હતા ત્યારે તેમના શીલ અને તપના પ્રભાવથી સરસ્વતીદેવી સામે આવ્યા કારણ કે એમની પ્રવૃત્તિ માત્ર પરોપકાર માટે હતી. આર્યરક્ષિતસૂરિજીની ઇચ્છા ન હતી છતાં ઇંદ્રરાજ ચરણોપાસના કરતા હતા. વજસ્વામીના સદ્‌ગુણથી આકર્ષાઈ એક શ્રેષ્ટિ પોતાની રૂક્મિણી નામે કન્યા અને ક્રોડ સોનામહોર દ્રવ્ય આપવા તૈયાર થયો. પણ વજસ્વામીએ તેનો સાફ ઇનકાર કર્યો. તીર્થંકર દેવોના પાંચ કલ્યાણકોમાં કરોડો દેવદેવીઓ ચોસઠ ઇંદ્ર સહિત સપરિવાર સેવા કરવા હાજર રહે છે.

બીજે દિવસે સોનાની પોથી જેમાં મંત્ર સાધનનું વિધાન હતું અને ત્રૈલોકયદીપક અંજન લઈ સૂર્યદેવ સૂરીજી પાસે આવ્યા. સૂરીજીએ બન્ને વસ્તુઓનો લોકોપકાર નિમિત્તે સ્વીકાર કર્યો અને ધર્મલાભપૂર્વક ધર્મદેશના કહી સૂર્યદેવને વિસર્જન કર્યા. એ પુસ્તકમાંથી કેટલાક મંત્રો સાધી પોતાના બલીભદ્ર નામના શિષ્યને હાથે પાછી મોકલી આપી. આચાર્ય યશોભદ્રસૂરીજીને તે મહાતપ અને વિશુધ્ધ સંયમના પ્રભાવ વડે આઠ સિદ્ધિ "અણિમા, લિઘમાં આદિ પ્રાપ્ત થઈ સૂર્ય દેવે આપેલી તમામ વિદ્યાઓ આચાર્ય મહારાજે સિદ્ધ કરી. તપસા કિં ન સિધ્યતિ ।। આકાશગામિની વિદ્યાને સાધી સૂરીશેખરે ચંપાપુરી, અષ્ટાપદ, સમ્મેતશિખર, શત્રુંજય અને ગિરનાર એ પાંચ તીર્થોની નિત્ય યાત્રા કરી આહાર લેવાનું પણ લીધું.

**સાંડેરાવ અને સૂરિજી.**

પાલીથી વિહાર કરી આચાર્ય શ્રી સાંડેરાવ પધાર્યા. ત્યાં શ્રી સંઘના સહેવાથી પ્રતિષ્ઠાનું મુહૂર્ત આપ્યું. પ્રતિષ્ઠા મહોત્સવનો આરંભ થયો. બહારના લોકો ધાર્યા કરતાં વધારે આવ્યા. શ્રી સંઘે એકઠી કરેલી સામગ્રીમાં ઘી ખૂટ્યું. તે વાત સૂરીજીને ખબર પડી. ત્યારે તેમણે પાલી શહેરના શ્રેષ્ટિ ધનરાજના ઘેરથી વિદ્યાના પ્રભાવે ઘી મંગાવ્યું. પ્રતિષ્ઠા સમાપ્ત થયા બાદ બહારનો સંઘ વિદાય થયો. સૂરીજીની આજ્ઞાથી પ્રતિષ્ઠા કરાવવાવાળો સદ્‌ગ્રહસ્થ રૂપીઆ લઈ પાલી ગયો અને ધનરાજને મલ્યો. રૂપીઆ આપવા માંડયા ત્યારે ધનરાજે કહ્યું "મેં તો ઘી આપ્યું નથી તો આપ શેની કિંમત આપી રહ્યા છો?" ગૃહસ્થે પોતાની અસલ કહીકત કહી સંભળાવી. ધનરાજે ઘીના

ઘડા જોયા તો ખાલી જોવામાં આવ્યા, તેથી આશ્ચર્ય પામી કહ્યું, "આપ પુણ્યાત્મા છો તેથી આચાર્યશ્રીએ આવા ઉત્તમ કાર્યમાં ઘીનો સદુપયોગ કર્યો. મને આકસ્મિક લાભ થયો છે તેથી કિમતને બદલે અનુમોદના બસ છે. શ્રી સંઘના અને ગુરૂમહારાજના પ્રતાપથી મને ધનની કાંઈ કમી નથી. શ્રી સંઘની ભક્તિ કરવામાં જ્યારે ઘી ખૂટ્યું ત્યારે કૃપાળુ ગુરૂ મહારાજની મારા જેવા દાસ સુધી પોતાની અમીદ્રષ્ટિ પહોંચી, અને મારા ઘરની વસ્તુથી શ્રી સંઘનો સત્કાર થયો એ જાણીને મારૂં ચિત્ત બહુ પ્રસન્ન થયું છે. જન્મોજન્મ એવી સંપત્તિ વડે મને ગુરૂ મહારાજની કૃપાવડે ઇચ્છીત લાભ થાય. એમ કહી ધનરાજે વિદાય આપી. પ્રતિષ્ઠા કરાવનાર શ્રાવકે સૂરીજી પાસે આવી સર્વ હકીકત પ્રકટ કરી સૂરીજીએ કહ્યું "કે તમને એમ કરવું ઉચિત હતું અને ધનરાજે જે કર્યું તે તેને ઉચિત હતું.

**આઘાટમાં ચૈત્યપ્રતિષ્ઠા અને અવધૂત સમસ્યા**

આચાર્ય મહારાજ ત્યાંથી વિહાર કરી ચિતોડ પધાર્યા. અહીં મેવાડ દેશના આઘાટ નગરમાં અલ્લટ રાજાના મંત્રીએ એક મંદિર તૈયાર કરાવ્યું અને જિન પ્રતિમાની પ્રતિષ્ઠા કરવા માટે સૂરીમહારાજને આમંત્રણ કર્યું. એક દિવસે આચાર્ય મહારાજશ્રી સંઘ સાથે ચૈત્યપરિપાટી (મંદિરોના દર્શન કરવા) નીકળ્યા. રસ્તામાં એક અવધૂત જતો દહતો. એણે હાથમાં કાંઇ ચિત્રામણ કર્યું; નાકને દીવાની શિખા જેવું બનાવ્યું મોં ભયાનક બનાવ્યું; અને બન્ને હાથ ઉંચા કરી બતાવ્યા. પૂજ્ય આચાર્યશ્રી તેનો માર્મિક ભાવ સમજી ગયા. એમણે પોતાના બન્ને હાથ ઘસી કાળા કરી બતાવ્યા. અવધૂત બહુ ચમત્કાર પામી નમ્રભાવથી આચાર્ય મહારાજનાં ચરણોમાં શિર નમાવી પોતાને સ્થાનકે ચાલ્યો ગયો.

આચાર્ય અને અવધૂતની આ પારસ્પરિક સમસ્યાઓને ન સમજી શકવાથી શ્રીસંઘે પૂછ્યું : "આ શું બનાવ બન્યો?"

સૂરીજીએ કહ્યું, "ઉજજયીની નગરીની બહાર મહાકાલના મંદિરમાં દીપકની બત્તીને ઉંદરો ખેંચી લઈ ગયો. તેથી મંદિરની અંદર અગ્નિનો ઉપદ્રવ થયો. તે અવધૂતે દેવતાના બળથી તેને બુઝાવી નાખી." (આવી જ એક ઘટના કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરના બારામાં કુમારપાળ ચરિત્રમાં જોવામાં આવે છે.) રાજાએ આ વાતની ખાત્રી કરવા પોતાના નોકરને ઉજજયીની મોકલી સર્વ વૃત્તાંત પુછાવ્યું. ત્યાં નિશ્ચય થકી જાણ્યું કે અમુક દિવસે અમુક વખતે મંદિરમાં આગ લાગી હતી અને શાંત પણ થઈ ગઈ હતી. રાજા આ વૃત્તાંત સાંભળી ઉત્કૃષ્ટ ભક્તિપૂર્વક સૂરીશેખરને નમસ્કાર કરી શ્રી જિનધર્મને સર્વોત્તમ માનવા લાગ્યો. ("પ્રકાશ"ના ૧૯૩૩ના અંકમાંથી)


## કચ્છમાં જમીન રોકાણ

અમારા મારફતે લેવાયેલ મુંદ્રા તાલુકામાં આવેલ **સન સીટી નં.૨**, સર્વે નં.૨૮૭ N.A. થઈ જતાં હવે સનસીટી ૧, સનસીટી ૨ ના સભ્યોને (સર્વે નં.૨૮૭) પોતાના પ્લોટ નંબરોની બદલી, લે-વેંચ કે જો તેના દસ્તાવેજ બનાવવા માંગતા હોય તો આપના પ્રતિનિધીશ્રીઓનો તુરંત સંપર્ક કરવા વિનંતી છે. લક્કી ડ્રો યોજના મુજબ બાકીના લાભ મળવાના હક્કો ચાલુ રહેશે. અન્ય પ્રોજેક્ટ પણ NA. થઈ જવાની સંભાવના છે.

**વધુ વિગત માટે સંપર્ક :**
**શ્રી લબ્ધિ મોમાયા**
**ભલારાદાદા એસ્ટેટ એજન્સી**
**પરિવાર-ગાંધીધામ**

## મનગમતા પાત્રની શોધ

જીવન છે જીવવા જેવું માણવા જેવું એમાં જો સાથી મળી જાય મનગમતું તો તો વાત જ શું કરવી. મનગમતા સાથીની ખોજ હવે નથી મુશ્કેલ. આવો, અસાંજો કચ્છ ડોટ કોમની વેવિશાળ સેવાના વિશાળ ફલક પર અને હજારો, લાખો માઇલ ભલે ને દૂર હોય મનગમતું પાત્ર પણ આપ સહેલાઈથી તેને શોધી શકશો અને પામી શકશો. તો આજેજ અસાંજો કચ્છ ડોટકોમની વેવિશાળ સેવાનો લાભ લો.

**સંપર્ક : દિપક કારાણી**
**29674007 / 8 / 9 / 9969674905**
**Registrar online on : www.asanjokutch.com/matrimonials**

## પાસ થયા – હાર્દિક અભિનંદન !



ચાંદની વિજય ખોના
(રંગપુર-પુના)
M.Com.,C.S.-1st Class%
Exceutive Programme

રાજ નરેશ પટેલ (ડોંબિવલી)
SSC-84%


**विद्या मनुष्य की आंतरिक संपदा है ! इसका जीतना व्यय किया जाता है, यह उतनी ही बढती है!''**

**- *आचार्य तुलशी***
तेरा पंथ के स्थापक

## ઇતિહાસ પ્રકાશ : નલિયા અને ત્યાં થયેલ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસવાટ...

સંશોધન કરી રજૂ કરનાર : **શ્રી. જીવરાજ કરમશી શાહ** (ક.દ.ઓ. પ્રકાશ-સમિતિના સભ્ય)
મુખ્ય માહિતી પૂરી પાડનાર : **શ્રી વર્ધમાન રામજી હંસાણી અને શ્રી હીરજી કાનજી**
સંપાદન : **શ્રી વીરચંદ ધરમશીના માર્ગદર્શનમાં ચંદ્રસેન મોમાયા**

સંપાદકીય નોંધ : **આ નલીયા વિશેની માહિતીનો બીજો ભાગ છે અને તેમાં મુખ્યત્વે નલિયામાં ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસવાટ અને પ્રારંભિક મુખ્ય વ્યવસાય ખેતીવાડી અને ગૃહ ઉદ્યોગ અંગે વિગતે વાત થયેલી છે.**

નલીઆમાં આપણું (ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું) આગમન સં. ૧૬૭૦ (ઇ.સ.૧૬૧૪) ની પછી થયું હોવાનું અનુમાન મળે છે કારણ કે સં. ૧૬૮૦-૯૦ (૧૬૨૪-૩૪)માં નલીયામાં દશા ઓશવાળોની વસતિ હતી એવા ઐતિહાસિક પૂરાવાઓ સાંપડે છે. આમ શહેર વસ્યા પછી ટૂંક સમયમાં જ આપણાં જ્ઞાતિભાઈઓનું નલીયામાં આવવું થયું છે, એમ ચોક્કસ થઈ શકે છે.

ગામની સ્થાપના પછી તેને મોટું શહેર બનાવવા અને તેને વિકસાવવા ત્યારના ઠાકોર તરફથી આજુબાજુની વસતિને દરેક પ્રકારની સગવડ આપવામાં આવી હોય, તેમ જણાય છે, છેક હમણાં (ઇ.સ.૧૯૩૦) સુધી આપણા ભાઈઓ ઠાકોર તરફથી મળેલી ગોખરૂ જમીનનો ભોગવટો ભોગવતા આવ્યા છે, એ તેનો પૂરાવો છે.

આપણને ગુજરાન અર્થે જ્યાં જ્યાં વિશેષ છૂટછાટ, સગવડ ને હક મળતાં ગયાં ત્યાં ત્યાં તે ગામોમાં આપણા વસવાટનો વિકાસ થતો ગયો. આ સમયમાં આજુબાજુના પ્રદેશમાં કચ્છ નરેશની સાર્વભૌમ સત્તા ન હતી પણ જુદા જુદા જાડેજા ભાયાતો એટલે ઠાકોરોના હાથમાં થોડો થોડો પ્રદેશ વહેંચાયલો હતો. નવાં ગામડાંઓ વસતાં હતાં એટલે જ નવાં ગામો વસાવવામાં વસતિને જ્યાં સુગમતા પડતી ગઈ ત્યાં વસતિ ઉત્તરોત્તર વધતી ગઈ અને એવાં ગામો વખત જતાં ગામડાંમાંથી શહેરના રૂપમાં ફેરવાઈ ગયાં.

જ્ઞાતિબંધુઓમાંથી નલીયામાં પ્રથમ આવનાર તરીકે નાગડા ગોત્રનું પટેલ કુટુંબ (પટેલ હીરજી ભવાનજીના પૂર્વજો) હોય એમ નક્કી થાય છે, કેમકે નલીયામાં જૂનામાં જૂનું ફળીઉં નાગડાઓનું છે. આ વાત વધુ નિશ્ચિત તો એથી બને છે કે ઠાકોરોની સત્તા હતી ત્યાં સુધી ગામના પટેલ (નગરશેઠ) તરીકેની પાઘડીનું માન ઠાકોરો તરફથી નાગડા ગોત્રનાં આ કુટુંબને મળતું. અગાઉ એવો રિવાજ હતો કે ગામમાં રાજકર્તા તરફથી જમીન વગેરે બક્ષિસ મળતી, જે મુજબ નાગડા ગોત્રનાં કુટુંબોને જમીન મળેલી છે જે પટેલના અઝોર તરીકે અદ્યાપિ (ઇ.સ.૧૯૩૮) પર્યંત ઓળખાય છે. ઉપરાંત શહેરમાં પણ નાગડાઓ તથા લુહાણા જ્ઞાતિના ભાઈઓને પટેલો તરીકે જમીનો બક્ષિસ મળેલી છે, જેમના ઉપર બંધાયેલી મેડીઓનાં અવશેષ હજી (ઇ.સ.૧૯૩૮માં) મોજુદ છે. આ ઉપરથી સાબિત થાય છે કે નલીઆમાં પહેલવહેલું આગમન નાગડા ગોત્રીઓનું થયું હતું. અત્રે એ યાદ અપાવવાની જરૂર છે કે ટીલાત (ઠોકારો)ના પટેલ (રેવન્યુ પટેલ) તરીકે મોતા ગોત્રનાં કુટુંબીઓ (શ્રી ભાણજી કાંયા અને તેમના પૂર્વજો) હતા.

નાગડા ગોત્રીઓના વસવાટ પછી અન્ય ગોત્રીઓ પણ આવવા માંડ્યા, જેમાં ખોના, લોડાયા, મોતા વગેરે ગોત્રોનાં કુટુંબોનો સમાવેશ થાય છે અને જે મુજબ ફળીઆ વસેલાં છે. મુખ્યત્વે આગમન ગરડા પ્રાંતના ચરોપડી, વાઈયોર, અકરી, બુટા વગેરે ગામોમાંથી થતું રહ્યું. છેડા ગોત્રના ભાઈઓ છેક સં. ૧૮૨૫ (ઇ.સ.૧૭૬૯) આસપાસ નલીઆમાં આવ્યા છે. તેમનો મૂખ્ય વસવાટ દોઢ ગાઉ દૂર સુડધ્રો (દક્ષિણ)માં હતો, પણ ત્યાંના ઠાંકોર સાથે અમૂક બાબતમાં અણબનાવ થવાથી આ ગોત્રનાં ૫૦/૬૦ કુટુંબો પોતાની જમીન, ખોરડાં મૂકીને સુડધ્રોને છેલ્લાં રામરામ કરી સુડધ્રો ગામનું પાણી હરામ કરી નલીઆમાં આવી વસ્યાં. વાત એમ બની કે ગામના કુંવરે ભતાર લઈ જતી કોઈ જ્ઞાતિબાઈ પાસે અઘટિત માગણી કરી. બાઈએ કહ્યું : હું ભતાર આપીને આવું છું, ત્યાંસુધી તમે થોભો; નહિ તો ભતાર વેળાસર નહિ પહોંચતા ખેડૂ તપાસ કરતો આ તરફ આવશે. બાઈ આમ ચાલાકી કરીને છૂટી તો ગઈ, પણ ખેડૂ પાસે જીભ ઉપડે નહિ, બાઈનો ઉદાસીન તેમ જ ગભરાએલો ચહેરો અને આખમાં આંસુ દીઠાયા ખેડૂને વહેમ ગયો. છેવટે વાતની જાણ થતાં આ ખેડૂએ બીજા જ્ઞાતિખેડૂઓને વાત કરતાં તેમણે યુક્તિ રચી. તેઓ એક નાની સંખ્યામાં એકઠા થયા ને બાઈને આગળ કરી, ગામ તરફ વળ્યા. માર્ગમાં કુંવર રાહ જોતો ઉભો હતો, જે આ બધાને જોઈ ભોંઠો પડી ચાલ્યો ગયો. રાતે મહાજન ખાનગી રીતે ભેગું મળ્યું અને હવે અહીં રહેવામાં સલામતી

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન,**

નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી-એલીસબ્રિજ, અમદાવાદ-380 009. ફોન 26578992, 2658 1501

## લગ્નોત્સુક યુવક-યુવતી પાંચમું પરિચય સંમેલન - ૨૦૧૨

**રવિવાર, તા.૧૬-૧૨-૨૦૧૨**

ઉમેદવારનો પાસપોર્ટ સાઈઝનો ફોટો

૧) ઉમેદવારનું સંપૂર્ણ નામ : ____________________

(નામ) (પિતાનું નામ) (દાદાનું નામ) (અટક)

૨) માતાનું નામ : ____________________

૩) કચ્છમાં મૂળ વતન __________ તાલુકો __________

૪) જ્ઞાતિ : કે.વી.ઓ. ☐ ગુર્જર શ્રીમાળી દશા / વીસા ☐

કે.ડી.ઓ. ☐ વાગડ બે / સાત ચોવીસ ☐ અન્ય __________

૫) સંપ્રદાય : દેરાવાસી / સ્થાનકવાસી / અન્ય __________

૬) જન્મ તારીખ : __________ જન્મ સમય : __________ જન્મ સ્થળ : __________

૭) અભ્યાસ : __________ ઉમેદવારનો વ્યવસાય / નોકરી : __________

૮) ઉમેદવારની વાર્ષિક આવક : આશરે રૂ. __________

૯) વ્યવસાયનું સરનામું : __________

____________________

૧૦) ઉમેદવારની પિતાશ્રીનો વ્યવસાય / નોકરી : __________ ★ કુંડળીમાં માનો છો? હા/ના ★ મંગળ / શની : છે / નથી

૧૧) ઘરનું સરનામું : __________

____________________

____________________

૧૨) ફોન નંબર (કોડ સાથે) __________ ઘર __________ ઓફિસ __________ મોબાઈલ __________

રહેણાંક : પોતાનું/ભાડાનું? __________ ભાઈ __________ બહેન __________

૧૩) ઉમેદવાર સાથે રહેતા સભ્યોની માહિતી :

| ક્રમ | સંપૂર્ણ નામ | ઉમેદવાર સાથે સંબંધ |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |
| ૫. | | |

૧૪) ઉમેદવાર સાથે સંમેલનમાં સાથે હાજર રહેનાર સભ્યની માહિતી :

૧) ____________________ સંબંધ __________

૨) ____________________ સંબંધ __________

૧૫) અમદાવાદ સ્થિત સંબંધીના નામ, ફોન / મોબાઈલ નંબર : __________

____________________

૧૬) સારૂં પાત્ર મળે તો અમદાવાદ સિવાય બીજે ગામ જવા સંમત છો? હા / ના __________

૧૭) અન્ય વિગત : પસંદગી / શોખ __________

૧૮) ૧) કુંવારા ૨) વિધુર/વિધવા ૩) છુટાછેડા ૪) સગપણ છૂટા થવા

૧૯) અન્ય માહિતી : __________

**તા.૧૬-૧૨-૧૨ના** સગપણ પરિચય મિલન છે. વ્યક્તિ દીઠ રૂા.૫૦૦/- પ્રવેશ ફી છે. નોંધણીની છેલ્લી તા.૨૦-૧૧-૧૨ સુધીમાં કાર્યાલયે મળે તેમ નામ મોકલવા. જવા-આવવાની તમામ વ્યવસ્થા ભાગ લેનારે કરવાની રહેશે. તા.૧૬-૧૨-૧૨ની વ્યવસ્થા સંસ્થા તરફથી રહેશે. અગાઉથી જણાવાશે તો ૧૫-૧૨-૧૨ના ઉતાની વ્યવસ્થા થઈ શકશે. વધુ માહિતી સંસ્થા કાર્યાલયેથી જાણી લેવી.

નથી સમજી, નલીઆના ઠાકોર સાથે અમુક શરતો નક્કી કરી, રાતોરાત ઉચાળો ભરી ગયા. છેડા તથા પીર (લોડાયા) ગોત્રનાં આ ૫૦/૬૦ કુટુંબોનો મોટો ભાગ નલીયામાં આવી વસ્યો, જ્યારે થોડો ભાગ સુથરી ખાતે પણ ચાલ્યો ગયો, હજી પણ છેડાઓ સુડધ્રોનું પાણી પીતા નથી. આમ છેડા ફળીઉં છેક છેલ્લું વસેલું છે.ત્યાર પછી રામપર, સુખપર તથા વડસરમાંથી પણ ઘણાં કુટુંબો આવી વસ્યાં છે; જો રહી રહીને ગરડી પ્રાંતનાં અકરી ગામમાંથી સિત્તેરેક વર્ષ ઉપર જ લોડાયા ગોત્રનું કુટુંબ (રાજી જેઠાભાઈના વડિલો) અહીં આવી વસ્યું છે.

નલીયામાં આપણા ભાઈઓએ વસવાટમાં ખૂબ ખૂબ વિકાસ સાધ્યો છે. કચ્છનાં આપણી જ્ઞાતિનાં વસવાટવાળાં ગામો કરતાં વસતિમાં નલીયા અગ્રપદ ભોગવતું થયું અને હજી ભોગવે છે. આ વૃદ્ધિનું કારણ આજુબાજુનાં ગામડાંઓ કે જેમાં આપણી જ્ઞાતિનાં બેપાંચ કુટુંબો વસતાં હતાં તેઓ તે ગામોનો ત્યાગ કરી જ્ઞાતિના બહોળા સમુહવાળાં ગામમાં ધર્મ અને અર્થ બન્ને સચવાશે એમ સમજી આવતાં ગયાં.

વસતિનો આ વધારો છેક સં.૧૮૬૦ (ઈ.સ.૧૮૦૪) સુધી ચાલુ રહ્યો. આ સમયે જ્ઞાતિનાં આશરે ૪૫૦ ઘર હતાં અને જનસંખ્યા આશરે ૧૯૦૦ ઉપર હતી. કચ્છનાં અન્ય ગામો કરતા અહીં કુલ વસતિના હિસાબે આપણું પૂર હતું.

"ભરતી પછી ઓટ"ના ન્યાયે સં.૧૮૬૦ (ઇ.સ.૧૮૦૪) પછી સ્થાનિક વસતિમાં ક્રમેક્રમે ઘટાડો થતો ગયો. વરસ ઉપર વરસ કઠણ આવતાં ગયાં. ખેતીવાડીના ધંધામાં ઝાઝો કસ રહ્યો નહિ, એટલે ભાટીઆઓની માફક આપણું ધ્યાન પરદેશ પ્રતિ વળ્યું અને સં. ૧૮૫૬ (ઇ.સ. ૧૮૦૦) માં નલીયામાંથી પહેલવહેલા જ્ઞાતિશિરોમણી શેઠ નરશી નાથાએ પોતાના પિતાશ્રી સાથે હરબોરાનું ભાતું લઈ જખૌ બંદરેથી વહાણમાં બેસીને મુંબઈ તરફ પ્રયાણ કર્યું. આ પછી ધીમે ધીમે દેશાવર પ્રતિ પ્રયાણ ચાલુ જ રહ્યું. વધુ દેશાટન તો સં. ૧૯૦૦ (ઇ.સ.૧૮૪૪) ની સાલ પછી જ થયું. જ્યારે સંખ્યાબંધ જ્ઞાતિભાઈઓ પરદેશમાં જવાથી થતી કમાણી પ્રત્યે આકર્ષાયા. આ પહેલાં શેઠ નરશી નાથાની માફક થોડાક ભાઈઓ સં. ૧૮૯૦ (ઇ.સ. ૧૮૩૪) ની આસપાસ વર્ધમાન નેણસી નાગડા, ભોજરાજ દેસર ખોના, હીરજી ઉકેડા નાગડા, શામજી ભીમસી કોટવાળા, ભીમસી પસાયા ઘૂમ, ભારમલ પરબત છેડા; એ પછી થોડાં વર્ષો રહીને ગંગાજર સોદે નાગડા, વસનજી લાલજી વિરાણી, માલસી દેવરાજ નાગડા, કાનજી લધા લોડાયા, લાડણ ખીમજી નાગડા તથા લાલજી શામજી ઘૂમ, વગેરે નીકળ્યા. આજ અરસામાં મુંબઈ થઈને સીધા દેશાવર ખેડનારાઓમાં અરજણ લધા ખોનાના વડિલો ધુલીયા ખાતે, લીલાધર લખમશી ઘુમ અમરાવતી ખાતે, સોદે મુરા નાગડા વરાડ પ્રાતમાં અને શામજી ગંગાજર (બાબા) આકોટ ખાતે જઈ વસ્યા. સં.૧૯૨૫ (ઇ.સ. ૧૮૬૯) સુધીમાં અન્ય સંખ્યાબંધ ભાઈઓએ નલીયા છોડીને દેશાવરમાં વસવાટ કર્યો, જેમાં ખાનદેશ, વરાડ, કારવાર અને ધારવાડ પ્રાંતો મુખ્યત્વે હતા. આમ સ્થાનિક વસતિ ઓછી થતી ગઈ.

સં. ૧૯૫૮ (ઇ.સ.૧૯૦૨)માં કોલેરા, સં. ૧૯૬૦ (ઇ.સ. ૧૯૦૪) તથા ૧૯૬૪ (ઇ.સ.૧૯૦૮) માં મરકી અને સં. ૧૯૭૪ (ઇ.સ.૧૯૧૮)માં ઈન્ફલુએન્ઝ વગેરે રોગચાળામાં પણ સંખ્યા મોટા પ્રમાણમાં ઘટી. ઈન્ફલુએન્ઝા વખતે નલીયામાં રોજનાં ૧૦૦ મરણ થતાં જેમાં આપણાં ૩૦/૩૫ નોંધાતા. આ વર્ષમાં વસતિમાં ઘણો ઘટાડો થયો. એકંદર સં. ૧૮૬૦ (ઈ.સ. ૧૯૦૪) થી સં.૧૯૭૫ (ઇ.સ.૧૯૧૯) સુધીમાં એટલે કે ૧૧૫ વર્ષના ગાળામાં સ્થાનિક વસતિમાંથી દેશાંતર થવાથી અને ભયંકર રોગોના ભોગ બનવાથી અડધોઅડધ ઘટાડો થયો.

સં.૧૯૮૧ (ઇ.સ.૧૯૨૫) માં આપણી જ્ઞાતિની થએલી વસતિ-ગણત્રી મુજબ નલીઆમાં જ્ઞાતિબંધુઓની કુલ વસતિ ૧૩૭૭ની હતી, જેમાં પુરુષો ૬૯૦ અને સ્ત્રીઓ ૬૮૭ હતાં. સ્થાનિક વસવાટ કરતાં સ્ત્રી-પુરૂષોની સંખ્યા ૫૫૧ ની હતી. ગોત્રો મુજબ નાગડા ૪૪૪, ખોના ૨૪૨, લોડાયા ૨૩૮, છેડા ૧૩૯, મોતા ૧૦૦, મોમાયા ૬૦, ધરમશી ૩૭, મૈશેરી ૩૪, લાલકા ૩૩, લાપસીયા ૨૩, ધુલ્લા ૧૫, દંડ ૧૧ અને હેફા ૧ની કુલ વસતિ હતી.

છેલ્લા દસ વર્ષમાં એટલે કે સં. ૧૯૮૧ (ઇ.સ.૧૯૨૫) થી ૧૯૯૧ (ઇ.સ.૧૯૩૫) નલીયાની કુલ વસતિમાં ૩.૨૦ ટકાનો વધારો થયો છે. એટલે કે કુલ સંખ્યા ૧૪૨૧ની છે. જેમાં પુરુષો ૬૮૨ અને સ્ત્રીઓ ૭૩૯ છે. આખી જ્ઞાતિમાં આ મુદતમાં થએલા ૫.૧ ટકાના વધારા સાથે સરખાવતાં નલીયાની વસતિમાં ૧.૮૧ ટકાનો ઘટાડો થયો કહેવાય; જ્યારેસ્થાનિક વસવાટમાં ઘણો વધારો થયો છે. આ સંખ્યા સ્ત્રી-પુરૂષો મળી ૬૯૦ની છે, જેમાં પુરુષ ૩૨૦ અને સ્ત્રી ૩૭૦ છે. ગોત્રો મુજબ નાગડા ૪૭૧, ખોના ૨૪૯, લોડાયા

## સનસીટી ડેવલપર્સ-ભુજ

**સનસીટી-૧**

**૨૯મી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 371 | TVS વીક્ટર | ભવાનજી વેલજી લોડાયા-મુંબઈ | વિધાતા મોતા |

કોમ્પ્યુટર સેટ : ૬૬૫, હેન્ડીકેમ કેમેરો : ૧૨૭૫, ફ્રિઝ ૨૩૦ લિ. ૯૭૮,
આટા મેકર : ૫૫૩, ફ્રિઝ : ૪૫૫, ટીવી ૨૦" : ૬૮૬, વોશીંગ મશીન : ૧૪૮૩

**-: આશ્વાસન ઈનામો :-**

(૪ થી ૫ ઓવન) : ૧૫૭૪, ૧૫૩૫
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૧૪૩૨, ૩૯૯, ૨૫, ૯૪૨, ૧૫૮
(૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૬૨૫, ૭૬૩, ૮૬૫, ૩૨૯, ૨૯
(૧૬ થી ૨૫ સેન્ડવીચ મેકર) : ૬૨૧, ૧૧૭, ૧૭૬, ૭૦, ૧૯૪૦, ૧૮૬૮, ૧૭૧૩, ૭૬૧, ૧૦૩૯, ૩૬૫
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૧, ૧૭, ૬૮, ૧૧૪૨, ૧૪૪૩, ૩૩૦, ૧૬૭૪, ૧૩૬૩, ૧૩૫૯ ૧૪૮૪
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૧૦૧૬, ૩૦૬, ૮૭૬, ૧૬૫૩, ૧૫૨૪, ૧૦૫૮, ૭૬૮, ૧૫૩૬, ૯૧૨, ૧૨૪૭
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૨૬૩, ૧૧૨૦, ૫૩, ૧૬૩૨, ૪૮૨, ૭૯૧, ૯૬૪, ૬૭૩, ૪૩૪, ૧૫૮૩, ૧૧૬૧, ૧૯૬૩, ૪૫૦, ૬૧૪, ૧૩૪૦, ૧૯૮૪, ૧૪૯૮, ૩૪, ૧૯૧૭, ૯૦૮
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૨૬૫, ૩૭૮, ૩૪૫, ૨૪, ૪૮૧, ૧૪૮૨, ૧૨૬૯, ૯૬૨, ૩૧૨, ૫૯૧, ૧૪૪૯, ૧૩૭૪, ૧૧૩૪, ૧૨૨૨, ૧૩૬

**૩૦મી મિટિંગ તા.૯-૧૧-૧૨ એકમ ભવન ભુજ મધ્યે.**

ભૂલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99096 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**



## મહાવીર બંધેજ - ફોન : 24010597

**મહાવીર બીલ્ડીંગ કંપાઉન્ડ, માટુંગા (CR)**

**SALE 20% *Discount***

- પ્યોર ક્રેપ, જ્યોર્જેટ, સામો બાંધણી.
- પ્યોર ગજી, કોટન ગઢવાલ, કોટા બાંધણી.
- ઉપાડા, કટવર્ક ઉપાડા, તિલકી કેપ બાંધણી.
- ફેન્સી એમ્બ્રોયડરી બાંધણી તથા ચણિયા ચોળી
- ફેન્સી પાનેતર, બાંધણી, લહેરીયા
- રીયલ અને ટેસ્ટેડ ઘરચોળા, મલ્ટી ઘરચોળા
- જામેવાર તથા પટોળામાં ફેન્સી બાંધણી
- ઘરચોળા બાંધણી માટે ફેન્સી બોર્ડર તથા ડિઝાઈનર બ્લાઉઝ

**ALL DAYS OPEN UPTO DIWALI**


## હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા !



**શ્રી હરીશભાઈ શાહ**

**પ્રમુખશ્રી - કોઈમ્બતુર ગુજરાતી સમાજ**

સાદર નમસ્કાર,

શ્રી કોઈમ્બતુર ગુજરાતી સમાજના પ્રમુખપદે ચુંટાયા બદલ લાખ... લાખ અભિનંદન ! વરસો સુધી આજ સમાજના મહામંત્રીપદે રહી ચૂકેલા આપના સેવાકાર્યોની યાદી લાંબી છે. જૈન સમાજથી માંડી સમસ્ત ગુજરાતી સમાજને સાંકળી લેતી આપની સુદીર્ઘ કારકિર્દી આપના તરફ સન્માનભેર નમન કરવા પ્રેરે છે. તેમાંય વિશ્વ ગુજરાતી સમાજના ઉપાધ્યક્ષપદે આપનું હોવું એ આપના જીવનની યશકલગી સમાન ઘટના ગણાવી શકાય. એક "કચ્છી ભાવર" તરીકે અમે ગૌરવ અનુભીએ છીએ. ઉચ્ચ હોદાઓ ઉપર રહ્યા પછી પણ આપની દ્રષ્ટિ સદૈવ સામાન્ય માનવીઓ તરફ રહી છે. દક્ષિણ ભારતના વિધવિધ સામાજિક કાર્યોથી માંડી કચ્છના ભૂકંપગ્રસ્તો માટેની આપની સેવાઓ અવિસ્મરણીય છે. ભુજના દક્ષિણ ભાગે આવેલી કોવઈનગર વસાહત એનું સાક્ષીરૂપ દાખલો છે.

ઉદારતાના અક્ષયપાત્ર એવા આપના હાથે થયેલા સત્કાર્યોને કયા શબ્દોમાં બિરદાવીએ? અમે તો એટલું જ પ્રાર્થીએ કે, પ્રભુ આપના ધ્વારા આવા ઉત્તમોત્તમ કાર્યો કરાવતા રહે અને તે માટે આપને આરોગ્યપૂર્ણ દિર્ઘાયુષ્ય પ્રદાન કરે એવી શુભેચ્છા...

**આપનો જ કોવઈનગર પરિવાર-ભુજ**

૨૫૧, છેડા ૧૩૭,મ ોતા ૧૦૨, મોમાયા ૯૫, લાલકા ૩૭, ઘરમશી ૩૩, મૈશેરી ૨૬, લાપસીયા ૨૪, દંડ ૧૫, ધુલ્લા ૧૧ ની કુલ વસતિ છે.

સ્થાનિક વસતિમાં આ મોટા વધારાનું કારણ એ છે કે છેલ્લાં દસ વર્ષમાં મુંબઈ તથા દેશાવરો, ખાસ દેશાવરોમાં વેપાર-ઉદ્યોગના (મુખ્યત્વે રૂ) ધંધામાં કાતિલ હરિફાઈ અને મંદી પ્રવર્તે છે, જેથી ઘણાં કુટંબોને વતનમાં ફરજિયાત બેસી રહેવું પડ્યું છે.

મુંબઈ અને દેશાવરો ખાતે નલીયાવાસીઓ મખ્યત્વેસં.૧૯૮૧ (ઇ.સ.૧૯૨૫) માં મુંબઈમાં ૪૧૮, હુબલીમાં ૭૮, ગદગમાં ૫૪ એ ધુલીયામાં ૪૯ની સંખ્યામાં વસવાટ કરતા હતા, જ્યારે સં.૧૯૯૧ માં મુંબઈમાં ૩૮૮, હુબલીમાં ૫૭, ગદગમાં ૫૬ અને ધુલીયામાં ૨૪ હતા.

વર્તમાનમાં (ઇ.સ.૧૯૩૮) આપણાં ઘરોની સંખ્યા ૨૨૫ની ગણવામાં આવે છે. નાગડા, ખોના અને લોડાયા ગોત્રીઓનો અહીં મુખ્ય વસવાટ છે.

નાગડા ગોત્રના લુંભાણી કુટુંબના લુંભો અને નારદ જેવા જ્ઞાતિહિતચિંતકો; રામઈઆ અને પસાઈઆની ઉદાર અને શ્રદ્ધાળુ બંધુબેલડી જેમણે સાધર્મિક ભાઈઓને સોનામહોરની લ્હાણી કરી નલીઆને-ખાસ કરી આપણી જ્ઞાતિને કચ્છના એક ખુણાથી બીજા ખુણા સુધી, છેક ગુજરાતની સરદહ (રાધનપુર) સુધી વિખ્યાત બનાવી સં.૧૮૦૩ (ઇસ.૧૭૪૭) માં અચલગચ્છના આચાર્ય મુનિશ્રી ઉદયસાગરસૂરિશ્વરજીના હસ્તે વિદ્વાન પંડિત દેવશંકરે ગ્રહણ કરેલ જૈન ધર્મની દિક્ષા પ્રસંગે જ્ઞાતિભાઈઓએ ઉજવેલ અઠ્ઠાઈમહોત્સવનો વિશિષ્ઠ પ્રસંગ.

શરૂઆતમાં આપણો મુખ્ય ધંધો કૃષિકારનો હતો. એ સમયમાં એટલે સં.૧૮૭૫ (ઇ.સ.૧૮૧૭) પહેલા સિંધુના પ્રવાહથી કચ્છ ફળદ્રુપ દેશ હતો. કુદરતની સંપૂર્ણ કૃપા હતી. ધનધાન્ય સારાં પાકતાં એટલે આપણું જીવન ખેતીવાડી પૂરતું હતું.

ખેતીવાડી કરનારા ભાઈઓના હાથમાં નલીયાની જમીનનો મોટો ભાગ હતો. નલીયાની જમીન આપણા જ ભાઈઓ ખેડતા એમ કહીએ તો કંઈ ખોટું નથી. કેટલાક ભાઈઓ મોટા જમીનદાર હતા, જ્યારે કેટલાક ઠાકોરોના ખેડૂત તરીકે જમીન ખેડતા. પ્રત્યેક જ્ઞાતિભાઈ પાસે થોડી ઝાઝી જમીન તો હતી જ. કેટલાક ભાઈઓનો વસવાટ પરદેશમાં થતો જતો હોવાથી તેઓ પોતાની જમીન અન્ય ભાઈઓને ઉધડ ઠરાવીને, અથવા પોતાના નોકરચાકરો મારફત ખેડાવીને કે પોતાને ફાવતી બીજી રીતે ખેડવા આપતા. બહાર દેશાવરમાં વસનારા ભાઈઓ જેઓ સાધન સંપન્ન અને પૈસેટકે સુખી હતા, તેઓ તે વખતે નવી જમીનો ખરીદ કર્યે જતા હતા.

આજે (ઇ.૧૯૩૮)માં પણ ઘણા ભાઈઓ અફાટ જમીન ધરાવે છે જેઓને જમીનદાર કહી શકાય. કેટલાક ભાઈઓ પાસે આથી પણ વિશેષ જમીન એટલે કે અન્ય ગામડાંઓની જમીનનો મોટો ભાગ તેઓના તાબામાં હતો. જેઓ પાસે મોટી જમીનદારી હતી તેઓમાં શેઠ નરશી નાથા, ભોજરાજ દેસર ખોના, હીરજી ઉકેડા નાગડા તથા લાડણ ખીમજી નાગડા મુખ્ય થઈ ગયા. શેઠ નરસી નાથા હસ્તક હુકડાઉ, પરજાઉ, છાડુરા, વિઘાળે, નલીયા ગામોની જમીનનો મોટો ભાગ હતો. હીરજી ઉકેડા, લાડણ ખીમજી અને ભોજરાજ દેસર પાસે છાડુરા, નલીયા ગામની જમીનનો મોટો ભાગ હતો. સમય જતાં તેઓના વારસોએ આ જમીનનો મોટો ભાગ નલીયાની સ્થાનિક સંસ્થાઓને ધર્માદા તરીકે આપી દીધો. આજે (ઇ.સ.૧૯૩૮)માં પણ આ જમીનની ઉપજનો મોટો ભાગ આ સંસ્થાઓ જ ભોગવે છે.

ખેતીવાડી સાથે વાડી-બગીચાઓની ખીલવણીમાં જ્ઞાતિભાઈઓએ પણ લક્ષ આપ્યું હતું. જેઓમાં શેઠ નરશી નાથા અને પાસુ અરજણ નાગડાના બગીચા પ્રખ્યાત હતા. સંજોગોવશાત આ બગીચાઓ ધૂળધાણી થઈ ગયા.

આ ઉપરાંત નલીયાની બાજુમાં સાંયરા ગામે ઓળખાતા પટમાં લુંભાણી (નાગડા)ઓએ વાડીઓ જમાવી હતી. તેની સંભાળ અને રખેવાળી માટે તે પટ પર તેઓએ જગ્યા બાંધી (ખોરડાં કરી) ત્યાં જ કાયમનો વસવાટ કરી બેઠા હતા. અન્ય બેત્રણ કુટુંબોએ પણ આવી રીતે બીજા પટમાં પોતાનું સ્થાન જમાવ્યું હતું.

ખેતીવાડીના ધંધામાં આપણા ભાઈઓએ મેળવેલી પ્રવિણતા અને હોશિયારીથી આકર્ષાઈ લુહાણા, ભાટીયા આદિ કોમના ભાઈઓ પોતાની જમીન અને તેની ઉપજની પટેલાઈ (વહીવટ)નું કાર્ય આપણને સોંપતા અને તેઓ (ક.દ.ઓ.) આ કાર્ય પૂર્ણ ચીવટથી પાર પાડતા.

ગ્રામ્યઉદ્યોગના ધંધામાં વર્તમાન (ઇ.સ.૧૯૩૮) માં લાલજી ડાહ્યાભાઈ ખોના ઢોર ઉછેરનું કાર્ય કરી દૂધ-ઘીનો વેપાર કરે છે. રેંટીઓ ચલાવી સૂતર કાંતવાનો ઉદ્યોગ જે બેચાર બેનો અદ્યાપિ પર્યંત ચાલુ રાખી બેકી છે તેમાં જીવાંબાઈ ટોકરશી હંસરાજ છેલ્લા ૨૫ વર્ષ થયાં કામમાંથી પોતાની રોજી મેળવી સ્વાશ્રયી જીવનનો સાક્ષાત્કાર કરાવે છે.

(ક્રમશઃ)

## પ્રથમ પૂણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ

સાંયરા



મુલુંડ

**સ્વ. લીલબાઈ જેઠાભાઈ મોમાયા**

દેહવિલય : તા.૨૧-૧૦-૨૦૧૧

જોતાંજોતાં એક વર્ષ થયું પણ આપના આશિર્વાદ અમને સદાય પ્રાપ્ત થતાં રહે અને આપના ચિંધેલા માર્ગે અમે સદા ગતિશીલ રહીએ એજ પરમ કૃપાળુ પરમાત્માને મંગલ પ્રાર્થના...

**શોકાતુર**

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધુ | : | **ધનલક્ષ્મી નવિન જેઠાભાઈ મોમાયા** |
| | | **પુષ્પા અનિલ જેઠાભાઈ મોમાયા** |
| દિકરી-જમાઈ | : | **હિરાબેન વિજય લોડાયા** |
| | | **ઈંદિરાબેન વીરચંદ ખોના** |
| | | **નિર્મલાબેન મહેન્દ્ર સાયલા (શાહ)** |
| પૌત્ર-પૌત્રવધુ | : | **અંકિતા હિતેશ નવિન મોમાયા** |
| પૌત્ર | | **ભાવિન અનિલ મોમાયા** |
| પૌત્રી-જમાઈ | : | **અંજલિ જીગર ભગત** |


## મહાવીર ગ્રુપ (માટુંગા સે.રે.)

**MAHAVIR BUILDING COMPOUND,**
**BHANDARKAR ROAD, MATUNGA (C.R.)**

**દશેરા - દિવાળી સેલ ધમાકા**

**મંગળવાર તા.૧૬-૧૦-૧૨ થી મંગળવાર તા.૧૩-૧૧-૧૨**

**મહાવીર સાડી - ફોન 24021818**

**સેલ (૨૦%) Discount**

♦ પ્યોર પ્રિન્ટેડ ક્રેપ જ્યોર્જેટ ♦ પ્રિન્ટેડ કોટા તથા એમ્બ્રોયડરી અવરગંડી ♦ રીયલ પટોળા, બનારસી તથા ગઢવાલ ♦ Heavy Woven કોટન તથા ફેન્સી એમ્બ્રોયડરી ♦ ઇ જ્યોર્જેટ એમ્બ્રોયડરી સાડી ♦ પ્યોર સિલ્ક, પસ્મીના સિલ્ક પ્રિન્ટેડ ♦ Whiteમાં White ફેન્સી એમ્બ્રોયડરી સાડી ♦ Lucknow Heavy Chicken Embroidery સાડી તથા પંજાબી સુટ ♦ પ્રિન્ટેડ તથા ફેન્સી એમ્બ્રોયડરી ડ્રેસ મટીરીયલ - બાંધણી તેમજ લખનવી વર્ક

**ALL DAYS OPEN UPTO DIWALI**


## ભગવાન મહાવીરે શિખવ્યું છે કે...

ભગવાન મહાવીરે શીખવ્યું છે કે સમ્યગ્ શ્રદ્ધા, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ આચરણ આ ત્રિરત્નો દ્વારા જે માનવ મુક્ત થઈ શકે છે તે વ્યક્તિ પાત્રતા-શીલ-પ્રાપ્ત કરે છે. મહાવીરે ભેદ પાડતી અને ઊણપોથી ભરેલી જ્ઞાતિ પ્રથાને ઇન્કારી હતી. તેમણે સર્વ પ્રકારની અસહિષ્ણુતા અને વિભાજનના સર્વ આયામો સામે પોતાનો અવાજ ઉઠાવ્યો હતો. તેમણે વિચારો, વાણી અને ક્રિયાની શુદ્ધતા વગરના કર્મકાંડોને અસરકારક રીતે ઈન્કાર્યા હતા અને તેનો પ્રતિકાર પણ કર્યો હતો. જૈન તત્ત્વજ્ઞાન અને નીતિશાસ્ત્ર વસ્તુતઃ અહિંસા સિદ્ધાંતનો જ પર્યાય છે. સુવર્ણસૂત્રની જેમ જૈન પરંપરામાં અહિંસા પરોવાયેલી છે. જૈન શ્રદ્ધાનું એક માત્ર કેન્દ્ર અહિંસા છે. મહાન જૈન પરંપરા કહે છે, “આત્મા, પોતે પરમાત્મા બને છે, કાર ણઆત્મામાં પૂરેપૂરું સામર્થ્ય રહેલું છે. આત્મા સ્વયમ્ સ્વામી, કર્તા અને ભોકતા છે.

*- ડૉ. એ.પી.જે. કલામ (ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ)*




### સગપણ સમસ્યા

હાલમાં જ્ઞાતિમાં સમપણ થાય છે તેમાંથી ઘણાં એક-બે મહીનામાં છુટા થાય છે. તેના થોડા કારણો નીચે મુજબ છે :

૧) સામાન્યતઃ MBA-CA કે તેથી વધુ ભણેલા યુવાન/યુવતીઓને એક પ્રકારે ઘમંડ આવી જાય છે. કોઈ પણ બાબતે તેઓ બાંધછોડ કરવા તૈયાર નથી.

૨) સુખી લગ્ન જીવનને બદલે ધંધા/નોકરીને વધારે મહત્વ અપાય છે.

૩) વડીલોએ એમના બાળકોને સમજાવવું જોઈએ કે યોગ્ય લગ્નની ઉમર ૨૫થી ૩૦ સુધી છે. વધારે લંબાવવાથી યોગ્ય સાથી મળવા મુશ્કેલ બને છે.

૪) અન્ય જ્ઞાતિજનો આપણી જ્ઞાતિના શ્રીમંત ભણેલા યુવક/યુવતીઓને ટારગેટ કરે છે. આપણા યુવાવર્ગે પણ પોતાનો ઘમંડ છોડી, જ્ઞાતિના સાથીદારોને આવકારવા જોઈએ.

૫) જ્ઞાતિ સંગઠનો વિદ્યાર્થીસંઘ, C.A. એસોશીએશન, પરાની સંસ્થાઓ વગેરેએ પ્રવૃતિઓ યોજી યુવાઓને એક મંચ પર એકઠા કરવા નિમિત બનવું જોઈએ.

૬) જ્ઞાતિની યુવતીઓ સરખામણીમાં યુવકો કરતાં વધારે ચબરાક છે અને ટેલેંટેડ છે.

યુવકોએ પણ સમયોચિત દુનિયા સાથે ચાલી, નીચે જણાવેલ કલાઓમાં નિપુણતા કેળવવી જોઈએ :

૧. જાહેરમાં માઈક ઉપર બોલતા શીખવું જોઈએ.

૨. અંગ્રેજી ભાષા પર સારો કાબુ હોવો જોઈએ અને દરરોજ છાપા વાંચી દેશ-દુનિયામાં શું નવિન થઈ રહ્યું છે તેની જાણકારી રાખવી જોઈએ.

૩. બાઈક/કાર ચલાવતાં આવડવું જોઈએ.

૪. તરવાનું ક્રિકેટ/ફુટબોલ/ટેનીસ, કરાટે વગેરે રમતોમાં રસ લઈ વિકાસ કરવો જોઈએ.

૫. ઈન્ફોરમેશન ટેકનોલોજી કોમ્પ્યુટર, ઈનટરનેટ, વેબસાઈટની જાણકારી/નિપુણતા હોવી જોઈએ.

૬. આધુનીક ડીસ્કો, મ્યુઝીક, ડાન્સ વગેરેમાં રસ સાથે ગુજરાતની કલા ગરબા/દાંડીયારાસપણ આવડવા જોઈએ.

૭. જ્ઞાતિની યુવા સંસ્થાઓના સભ્ય હોવા જોઈએ અને એમની પ્રવૃતિઓમાં ભાગ લેવો જોઈએ.

૮. આપણી ભાષા, જૈન ધર્મ અને જ્ઞાતિની પ્રથા સિધ્ધાંતો અને રીવાજો માટે માન હોવું જોઈએ અને એ પરંપરા પાળવી જોઈએ.

આજે વડીલો એમના બાળકોની મરજી-નામરજીને વધારે પડતું મહત્વ આપે છે. ૨૦ થી ૨૫ની ઉમર સુધી તેમની બુધ્ધિ અપરીપક્વ હોય છે. એને દુનીયાદારીની વધુ સમજદારી હોતી નથી એટલે એ ઉમરમાં તે ખોટા નિર્ણયો લઈ શકે છે. માટે વડીલોએ બાળકોના લગ્ન સુધી એમને સારી સલાહ/દોરવણી આપવી જોઈએ અને તે પછી એમને સ્વતંત્ર રીતે જીંદગી જીવવાની છુટ આપવી જોઈએ.

(જ્ઞાતિની આ સમસ્યા વિષે આપના વિચારો આવકાર્ય છે.)

***માટુંગા : ૨૪-૧૦-૧૨ - રતિલાલ વાલજી ખોના***

### પહેડીઓ

છેલ્લા થોડા વર્ષોથી જ્ઞાતિમાં ખરા જૈન ધર્મને વિસારે પાડી અજ્ઞાનીઓની જેમ વિવિધ મિથ્યાત્વી દેવી-દેવતાઓની પૂજા, અર્ચનાના, ભક્તિ વધી રહેલા દેખાય છે, જે એક જૈન માટે મિથ્યાત્વની નિશાની અને તેનું પહેલું પગથીયું છે. આ માટે મારા મતે આપણે કોઈનું આંધળું અનુકરણ કરતા જણાઈએ છીએ.

પહેલાંના જમાનામાં કેટલાક વીર પુરૂષો ગૌધન, કન્યાઓ, અબળાઓ અને ગામના રક્ષણ માટે આત્મબલીદાન આપતા. એમની યાદમાં દેરીઓ, ખાંભીઓ અને પાળીઆઓ ઉભા કરવામાં આવતા. એવા વીર પુરૂષોના આત્મબલીદાનનું ૠણ ચૂકવવા વર્ષમાં એક વખત એમની પહેડી રાખવામાં આવે છે. જખ બૌતેરાએ ગૌરક્ષણ માટે આત્મબલીદાન આપેલ. અબડાઓએ કન્યાઓની રક્ષા માટે આત્મબલીદાન આપેલ. તે ઉપરાંત અન્ય કેટલાય વિરોએ અન્યોનાં કે ગામની રક્ષા કાજે આત્મબલીદાન આપેલ. એમની યાદમાં વર્ષમાં એક દિવસ ૠણ ચૂકવવાની ફરજ રૂપે પહેડી કરવામાં આવે છે.

સમયાંતરે આ પ્રકારની પહેડી કરવાની પ્રથા કુળદેવીઓ માટે પણ શરૂ થઈ. જે ખરેખર જૈન ધર્મને અનુસરે છે તેમના માટે આ બાબત મિથ્યત્વ છે. એ સમયકત્વથી વિરૂધ્ધ છે. કુળદેવીને પ્રસન્ન રાખેવા આવા પહેડી અને કરવામાં આવે છે. પરંતુ છેલ્લા ૧૫-૨૦ વર્ષોમાંતો આવી પહેડીઓનો તો જાણે રાફડોજ ફાટયો છે. દરેકે દરેક નૂખ, દરેક દરેક ગામ અને દરેકે દરેક ફળીયાની કુળદેવી જૂદી જૂદી, જ્ઞાતિપત્રોના દરેક અંકમાં આવી ત્રણ-ચાર પહેડીઓની જાહેરાતો આવે છે.

## કંઇક કરતું જ રહેવું

સમજ્યા કે જમાનાએ આપણને લુંટી લીધા
માળીની ગેરહાજરીમાં કિંમતી ફળો ચુંટી લીધા,
જાણે લુંટાવવા આપણે આવ્યા છીએ આ જગતમાં
“શેરને માથે સવાશેર” છે આ જગતમાં
પારકાને પોતાના કરવાની ઇચ્છા હમેશાં રાખવી મગજમાં,
કળીયુગમાં જીવીએ છીએ, ઉચી આશાઓ ન રાખવી આ વખતમાં,
જાણીએ કંઈક આશાઓ રાખી.. જગતમા આવ્યા હતા
અરે ભાઈ! દુઃખ ન લગાડો કઈક થઈ ગયા “હતા ન હતા.”
પરદુઃખ ભંજન નરસિંહ મહેતા નરસિંહ કહેવાયા
ભક્તિમાં જીવન ગયું અને મામેરિયું કૃષ્ણે શણગાર્યું,
આ કળીયુગમાં કૃષ્ણ-સુદામાને નરસિંહની વાતો વાર્તા બની ગઈ
ક્યાં વાત કરીયે તો લોકો કહેશે એની કલ હવે ચસકી ગઈ,
નવ બોલવામાં નવ ગુણ કહેવાય
પણ તેનાથી ઉંધું બોલે તેના બોર વેંચાય,
શબરીના બોર શ્રીરામ મફતમાં આરોગી ગયા
પણ શબરીના નામ શ્રીરામ સાથે જોડાઈ ગયા,
માટે **અનીલ**, દુનયામાં કંઈક કરતું જ રહેવું
નહીં તો કાટ ખાશે મગજ ને થઈ જશે સડેલું,
છેલ્લે બળી ગયા પછી પણ બાંબુની માર થાય છે
અમુક જાતમાં એ પણ નથી, છેવટે કુતરા ખોપડી ખાય છે.

***- અનિલ હીરાચંદ ધુમ (કોઇમ્બતુર) 09843073737***

## જિન-વચન

# પૂર્વસંચિત કર્મોનો ક્ષય

खवेत्ता पूव्वकम्माइं संजमेण तवेण य ।
सिद्धिमग्गमणुप्पता ताइणओ परिनिव्वु ।।

दसवैकालिक (३-१५)

સંયમ અને તપ દ્વારા પૂર્વસંચિત કર્મોનો ક્ષ્ય કરીને સંયમી પુરૂષો સિદ્ધિમાર્ગને પ્રાપ્ત કરીને પરિનિર્વૃત (મુક્ત) થાય છે.

Having destroyed all previous Karmas through self-control and penance, monks reach the path of liberation and attain Nirvana.

(ડો. રમણલાલ ચી. શાહ ગ્રંથિત
“જિન વચન”માંથી)


## સનસીટી ડેવલપર્સ-ભુજ

### સનસીટી-૨

**૧૭મી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 2046 | હોન્ડા એક્ટીવા | મિતલકુમાર ચિમનભાઈ પાટોલીયા | |

કોમ્પ્યુટર સેટઃ ૧૫૭૦, હેન્ડીકેમ કેમેરોઃ ૧૨૪૯, ફ્રિઝ ૨૩૦ લિ.: ૧૬૨૩, આટા મેકરઃ ૯૧૪

**-: આશ્વાસન ઈનામો :-**

(૧. ફ્રીઝ): ૯૯૫, (૨. ટીવી) : ૬૦૬, (૩. વોશીંગ મશીન) : ૧૫૯૩
(૪ થી ૫ ઓવન) : ૧૮૧૦, ૨૧૬૬
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૮૮૧, ૩૩૩, ૩૫૦, ૮૧૯, ૨૦૧૭
(૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૧૪૭૯, ૨૮૧, ૮૦૩, ૬૬૪, ૧૦૨૯
(૧૬ થી ૨૫ સેન્ડ્વીચ મેકર) : ૧૨૨૩, ૨૧૮, ૧૫૧૬, ૨૦૮૪, ૫૯, ૬૮, ૨૦૮૫, ૧૬૭૧, ૪૨૪, ૧૫૪૫
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૨૦૬૩, ૧૧૭૬, ૧૭૧૦, ૧૨, ૬૪૯, ૧૯૩૨, ૬૩૦, ૧૦૮૬, ૧૭૪૦, ૧૪૯૭
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૫૩૭, ૨૨૫, ૨૦૧૬, ૧૬૨૦, ૭૭૭, ૨૦૨૩, ૬૪૩, ૧૩૫૯, ૯૨૧, ૭૫૧
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૧૫૮૪, ૧૦૭૫, ૧૫૪૦, ૨૧૦૮, ૧૮૬૫, ૨૧૯૩, ૧૯૦૨, ૬૯૮, ૯૨૫, ૨૧૦૦, ૧૪૩૩, ૪૧૨, ૧૬૯૩, ૧૭૬૭, ૩૬૬, ૧૮, ૧૨૭૨, ૩૬, ૧૮૪૫, ૩૦૨
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૧૦૧૪, ૧૮૦૯, ૨૧૯૫, ૧૦૮૧, ૫૬૦, ૬૮, ૨૦૮, ૮૮૩, ૫૧૦, ૧૪૭૩, ૧૭૫, ૨૨૦૪, ૮૨૧, ૧૯૮૨, ૧૪૮૩

**આગામી મિટીંગ તા.૫-૧૧-૧૨નાં ભુજ છે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99096 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**


## કાવ્ય-પ્રકાશ : રાતના કદાચ ચાલતા પણ થઈ જાય

દશ દિવસ વાતનું વતેસર થાય
પછી ઘરમેળે વાત પતી જાય,
ચોરનો ન્યાય ચોર જ કરે
એટલે લોટમાં ગોળ જ મળે,
ભેગું થયું એને ગોળપાપડી કહેવાય
બાળક બુઠ્ઠા હરખે હરખે ખાય,
આ દેશમાં જો જીવવું હોય તો બધું ભુલી જવું
ગવર્મેન્ટ કરે તે અને તેટલું ભરતું રહેવું,
ભરતા ભરતા જો માણસ મરી પણ જાય
તો તેની ચિત્તા પર આ લોકો રોટલા પકાવીને ખાય,
આવા લોકોના પુતળા ઉભા થાય
રાતના કદાચ ચાલતાં પણ થઈ જાય !

***- અનિલ હીરાચંદ ધુમ (કોઇમ્બતુર) 09843073737***


**દંડ પરિવાર-સેવક ભરૂડિયા...**

સહર્ષ જણાવવાનું કે કુટુંબના કુળદેવી સચ્ચામાંના ભુઈમા **સૌ.સુચિતા ભાવિક અરવિંદ દંડ**ની ધોત બદલવાનો શુભ મુર્હત કારતક સુદ પૂનમ બુધવાર **તા.૨૮-૧૧-૧૨ના** સવારે ૮ થી ૧૦માં ભરૂડિયામાં માતાજી ના સ્થાનકે રાખેલ છે, સર્વ કુટુંબીજનોને પધારવા આમંત્રણ છે.

**નિમંત્રક : શ્રી સચ્ચાઈમાં દંડ પરિવાર**

તે સાથે સાથે ભૂઈમા-ભૂવાઓનું ચલણ પણ વધ્યું છે. એ અંધશ્રધ્ધામાં થયેલો વધારો દાખવે છે. ખેદ તો ત્યારે થાય છે કે, જ્યારે ભણેલા-ગણેલા અને જૈન કહેવાતા લોકો પણ જ્યારે આવી પહેડીઓ અને ભુઈ-ભૂવાઓમાં શ્રધ્ધા રાખતા દેખાય છે!

હદ તો ત્યારે થાય છે કે, છેલ્લા કેટલાય વર્ષોથી આપણે મહાકાલી-માતાજીની પહેડી કરતા થઈ ગયા છીએ. આજથી ૫૦-૬૦ વર્ષો પૂર્વે સાક્ષાત મહાકાળી માતાજીની સ્થાપના રૂપે પાવગઢ ખાતેના મહાકાળી માતાના મંદિરમાંથી એક દીપશિખા (જાગતી જ્યોત) વાજતે ગાજતે અનંતનાથજી દેરાસરજીમાં લાવવામાં આવી. આ માટે અમારા પિતાશ્રી દેવજી દામજી ખોના અને યતિશ્રી મદનચંદજીએ અગત્યનો ભાગ ભજવ્યો હતો. મહાકાળી માતાજી આપણા અચલગચ્છના અધિષ્ઠાયીકાદેવી છે. ત્યારથી દરેક મહિને મહાકાળી માતાજીની ભાવના અનંતનાથજી દેરાસરજી અને અન્ય ગામેગામ જ્યાં આપણી વસતી છે ત્યાં કરવામાં આવે છે. તે ઉપરાંત શુભ પ્રસંગોએ દા.ત. લગ્ન વગેરે પ્રસંગે મોટા ભાગના કુટુંબો મહાકાળી માતાજીની ભાવના રાખવા લાગ્યા. ત્યાં સુધી બરોબર, તીર્થંકરો અને અને જૈન અધિષ્ઠાયીક દેવ-દેવીઓની ભક્તિ-ભાવના સમ્યક્ત્વની નિશાની છે.

પરંતુ છેલ્લા થોડા વર્ષોથી મહાકાળી માતાજીની પહેડી શરૂ થવાની પ્રથા અંધશ્રધ્ધાની નિશાની છે. જૈન ધર્મના અન્ય કોઈ પંથ/ફીરકામાં અધિષ્ઠાયીકા દેવી દેવતાઓની પહેડી જોવાકે સાંભળવામાં આવતી નથી. તેમની આરતી, ભક્તિ-ભાવના થાય છે. આ પ્રકારની શ્રી મહાકાળી માતાજીની પહેડી એટલે આપણી શ્રધ્ધાનો ગેરલાભ લેવાનો પ્રયત્ન. અલબત એ જુદો જ સવાલ છે કે આ પહેડીના આવક-નાવકનો હિસાબો રાખવામાં આવે છે કે કેમ?

મૂળ મુદ્દે વાત એ છે કે આ પહેડી એટલે આપણા જૈન ધર્મના વૈજ્ઞાનિક અભિગમનો છેદ ઉડાડી આમ અંધશ્રધ્ધામાં રાચવું યોગ્ય છે?

આમ થયા કરશે તો આવતીકાલે મહાવીર સ્વામીની પહેડી પણ શરૂ કરવામાં આવશે તો નવાઈ નહી! આશા રાખીએ કે જ્ઞાતિજનો આવા અંધશ્રધ્ધાના રસ્તેથી પાછા વળશે.

*મુંબઈ ૨૩-૧૦-૧૨* — *- પ્રવીણ ખોના*

## KDO સામાજીક સુરક્ષા યોજના

એસોશિયેશન દ્વારા ચાલુ રહેલ જ્ઞાતિ કલ્યાણકારી સામાજિક સુરક્ષા યોજનાનું સંચાલન હવે મુંબઈથી થશે. ચાર વર્ષની સુંદર અને અનુમોદનીય કાર્યવાહી બાદ હુબલીની ટીમે સંસ્થાનો વહીવટી હવાલો તા.૨૩/૯/૧૨થી મુંબઈને સોંપેલ છે.

જ્ઞાતિજનોના સુંદર સહકારથી ૧-૪-૦૮ થી ૩૧-૩-૧૨ સુધીના ૪ વર્ષમાં કુલે ૨,૪૯૦ નવા સદસ્યો બન્યા. જેનાથી ૫૦ લાખની નવી ડીપોઝીટ રૂપે ACBLમાં ભંડોળ વધારો થયો. એ ૪ વર્ષમાં ૬૫૦ જેટલા સભ્યો ૫૫ વર્ષ પૂર્ણ કરી રીટાયર થયા. (હાલે દર વર્ષે ૧૬૦થી ૧૭૦ જેટલા સદસ્ય રીટાયર થાય છે.) ને ૪ વર્ષમાં ૫૨ જેટલા જ્ઞાતિજનો ૫૫ વર્ષની વય પૂર્વે અવસાન પામ્યા છે. તેમના નિયુક્ત નોમીનીઓને રૂા.૨૬.૬૦ લાખની રકમ લાભાંશ રૂપે અપાઈ ચૂકી છે. જેના પરથી આયોજનાની જ્ઞાતિ કલ્યાણરૂપે ઉપયોગીતાનો ખ્યાલ આવશે.

ચાલુ વર્ષે પ્રથમ એક માસમાં ૧૦૦ જેટલા નવા સભ્ય થયા છે. અને ૬ માસમાં ૧૨ સદસ્યોનાં અકાળે (૫૫ પુર્વે) અવસાન પામ્યા છે. જેમાં બારશી ખાતેના અકસ્માતમાં ૩ સદસ્યો (ઉપરાંત બે નાની બાળકીઓ જે માત્ર અઢી વર્ષની હતી. ત્યારબાદ ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં આદીપુર, યવતમાલ, કોઇમ્બતુર, હુબલી, જલગામ અને મુલુંડમાં ઉપરાઉપરી યુવાવયે જ્ઞાતિજનોના અકાળે અવસાન થયા છે.

બારસીના અસ્માતે મૃત્યુના કુટુંબીજનોને લાભાંશ રૂપે રકમ ચૂકવાયેલ છે. તે દરમ્યાન તેમના કુટુંબીજનોને સગાવહાલાં બધાને આ કલ્યાણકારી યોજનાનો તથા સમસ્ત જ્ઞાતિજનોને પણ સાધર્મિક ભક્તિનો (આડકતરો) લાભ મળતો રહે એ હેતુએ સ્વ. જતિન લાલજી ધરમશી (સાંધાણ-બારસી)નાં કુટુંબીજનોએ નવા ૩૦ સદસ્યો માટે રૂા.૬૬,૦૦૦/- જેટલી રકમ "સ્પોન્સર" તરીકે ઉપરોક્ત એશોસિયેશનને પણ મોકલી આપેલ છે. ભૂતકાળમાં વર્ષો અગાઉ (૧૯૯૭માં) હુબલીમાં આવા જ એક કેસમાં પોતાના ગામવાસીઓને અને સગાવહાલા (૨૫ જેટલાં)ને આ યોજનામાં સભ્ય બનાવાયા હતા. એ બંને કુટુંબીજનોની દિલાવરીની ભાવવાને એશોસિએશન વતી શત્ શત્ ધન્યવાદ! જ્ઞાતિજનો આવી દિલેરી લાગણી ધરાવતા રહે એવી શુભેચ્છા! "જેમ વધારે સભ્યો એમ બહોળો લાભ"! એ ઉક્તિને અનુસરીને હજી વધુને વધુ જ્ઞાતિજનો આ યોજનામાં જોડાય એવી અપેક્ષા છે. માત્ર એક જ વખત રૂા.૨૨૦૦/- (જેમાં ૨૦૦૦/- તો રીફંડેબલ ડીપોઝીટ છે. જે સદસ્યને ૫૫ વર્ષ ઉમર પૂર્ણ થતાં ઘેર બેઠે પહોંચતી કરાય છે.) તો માત્ર રૂા.૨૦૦/- માં આવો સુંદર સાધર્મિક લાભ શા માટે ન લેવો? આશા છે કે દરેક પરિવાર પોતાના કુટુંબની સુરક્ષા માટે આ આયોજનને વધાવી લેશે.

*હુબલી ૧૦-૧૦-૧૨* — *- પદમકુમાર નાગડા*

# શ્રદ્ધાંજલિ



## સ્વ. પ્રતાપ વેલજી પાલાણી (ઉ.વ.૭૨)

**(કોઠારા - હાલ બોરીવલી)**

**અરિહંત શરણ : તા.૧૮-૧૦-૨૦૧૨**

રોયલ સ્વભાવ, ઉમદા રીતભાત
ખાનદાની રીતે મળી,
વિશેષ જીવનશૈલીની સોગાત
અરિહંત શરણે ચિરશાંતિ પામો,
તમારી જીવંત સ્મૃતિ હમેંશ રહેશે સાથ.

**• શોકાતુર •**

**માતુશ્રી વનીતાબેન વેલજી ચાંપશી પાલાણી**-કોઠારા
**માતુશ્રી તારાબેન મુલજી વેરશી ઘરમશી**-જખૌ

## સમસ્ત જ્ઞાતિ મહાજનની સક્રિયતા અને જનજાગરણ અભિયાન માટે અભિનંદન

વર્ષ ૧૯૯૧માં ઘાટકોપર ખાતે યોજાયેલ ત્રીજા સંમેલનની ફળશ્રુતિ રૂપે શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સ્થાપિત થયેલ. જે કોઈ કારણવશાત કાળની ગર્તામાં ધકેલાઈ ગયેલ જેને હાલ બે વર્ષથી પુર્નજીવીત કરાયેલ છે. હાલ નવનિયુક્ત ટીમના સભ્યો શ્રી મહેન્દ્ર મોમાયા, શ્રી ચીમન મોતા, શ્રી ચંપક જીવાણી, શ્રી લક્ષ્મીચંદ પોલડીયા, ચંદ્રેશ છેડા, તથા અન્ય ટ્રસ્ટીગણ જે પ્રથમવાર યોજેલ જનજાગરણ સંપર્ક અભિયાનમાં સામેલ થઈ જ્ઞાતિમાં જાગૃતતા લાવવા પ્રયાસ કરતાં જ્ઞાતિમાં નવી ચેતનાનો સંચાર થયો છે. દુર દુર વસતા જ્ઞાતિજનોને સમસ્ત મહાજનની મીટીંગો થકી આત્મીય અનુભુતિ થયેલ છે. જે બદલ સમસ્ત જ્ઞાતિ મહાજનની ટીમને અભિનંદન પાઠવું છું. આ જનજાગરણ-સંપર્ક અભિયાન થકી વતન, દેશાવળ અને દુર વસતા જ્ઞાતિજનોને જ્ઞાતિભાવનાની જાગૃતી આવી છે. અને એક અનોખો વિશ્વાસ પેદા થયો છે હવે એ વિશ્વાસને વધુ ટકાવવા આપણે સૌએ સક્રિય રહેવું પડશે. ટ્રસ્ટબોર્ડ અને મહાસમિતિની રચના પુરી થઈ છે. સમસ્ત મહાજન દ્વારા મુંબઈ ભાંડુપમાં તા.૧૫-૭-૧૨ના યોજાયેલ જનજાગરણ સભામાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈનો પણ સુંદર સહયોગ મેળવી જ્ઞાતિના પ્રશ્નો પ્રત્યે સર્વે જ્ઞાતિજનોમાં જાગૃતતા અને એકરૂપતાના દર્શન કરાવ્યા છે અને ત્યારબાદ મુંબઈ મહાજનની પદાધિકારીઓની હાજરીમાં મુંબઈના અન્ય વિસ્તારોમાં જનજાગરણ સભાઓ યોજાઈ રહી છે. જે અનુમોદનીય છે. આ બાબત હવે આગળ કામગીરી થાય અને મહાજનોના સહયોગથી સમસ્ત ભારતભરમાં વસતા જ્ઞાતિજનોને એકતાંતણે બાંધી જ્ઞાતિ વિકાસના કામોમાં કઈ રીતે સમસ્ત મહાજન આગળ વધવા માંગે છે તેની રૂપરેખા આપવા વિનંતી અને જ્ઞાતિની મુખ્ય કઈ કઈ સમસ્યાઓ સામે આવી છે તેનો સારાંશ જાહેર કરી તેનાપર કેવી રીતે કામ આગળ વધારી શકાય તેનું આયોજન જરૂરી છે. આ બાબતે જ્ઞાતિનો સહકાર મળતો રહ્યો છે તેમ હંમેશા મળશે જ.

*જામનગર ૧૦-૧૦-૧૨* *તિલકચંદ જયંતિલાલ ખોના*
*પ્રમુખ-જામનગર મહાજન*



## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ"ની અમૃતવાણી... (૧૧)

*- સોમ ઘરમશી* (કચ્છ)

***જેડલ હિન જીયણમેં ઇતરો શિખણું ખાસ***
***જે ઘર, પાડે ને ગામસેં રોણું રખી મિઠાશ***

**ભાવાર્થ** : જેડલ = મૈત્રીણી-બેનપણી

પાડે = ફળિયામાં (ફરીયેમેં)

**ભાવાર્થ** : પરણીને વિદાય લેતી કોડભરી કન્યાને તેના મા-બાપ, સગા વહાલાં બેનપણી-મિત્રો રજા આપતાં શિખામણ આપતા હોય છે. અને તે માટે એક વિદાયગીત આપણે ત્યાં ખુબ પ્રચલિત છે.

***"પરણ્યા એટલે પ્યારા લાડી,***
***ચાલો આપણે ઘેર રે...***
***ઉભા રહો તો, માંગું મારા***
***દાદાજીની શીખ રે..."***

અને સ્વપનાઓ લઈને એ કોડ ભરેલી દિકરી સાસરું શોભાવવા મહિયર છોડી નીકળી પડે છે. કવિ "તેજ" પોતાની રીતે જેડલ દ્વારા જે શીખ-સમજણ આપે છે તે આપણને બધાને જીવનમાં ઉતારવા જેવી છે. જિંદગીમાં આપણું આચરણ કેવું હોવું જોઈએ. તેના પર કવિ પ્રકાશ પાડે છે. આપણો વ્યવહાર-સંબંધ બધા સાથે મિઠાશ ભરેલો હોવો જોઈએ.

## કાવ્ય-પ્રકાશ : ફૂલજરીયું

૧) ટાંણે કે ઓળખંધે, પ્રસંગ કે સાચવીં છે
માડુએં કે સમજંધે, મોકે કે ઝડપી છે
અચી વ્યો ત સમજજા અંઈ
જિંદગી ભચાબર જીવી વ્યા.

૨) માડુ એડા ઢીલા અંઈ કે
નંઢી નંઢી તકલીફેં સે ઘ્રેજેંતા
પણ જેવર ખોટો કમ કેણું આય
તેવર ભગવાનસેં પણ નતા ઘ્રેજેં!

૩) હેન ધુનિયામેં સુખી ત કોય નાય
હેકડી એડી અખ વતાયો જો કડેં રોની નાંય
સંતોષી રેઈ જિંધગીજી દરેક ક્ષણ ઘેલસેં માણ્યો
નેસીબસેં મેલેલી જિંધગીકે જીવો ને જાણ્યો.

*- શાહ મધુકાન્ત વિશનજી (ઘાટકોપર)*

## "પ્રકાશ સમીક્ષા"ના વાચકો,
## અંક ન મળ્યાની કે મોડા મળવાની ફરિયાદ

"પ્રકાશ-સમીક્ષા" સાપ્તાહિક દર મંગળવારે ટપાલ દ્વારા મોકલાય છે. આ અંકો એરીયા પ્રમાણે જુદા પાડી જુદા જુદા બંડલો બાંધીને મુંબઈ GPOની પત્રિકા ચેનલ ખાતાને સુપરત કરવામાં આવે છે. જેની પહોંચ મળે છે. આ કારણે મુંબઈમાં બે દિવસમાં જ અંકો મળી જાય છે. જ્યારે બહારગામ અંકો મોડા મળે છે. આજે કારોબાર વ્યાપ વધ્યો છે તેમ ટપાલીઓની સંખ્યા વધતી નથી. ટપાલ છાંટણીવાળો સ્ટાફ પણ અપૂરતો છે. જેને કારણે અંકો મોડા મળતા હોય છે, આવી ફરિયાદ સતત હોય છે.

અમારી જવાબદારી દર મંગળવારે નિયમિત રીતે અંકો ટપાલ ખાતાને આપવાની હોય છે. જે અમે નિષ્ઠાપૂર્વક બજાવીએ છીએ. અને પ્રોપર સોર્ટીંગ કરી દરેક ને જલ્દી મળે તેવા સર્વ પ્રયત્ન કરીએ છીએ. તેમ છતાં ટપાલ ખાતાની અપુરતી વ્યવસ્થાને કારણે ઝડપી સેવા મળતી નથી.

હવે જે ગ્રાહકો અંકો મોડા મળવાની કે ન મળવાની કાયમી ફરિયાદો કરતા હોય છે, તે ગ્રાહકો જો પોતાના એરિયાની પોસ્ટ ઓફીસમાં લેખિત ફરિયાદ કરશે અને તેની કોપી હેડ પોસ્ટ ઓફીસ (GPO પત્રિકા ચેનલ પોસ્ટ ઓફીસને) મોકલીને અમને જાણ કરશે, તો તેમની ફરિયાદનો ઉકેલ આવી જવાની શક્યતા છે. ટપાલી તેમને ચીવટથી પ્ર.સ.ના અંકો અને અન્ય ટપાલ નિયમિત રીતે આપી જશે એવી અમને આશા છે. એટલે ગ્રાહકો સ્થાનિક પોસ્ટ ઓફીસમાં અંકો ન મળ્યાની કે મોડા મળતા હોવાની લેખિત ફરિયાદ કરે, એવી અમારી નમ્ર વિનંતી છે. આ વિધિ કર્યા સિવાય અમને ફોન/પત્ર દ્વારા સતત ફરીયાદ કરવાથી કશું થઈ શકશે નહીં અને અમે તેનું સમાધાન આપી શકીએ નહીં.

પ્ર.સ.એ રજીસ્ટર્ડ પત્ર છે. દરેક પરિવારને નિયમિત મળવું જ જોઈએ. સ્થાનિક ટપાલ કચેરીમાં લેખિત ફરીયાદ સાથે જુનો કોઈ અંક બતાવશો અને પોસ્ટ માસ્તર કે ટપાલીને તે નિયમિત આપવા સમજાવશો તો જરૂર કંઈક ઉકેલ આવશે. આ ઉપરાંત પ્ર.સ. દર સોમવારે *www.prakashsamiksha.com* પર ઈન્ટરનેટ માધ્યમથી લોગ ઓન કરી વાંચી શકાય છે. આ સિવાય આપના અંકના સરનામા સ્ટીકર ચેક કરી સુધારા વધારા લખી જણાવશો તો ફેરફાર કરી શકાશે.

**પ્ર.સ. સમિતિ**

## કાવ્ય-પ્રકાશ : માડીને પ્રસાદનો થાળ

**(રાગ : મનનો મોરલીયો રટે પ્રભુ નામ)**

મનનો મોરલીયો રટે માનું નામ
મારે મન મંદીરીએ આવો મહાકાળી માત
આવો મહાકાળી માત, તમને બોલાવે છે બાળ
દર્શન દેવાને તમે આવો મહાકાળી માત...૧
રત્નજડિત રૂડા બાજોઠ ઢળાવું
સોના-રૂપાના થાળ ભરી લાવું
મખમલના ગાલીચા પથરાવું મોરી માત.. દર્શન...૨
દૂધપાક પૂરીને સેવ સુંવાળી
લાડુ જલેબી ને પેંડા બરફી
ભક્તિના ભાવથી પ્રસાદ ધરૂં ભાત... દર્શન...૩
ઢોલ નગારા શરણાઈઓના સૂરે
ખંજરીના નાદે મા તાલીઓના તાલે
રૂમઝુમ પગલે રાસ રમો માત... દર્શન...૪
સોનાનો ગરબો મા અખંડ દીવડે
ધૂપની સુગંધે મા ઝાલરના ઝમકારે
ઝગમગતા દીવડાની આરતી કરું માત... દર્શન...૫
ભક્તો માડી તારા લળી લળી વિનવે
પાય પડી માડી અંતર આશિષ માંગે
જીવન નૈયા માડી ઉતારો ભવ પાર
દર્શન દેવાને તમે આવો મહાકાળી માત...૬

**– *તારામતી એલ. નાગડા (ઘાટકોપર)***


★ SALE ● સેલ ★ SALE ● સેલ ★ SALE

**મહાવીર (માટુંગા સે.રે.)**
Mahavir Building Compound, Bhandarkar Road, Matunga
**દશેરા – દિવાળી સેલ ધમાકા**
મંગળવાર, તા.૧૬-૧૦-૧૨ થી મંગળવાર તા.૧૩-૧૧-૧૨
**મહાવીર'સ એમ્બ્રોઈડરી**
**24025070 / 65046030 / 8652239537**
**SALE 20% TO 50% *Discount***

● પારસી હેન્ડવર્ક, મશીનવર્કમાં સાડી અને કુર્તી ● ટેસ્ટેડ જરીની સાડી, ચણિયા ચોળી ● બટ કસબની સાડી તથા બોર્ડર ● ઘરચોળા, બાંધણી માટે કટવર્ક, કસબ, ગોટા તથા ફેન્સી બોર્ડર ● ઢાકાઈ, પારસી, ફ્રેન્ચ નોટ, કાશ્મીરી, લખનવી, કચ્છી ભરત, દેશી ભરત, શેડો વર્ક, તાર વર્ક, પીટ્ટા વર્ક જેવી અનેક વેરાયટી તૈયાર તેમજ ઓર્ડરથી બનાવી આપીશું. ● તમારી બાંધણી ઉપર હૈદ્રાબાદી મીરર વર્ક, બાદલા વર્ક, નાકા ટીકી, તાર વર્ક, પીટ્ટા વર્ક કરી આપીશું. ● દરેક પ્રકારનું ભરતકામ તેમજ ઓલ્ટરેશન કરી મજુરી ઉપર ૨૦ ડીસ્કાઉન્ટ ● પ્લેઈન તથા ડાયેબલ સાડીમાં અનેક વેરાયટી

**સેમ્પલની સાડીઓમાં ૪૦% થી ૫૦% ડિસ્કાઉન્ટ**

● જુની સાચી જરીની સાડી, ચણિયાચોળી, ઘરચોળા, બોર્ડર-સેલા સારા ભાવે વેચાતા લઈશું.

**ALL DAYS OPEN UPTO DIWALI**

★ SALE ● સેલ ★ SALE ● સેલ ★ SALE

## આરોગ્ય-પ્રકાશ : મુંબઈ મહાજન દ્વારા રાહત દરે આરોગ્ય રક્ષા વીમા પોલીસી – સં. ચંપક જીવાણી

મુંબઈ મહાજનશ્રી અંતર્ગત શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટના ઉપક્રમે જ્ઞાતિજનોની **આરોગ્ય રક્ષા પોલીસી** કાઢવામાં આવે છે. એ માટે નિયત અરજીપત્રક ભરી માહિતી આપવાની છે (લાલ ફોર્મ) જેમાં પોતાના નામ-સરનામા-ફોન અને પ્રિમીયમ ભરી શકવાની વિગત સાથે એક મુંબઈ મહાજન વ્ય. સમિતિના સભ્યની સહી સાથે અરજી કરવાની છે આ યોજનામાં ઇન્ડીયન બેંકમાં ખાતું બોલાવવું જરૂરી છે. આ ઉપરાંત વીમા કાં નું અરજીપત્રક ભરવાનું રહે છે. આ ઉપરાંત તમારું આઈકાર્ડ, ફોટા વગેરે જરૂરી છે. મહાજનના લાગા ભરેલ હોવા જોઈએ.

આ આરોગ્ય રક્ષા પોલીસ યુનાઈટેડ ઇન્સુરંસ કાં દ્વારા ઇન્ડીયન બેંકના ખાતેદારો માટે ગ્રુપ ઇન્સુરન્સમાં કઢાવાય છે. આ ફેમેલી ફ્લોટર પોલીસી છે. એમાં ૬૫ વર્ષ સુધીના જ્ઞાતિજનો જોડાઈ શકે છે. આ પોલીસીમાં હોસ્પીટલના ખર્ચાના લાભ મળી શકે છે. પોલીસીધારકને આ યોજના હેઠળ વ્યક્તિગત અકસ્માત વીમાનો લાભ ૧૦૦% મળી શકે, જીવનસાથીને ૫૦% અને બાળકોને ૨૫% લાભ મળી શકે. એમાં પતિ-પત્ની અને ૨૫ વર્ષથી નાના બે બાળકનો કુટુંબ ગણાય છે. આ યોજના હેઠળ વીમા માટે કોઈ મેડીકલ ચેક અપ નથી. "એ" પ્લાન : પરિવાર એટલે વધુમાં વધુ ચાર જણાં જેમાં ૩ માસથી ૩૫ વર્ષની વય માટે રૂા.૧ લાખના વીમાનું પ્રિમીયમ રૂા.૧૩૨૭ છે.

**બી પ્લાન :** છ જણાંના પરિવારમાં ૩ થી ૬૫ વર્ષ સુધીની વય માટે રૂા.૧ લાખના વીમાનું પ્રિમીયમ રૂા.૨૪૮૨ છે. ૬૫ વર્ષના ઉપરના માટે રીન્યુઅલ પ્રિમીયમ રૂા.૫,૫૯૪/- છે. રૂા.૫૦ હજારથી ૧૦ લાખ સુધીનો વીમો કઢાવી શકાય છે. જો લાગલગાટ ૩ વર્ષ સુધી કોઈ ક્લેમ ન કર્યો હોય તો વીમા રકમનાં ૧% સુધીની રકમ જનરલ હેલ્થ ચેકઅપના લાભ માટે મળી શકે. વીમો લેતી વખતે કોઈ ગંભીર બિમારી હોય તો તેની સારવારનો ખર્ચ ૩ વર્ષ બાદ લઈ શકાય. પ્રસુતિ ખર્ચવધુમાં વધુ વીમા રકમનાં ૫% સુધીની રકમ પોલીસી બાદ ૯ મહિના બાદ મળી શકે. કોઈ પણ બિમારીમાં એક દિવસ માટે પણ હોસ્પીટલમાં દાખલ થવું જરૂરી છે.

હોસ્પીટલ ભરતીનાં ૩૦ દિવસ પહેલાનો અને ડીસચાર્જ થયાનાં ૬૦ દિવસનાં ખર્ચા ક્લેમ કરી શકાય છે. હોસ્પીટલમાં દાખલ થયાનાં ૨૪ કલાકની અંદર TPAને જાણ કરવી જરૂરી છે. હોસ્પીટલમાંથી રજા મળ્યા બાદ ૭ દિવસમાંજ ક્લેમ પેપર્સ TPAને મોકલવા જરૂરી છે.

**નોંધ :** મોતીયા, હર્નીયા, ગર્ભાશય અને મેજર સર્જરી/એન્જીયોપ્લાસ્ટીમાં વીમાની રકમના અમુક ટકા કે નિયત રકમની ક્લેમ મળી શકે. તમારા ફેમીલી ડોક્ટરનું નામ સરનામું પણ  ફોર્મ માહિતી માટે જરૂરી છે. વીમો કઢાવ્યા બાદ પોલીસી જરૂરી ફોન નંબર, ઇમરજન્સી નંબર વગેરે હાથવગા રાખવા અને પરિવારને જણાવી રાખવું મહત્વનું છે.

ક્લેમ કરવાની પ્રક્રિયા : ક્લેમ કરવા માટે ક્લેમ ફોર્મ, ઓરીજીનલ હોસ્પીટલ બીલ, ડીસચાર્જ કાર્ડ, ઓરીજીનલ તપાસણી રીપોર્ટ, બીલ, રસીદ, દવાના પ્રિસ્ક્રીપશન સાથેના બીલ, પોલીસી કોપી અને આઈકાર્ડ કોપી જોડવાની.

વધુ વિગત માટે સંપર્ક : મુંબઈ મહાજન કાર્યાલય, અનંતનાથજી જિનાલય, મસ્જીદબંદર, મુંબઈ-૯. ફોન ૦૨૨-૨૩૪૪૮૨૭૪ (સમય બપોરે ૧૨ થી સાંજે ૬.૩૦)

મુંબઈ મહાજનશ્રી દ્વારા આ સુંદર અનુમોદનીય પ્રવૃતિ થઈ રહી છે.

**વિનંતી વિશેષ :** મુંબઈ મહાજનશ્રીના કાર્યક્ષેત્રમાં રહેતા દરેક પરિવારે આ પ્રકારે આરોગ્ય વીમા પોલીસી કઢાવવી જરૂરી છે. વ્યક્તિગત વીમો કઢાવેલ હોય તો ઠીક અન્યથા મહાજનશ્રી દ્વારા રાહત દરના વીમા પ્રિમીયમનો લાભ લઈ આ પોલીસી હેઠળ સુરક્ષા કવચ લઈ લેવું. જરૂરતમંદોને પ્રિમીયમમાં સારી રાહત અને અમુક જરૂરીકેસમાં નિશુલ્ક પણ વીમો કઢાવી અપાય છે. આજે જ જાગૃતિ-સક્રિયતા લાવી વધુમાં વધુ જણાં આ યોજનાનો લાભ લે એવી વિનંતી છે.


K. Dixit
રીયલ ડાયમંડ જ્વેલરી
કૌશિક રાયચંદ શાહ (પટેલ)
(સાંધાણ - ઘાટકોપર)
98204 57676




## ધર્મ-પ્રકાશ : પાંચનો પ્રભાવ

**૧) શ્રી નવકાર મંત્રમાં પાંચ પદ :**

૧) નમો અરિહંતાણ ૨) નમો સિધ્ધાણં ૩) નમો આયરીયાણં ૪) નમો ઉવઝાયાણં ૫) નમો લોએ સવ્વ સાહુણં

૨) શ્રી નવકાર મંત્રના પાંચ પદોમાં રહેલા પાંચ વર્ણ : ૧) અરિહંત-સફેદ ૨) સિધ્ધ લાલ ૩) આચાર્ય-પીળો, ૪) ઉપાધ્યાય લીલો ૫) સાધુ કાળો

૩) ભગવાનના પાંચ કલ્યાણકો : ૧) ચ્યવન કલ્યાણક ૨) જન્મ કલ્યાણક ૩) દીક્ષા કલ્યાણક ૪) કેવળજ્ઞાન કલ્યાણક ૫) મોક્ષ કલ્યાણક

૪) પાંચ ધાતુના પ્રતિમા : ૧) પિતળ, ૨) ત્રાંબુ, ૩) કાંસો, ૪) રજત, ૫) સુવર્ણ

૫) પંચામૃત : ૧) દૂધ ૨) દહીં ૩) ઘી ૪) સાકર ૫) પાણી

૬) પાંચ જ્ઞાન : ૧) મતિજ્ઞાન ૨) શ્રુતજ્ઞાન ૩) અવધિજ્ઞાન ૪ )મનઃપર્યવ જ્ઞાન ૫) કેવળજ્ઞાન

૭) પર્યુષણ પર્વમાં ૫ કર્તવ્યો : ૧) અમારી પ્રવર્તન ૨) સાધર્મિક વાત્સલ્ય ૩) અઠ્ઠમ તપ, ૪) ક્ષમાપના ૫) ચૈત્ય પરિપાટી

૮) પાંચ પ્રતિક્રમણ : ૧) રાઇય ૨) દેવસિય ૩) પાક્ષિક ૪) ચોમાસી ૫) સંવત્સરી

૯) પાંચ પ્રકારના દાન :

૧) અભયદાન ૨) અનુકંપાદાન ૩) સુપાત્રદાન ૪) ઉચિત દાન ૫) કીર્તિદાન

૧૦) દાનને શોભાવનારા પાંચ કારણો ૧) આનંદના આંસુ આવે ૨) રોમાંચ ખડા થાય ૩) બહુમાન પેદા થાય ૪) પ્રિય વચન બોલે ૫) આપ્યા પછી અનુમોદના કરે

૧૧) પાંચ ઇન્દ્રીયોના નામ : ૧) ઘ્રાણેન્દ્રીય ૨) ચક્ષુરેન્દ્રીય ) રસેન્દ્રીય ૪) શ્રવણેન્દ્રીય ૫) સ્પર્શેન્દ્રીય

૧૨) પાંચ પ્રકારના સમકિત : ૧) વેદક, ૨) ક્ષાયિક, ૩) ઓપશમિક ૪) રોચક ૫) ક્ષયોપશમિક

૧૩) પાંચ પ્રમાદ : ૧) મદ, ૨) વિષય ૩) કષાય ૪) નિદ્રા ૫) વિકથા


**PARITA COLLECTION**

**Specialist in :**
**Jaipuri Cotton & Block Prints**

Masjidbunder, Mumbai. M.: 9869206525


૧૪) પાંચ પાંખી અવશ્ય પાળો : ૧) જ્ઞાન પાંચમ ૨) આઠમ (સુદ) ૩) પુનમ ૪) આઠમ (વદ) ૫) અમાવસ્યા

૧૫) પાંચ જાતની ફુગનો ત્યાગ કરવો : ૧) સફેદ ફુગ-મિઠાઈ તથા ફળમાં ૨) લાલ ફુગ-નાળિયેરમાં, ૩) લીલી ફુગ-દિવાલ તથા ખેતરમાં ૪) પીળી ફુગ-મલાઈ તથા દહીમાં ૫) કાળી ફુગ-મોરીમાં (ખારમાં)

૧૬) જીવના પ્રકાર : ૧) એક ઇન્દ્રીયવાળા જીવ ૨) બે ઇન્દ્રીયવાળા જીવ ૩) ત્રણ ઇન્દ્રીયવાળા જીવ ૪) ચાર ઇન્દ્રીયવાળા જીવ ૫) પાંચ ઇન્દ્રીયવાળા જીવ

૧૭) સંસારી જીવોના પાંચ પ્રકાર : ૧) ભવ્ય ૨) જાતિભવ્ય ૩) અભવ્ય ૪) દુર્ભવ્ય ૫) ભવ્યાતિભવ્ય

૧૮) પાલીતાણાની પંચતિર્થિ : ૧) શત્રુંજય ૨) કદમગીરી ૩) મહુવા ૪) ડાઠા ૫) તળાજા

૧૯) અબડાસાની મોટી પંચતિર્થિ : ૧) નલિયા, ૨) તેરા, ૩) જખૌ ૪) કોઠારા ૫) સુથરી

૨૦) અબડાસાની નાની પંચતિર્થિ : ૧) વાંકુ, ૨) વારાપધર, ૩) લાલા, ૪) પરજાઉ, ૫) રાપર

૨૧) આરતી i ૫ દિવેટ હોય છે : અને આરતીની ૫ ઢાળો હોય છે.

***(સંકલન-સૌ. મધુરીબેન ગુલાબચંદ ખોના (હુબલી)***


**સનસીટી ડેવલપર્સ-ભુજ**

**સનસીટી-૩**

**૧૧મી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઇનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 227 | નેનો કાર | દિપ ઠક્કર-આદીપુર | સાક્ષી એસ. મોમાયા/દિપ |

કોમ્પ્યુટર સેટઃ ૧૪૨૩, હેન્ડીકેમ કેમેરો : ૮૧૮, ફ્રિઝ ૨૩૦ લિ. ૬૯૫, આટા મેકર : ૩૫

**-: આશ્વાસન ઇનામો :-**

(૧. ફ્રિઝ) : ૮૨૨, (૨.ટીવી) : ૯૦૬, (૩.વોશીંગ મશીન) : ૮૧૮,
(૪ થી ૫ ઓવન) : ૬૯૫
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર): ૧૬૬૦, ૧૭૦૭, ૧૮૫૦, ૧૪૩૧, ૪૨૯
(૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૩૧૩, ૧૦૯૦, ૧૭૪૬, ૮૭૬, ૧૦૬૯
(૧૬ થી ૨૫ સેન્ડવીચ મેકર) : ૧૨૬૨, ૧૫૦, ૧૪૦૩, ૮૬૬, ૧૪૧૭, ૮૬૩, ૪૪૬, ૧૨૭, ૩૬૫, ૧૨૦૨
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૧૩૯૬, ૧૦૬૬, ૫૩૧, ૧૬૭૭, ૫૨૩, ૧૦૨૯, ૧૯૩૮, ૨૦૦૩, ૧૭૩૦
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૧૮૮૬, ૬૪૫, ૧૯૬૦, ૯૩૮, ૧૮૯૧, ૯૦૪, ૧૭૮૪, ૬૨, ૭૬૦, ૧૦૩૮
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઇન્ડર) : ૧૩૪૨, ૧૩૬૯, ૪૭૧, ૧૧૨૭, ૪૯૩, ૧૪૩૨, ૬૬૪, ૧૧૮૭, ૫૭૩, ૧૦૧૪, ૧૭૬૩, ૧૮૨૦, ૮૯૦, ૮૨, ૧૯૯૭, ૧૦૦૪, ૧૧૧૮, ૧૮૦૬, ૧૪૭૬, ૧૪૪૭
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૧૬૦૦, ૮૩૪, ૬૩૦, ૧૯૦૧, ૧૭૦૮, ૧૫૫૦, ૧૬૦૯, ૪૩૪, ૪૬૪, ૧૨૨૨, ૧૯૯૨, ૯૩૧, ૪૮૭, ૧૪૪૧, ૧૨૦૪

**૧૨મી મિટિંગ તા.૧૪-૧૧-૧૨ એકમભવન ભુજ મધ્યે છે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઇનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99096 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

**INTERESTING ANECDOTES**

During the world war II horror gripped the heart of a soldier as he saw his lifelong friend fall in battle. Caught in a trench with continuous gunfire whizzing over his head, the soldier asked his lieutenant to go out into the `no man's land' between the trenches to bring his fallen friend back. 'you can go', said the lieutenant, but I don't think it is worthwhile. Your friend is probably dead and you may risk your life too. The soldier went anyway.

Miraculously, he managed to reach his friend, placed him on his shoulder and brought him back to their company's trench. As the two of them tumbled in together to the bottom of the trench, the officer checked the wounded soldier, then looked kindly at his friend. `I told you it will not be worthwhile, he said. `Your friend is dead and you are wounded.' `It was worth it, sir', said the soldier.' What do you mean worth it?' responded the lieutenant,' ` your friend is dead.' `YES SIR ' the soldier answered, `but it was worth it because when I reached him he was alive and I had the satisfaction of hearing him say `JIM I KNEW YOU WOULD COME.'

MANY TIMES IN LIFE WHETHER A THING IS REALLY WORTH DOING OR NOT DEPENDS ON HOW YOU LOOK AT IT. TAKE UP ALL, THE COURAGE AND DO SOMETHING YOUR HEART TELLS TO DO, SO THAT YOU MAY NOT REGRET IT LATER FOR NOT DOING.

**PROVERBS ARE LAMPS TO LIFE**

If trust is the first requisite of making a friend, faithfulness is the first requisite for keeping him.

2) To do at each moment the best we can do and leave the result to the Divine’s decision, is the surest way to peace, happiness strength, progress and final Perfection.

3) Man's value is in the few things he creates and not in the many possessions he amasses..

**Amazing facts about ST. PETERSBURG**

St. Petersburg has 41 institutions of higher learning, 47 museums, 2500 libraries, 40 stadiums and more than 1000 gymnasiums, tennis courts and swimming pools.

2) Its port , the largest in the world remains frozen from January to April.

3) Scientists of St. Petersburg contribute 15% of the world's research.

4) It is located at the head of the Gulf of Finland on the Neva river.

**AMAZING FIGURES**

World's reserves of bauxite are estimated at 10 billion (10,000 million) tons.

2) The present per capita world output of bauxite is 3 kgs-1.5 times more than of copper.

3) It is 10 times more resistant to sea water than carbon steel.

4) Rail coaches made from Aluminium alloys serve many countries because they weigh 1/3 times less than an ordinary train.

**THE LIGHT SIDE OF LIFE**

An absent minded professor had forgotten his house key. It was dark and late. He knocked at the door. The servant answered without opening the door, ` The professor has not come home yet'. `Oh! I am sorry', said the professor. "I will come when he is in",.

**I WAS IN IT.**

One afternoon Mulla Nasrudin's wife heard a loud thud on the staircase. `what was that?' ,she asked. `OH, the dress fell down', said Mulla casually. ` How did it make such a noise?, asked the wife. ` Because I was in it!' replied Mulla .

**THINK OVER IT**

To do much clear thinking, a man must arrange for regular periods of solitude when he can concentrate and indulge in his imagination without distraction.

***- Thomas Alva Edison.***

## Our food and our health

- Pravinchandra S. Dharamashi M:09978903247

We need medical help or treatments, whenever we fall sick or get injured. It is observed that about 759'0 of such cases are cured by medicines, may it be tablets, capsules, logins or syrups. All these are to be taken orally or with the help of mouth. This may be termed as Internal method of treatment. In about 1096 of cases the medicines are injected into our body, which may be considered as external method of treatment. It is observed that in majority of such cases the cause of the malice is also external such as mosquito bite, snake bite, dog bite to name a few incidents or accidents. In some cases stitches are administered. Massage, fomentation and physio therapy is also resorted; all these are external method of treatment. In about 596 of cases operation or surgery is also performed wherein a part of body is either removed or a new one is planted. In about 596 of cases, the cause is not in our control such as environment leading to respiratory diseases such as asthma and some allergies, heredity in case of a few disease or rather body disorder, due to malfunction of hormones. In such case a patient has to undergo some regular and may be lifelong treatment like insulin injection, strict diet control and exercise. Rest 596 cases are other diseases or body disorder which does not constitute a group. This statistics is based on observation and may be treated as rule of thumb. This may not be exact. The idea is to highlight the importance of food and its effect on our body.

Our body consists of many organs and systems. Some of them are dynamic such as hands, feet, heart etc. Some are static such as ears & nose to name a few. Now the dynamic parts need to be moved, so we must walk and exercise to tone them up and keep them fit. We need energy for our body to function as well as for the growth of our body. So during our growth period, from childhood to teenage, we need more food. Some portion of the energy from the food intake goes for our day to day function, while the rest goes for the growth of the body. Generally after the age of nineteen, the bones in body stop growing. So now we must regulate our diet by way of food intake otherwise the extra energy gets stored in the body in the form of fat. We get energy from the food we eat or drink. So for the very survival of a human, food is the most important input.

As pointed out earlier, in about 75% of the cases which need medical help or treatment, the treatment is with help of digestion system. If we go back we may also presume that for about 75% of cases which need medical help, the cause may also be related to digestion system the input to It, our food. So It is a safe bet to conclude that our food may be the major cause of health related problem. This issue further boils down to three factors namely: quality of food, quantity of food and frequency of food intake

**Quality of food:** Our ancestors had classified food in three categories namely Rajshi, Tamshi and Satvik. The foods in Rajshi category are made from rich food such as Ghee, Sugar and dry fruits. The excessive consumption of such food leads to obesity and heart related problems. It is believed that obesity is the cause of many body disorders. The foods in Tamshi category are full of spicy items such as chilly, pepper, cinnamon, clove, garlic and onions. The excessive consumption of such food leads to piles, ulcer and acidity. The food in Satvik category are body friendly and constitute proper amount of Rajshi and Tamshi food elements. They are made of all the necessary ingredients our body needs for its effective function.

**Quantity of food:** There are various schools of thoughts on this topic. Some say eat breakfast like a king, lunch like a prince and dinner like a pauper. Some say just opposite to this. Each one must follow what is best suited to his/her body. After all we eat partly for enjoyment and mainly for necessity. The **Jain religion** prescribes what is known as "Unodari"; which means one must never eat to fill the entire stomach, but must eat slightly less. Even modern medical science endorses this as a healthy practice.

**Frequency of food intake:** Here again different schools of thought with divergent views are prevalent. Some advocate frequent intake of food but each time a small quantity. Others suggest once heavy dinner, no breakfast and uncooked food for lunch. Some suggest two to three fixed time food intakes. This is a well accepted theory. Even doctors usually prescribe the dosage of medicines twice or thrice a day.

Three main inputs our body needs for the survival and growth are air, water and food. So we must ensure that all these be as pure as possible. Due to increasing pollution the quality of air, we breathe is not in our control. Water also may not be pure, but with the use of water purifiers, we can try to get potable safe water. The food is in our control, so we may try to consume satvik food, that too in the right quantity. Our ancestors had a rule of thumb to know about our health and the relation of food Intake. This is empirical and based on the frequency of one's defecation in a day. This is summarized as under.

Once a day: **Yogi:** - Just the right quantity and quality of food intake, the controlled Satvik food intake

Twice a day: **Nirogi:** - Right quantity and quality of food intake, slightly higher Tamshi food intake

Thrice a day: **Bhogi:** - Over indulgence or high quality and quantity of Tamshi food intake

Four times a day: **Rogi:** - Indicates malfunction of digestive system or gross neglect of food intakes

### રત્ન કર્ણિકાઓ

૧) સારૂં મેળવવાની ઇચ્છા રાખે તે સંસારી
સાર મેળવવાની ભાવના તે સંયમી

૨) ધર્મીની વય વધે તેમ વ્રત વધે, ધર્મમાં લય વધે ને પ્રલય ઘટે.

૩) આપ્યા પછી ભૂલી જવું તેનું નામ દાન
આપ્યા પછી લેવાની આશા રાખે તે  નાદાન

૪) સંત પાસે રહી, સંત બનો, નહીં તો સંતોષી તો બનો

૫) ક્રોધ એ શક્તિનું પરાક્રમ છે તો ક્ષમા એ સત્ત્વનું સમ્યક પરાક્રમ છે.

*- શાહ મધુકાન્ત વિશનજી (ઘાટકોપર)*

### હાઇકુ

તારો અહમ
બધો, પારાશીશીમાં
માપશે પ્રભુ

----o----

જીવતે જીવ
દાહ આપો મોહને,
મળશે શાંતિ

----o----

કહે વ્યાખ્યાન
"શબ્દ વાગ્યા તે જાણે"
જાણે તે માણે

પરમ તત્વ
ન ઓળખાયો, અંતે...
ફાંફાં જ ફાંફા!

*- દોલતસિંહ રતનસિંહ જાડેજા "છોટાલાલ"* (નલીયા)

### હવે હસો...

મોહન : એકવાર ઝાડ પર ચઢીને બેસી ગયો. એટલે ઝાડપર બેઠેલા સોહને તેને પૂછ્યું કે તું ઝાડ પર શા માટે ચઢયો છે?

મોહન : સફરજન ખાવા

સાહેબ  પણ આ ઝાડ તો આંબાનું છે!

મોહન : ખબર છે. સફરજન સાથે લાવ્યો છું...

*- રાજેશ જ્યંતિલાલ લોડાયા (ભાંડુપ*

### ક્યાંથી હોય?

વસ્ત્રો થઈ ગયાં ટૂંકા, લાજ ક્યાંથી હોય?
અનાજ થઈ ગયો હાઈબ્રીડ, તાકાત ક્યાંથી હોય?
નેતા થઈ ગયા ખુરશીના, દેશપ્રેમ ક્યાંથી  હોય?
ફૂલો થઈ ગયાં પ્લાસ્ટીકનાં, સુગંધ ક્યાંથી હોય?
ચહેરા થઈ ગયા મેકઅપના, રૂપ ક્યાંથી હોય?
શિક્ષકો થઈ ગયા ટયુશનના, વિદ્યા ક્યાંથી હોય?
ભોજન થઈ ગયા હોટેલનાં, તંદુરસ્તી ક્યાંથી હોય?
પ્રોગ્રામ થઈ ગયા કેબલના, સંસ્કાર ક્યાંથી હોય?
માણસ થઈ ગયા પૈસાના, માણસાઈ ક્યાંથી હોય!
ભક્તો થઈ ગયા પ્રસાદના, ભગવાન ક્યાંથી હોય?
પ્રસંગો થઈ ગયા બુફેના, પ્રીત ક્યાંથી હોય?

*- સં. રાજેશ રામજી મૈશેરી (ભાંડુપ)*

## જ્ઞાન – ગમ્મત - *સરલાબેન નાગડા (માટુંગા)*

**(A) નીચેની ક્લુ ઉપરથી ક્યા પ્રોડક્ટની જાહેરાત છે.**

૧) કીસીને રમાકી આહ ભી સુની

૨) કંગી સે દોસ્તી, સ્વસ્થ બાલો સેં પ્યાર

૩) પેશ હૈ એક ટુકડા ચાંદ કા

૪) જા, વો તુમ્હારી રાહ દેખ રહા હોગા

૫) જી લલચાયે... રહા ન જાયે...

૬) કપડે બનાયે સુપર કડક

૭) નિખરે રંગ-નિખરે જીંદગી...

**(B) વિચારીને લખો :**

૧) પાંચ અક્ષરનો શબ્દ છે. એમાંથી ૧લો, ૪થો અને પાંચમો અક્ષર જોડીએ તો પૃથ્વી-ભૂમી થાય

બીજો ને છેલ્લો મળીને પતિ થાય. પહેલો અને ત્રીજો અક્ષર જે નાગ પાસે હોય

પહેલો, બીજો અને પાંચમો અક્ષર મળી એક ભગવાનનું નામ થાય.

૨) છ અક્ષરનો શબ્દ છે

છેલ્લા ૩ કાઢો તો માતા મળે. ૧લો અને છેલ્લો મળીને પાઈલ્સ મળે પહેલા ૩ અક્ષર કાઢી ૬ઠાનો કાનો ણ કાઢીએ તો અગાશી મળે.

૩) પાંચ અક્ષરનો શબ્દ છે. છેલ્લા બે અક્ષર કાઢીએ તો કૃષ્ણ કનૈયો મળે.

પહેલાં ૩ અક્ષર કાઢીએ તો નોકર મળે.

૪થો અને પાંચમો અક્ષર ઉલ્ટાવીએ તો હંમેશા મળે

**(C) જોડકા જોડો**

| એ | બી |
|---|---|
| ૧) અમૃતા પ્રીતમ | કવિ, નાટ્યલેખક |
| ૨) અમર્ત્યસેન | આર્યસમાજ સ્થાપક |
| ૩) આર્યભટ્ટ | પ્રથમ માનવ અવકાશયાત્રી |
| ૪) કાલિદાસ | ગણિત-ખગોળશાસ્ત્રી |
| ૫) ગીત સેઠી | કવયિત્રી |
| ૬) ચાર્લી ચેપ્લીન | બ્રહ્મસમાજ સ્થાપક |
| ૭) દયાનંદ સરસ્વતી | અર્થશાસ્ત્રી |
| ૮) ધ્યાનચંદ | બિલ્યિર્ડ ચેમ્પીયન |
| ૯) દલાઈલામા | ચિત્રકાર |
| ૧૦) પી.ટી.ઉષા | હાસ્ય અભિનેતા |
| ૧૧) મિર્ઝાગાલીબ | હોકીના જાદુગર |
| ૧૨) યૂરીગાગારીન | આધ્યાત્મિક નેતા |
| ૧૩) રાજા રામ મોહનરાય | મહિલા દોડ વીર |
| ૧૪) રાજા રવિ વર્મા | ઉર્દુ શાયર |

**(D) તમારા જવાબ "પા" થી શરૂ થાય છે.**

૧) નૂપુર એટલે, ૨) એક દેશ છે, ૩) જમ્યા પછી ખવાય, ૪) ઋતુમાં પાન ખરે, ૫) એના વિના ભારત બહાર ન જવાય, ૬) એક અટક, ૭) એક છોકરીનું નામ, ૮) એના વગર ખીચડી કોરી, ૯) શીવજીના પત્ની ૧૦) એટલે ચાર આના, ૧૧) એના વિના દાબેલી અધુરી, ૧૨) અહીંના પાટોળા વખણાય છે.

**(E) જવાબો કાના-માત્રા વગરનાં હોવા જોઈએ**

૧) સુથારનું સાધન, ૨) પગનો અવાજ, ૩) એક શાક,૪) શરીરનું અંગ, ૫) એક કાપડનું નામ, ૬) કડીયો જે કામ કરે છે. ૭) ધીમા છાંટનો વસાદ, ૮) ધૂળનો કણ, ૯) ડાયાબીટીસવાળા ને ન ચાલે, ૧૦) એક મોટો સાપ, ૧૧) જયાપ્રદાની ફિલ્મ, ૧૨) અગ્નિ પેટાવવાનો પત્થર, ૧૩) એક પ્રકારની ઘોડાગાડી, ૧૪) સૂઝ ડહાપણ, ૧૫) વિમાની મથક, ૧૬) ઘંટનો અવાજ ૧૭) એક મોગલ બાદશાહ, ૧૮) રસોઈનો એક મસાલો, ૧૯) રાષ્ટ્રગીતની શરૂઆત, ૨૦) પક્ષીઓનો અવાજ.


શુભેચ્છા સહ...

શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)

UKKHIMJI & CO.

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057


**(A) જવાબ :** ૧) મુવ, ૨) ક્લીનીક પ્લસ, ૩) ફેર એન્ડ લવલી ૪) માઝા, ૫) આલ્પેન્લીલે, ૬) રીવાઈવ, ૭) ગોદરેજ ફેર ગ્લો

**(B) જવાબ :** ૧) પધરામણી, ૨) મધર ટેરેસા, ૩) મોહનદાસ

**(C) જવાબ –** ૧) કવયિત્રી, ૨) અર્થશાસ્ત્રી, ૩) ગણિત-ખગોળ શાસ્ત્રી, ૪) કવિ-નાટ્યલેખક, ૫) બિલિયર્ડ ચેમ્પિયન, ૬) હાસ્ય અભિનેતા, ૭) આર્યસમાજ સ્થાપક, ૮) હોકીના જાદુગર, ૯) આધ્યાત્મિક નેતા, ૧૦) મહિલા દોડવીર, ૧૧) ઉર્દૂ શાયર, ૧૨) પ્રથમ માનવ અવકાશયાત્રી, ૧૩) બ્રહ્મસમાજ સ્થાપક, ૧૪) ચિત્રકાર

**(D) જવાબ :** ૧) પાયલ, ૨) પાકિસ્તાન, ૩) પાન, ૪) પાનખર, ૫) પાસપોર્ટ, ૬) પાઠક, પાટીલ, ૭) પારૂલ, ૮) પાપડ, ૯) પાર્વતી, ૧૦) પાવલી, ૧૧) પાંઉ, ૧૨) પાટણ.

**(E) જવાબો :** કરવત, પગરવ, પરવડ, ગરદન, નખ, પગ, મલમલ, ચણતર, ઝરમર, રજકણ, ગળપણ, અજગર, સરગમ, ચકમક, ટમટમ, સમજણ, ડમડમ, ટનટન, અકબર, હળદર, જનગણમન, કલરવ.

**પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન**

**સંસ્થા સમાચાર — જ્ઞાતિ સમાચાર — વતન સમાચાર**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### જ્ઞાતિ મુમુક્ષરત્નો પ્રવજ્યાના પુનિત પંથે...

આનંદ અને ગૌરવની વાત છે કે જ્ઞાતિની બે દીકરીઓ માતુશ્રી ઝમકુબેન ચંદુલાલ આણંદજી શિયાડ પરિવાર (તેરા-ઘાટકોપર)ના સુપુત્ર શ્રી મુકેશભાઈ અને પુત્રવધુ સૌ. ગીતાબેનની સુપુત્રીઓ કુ. રૂચિબેન અને કુ. નિરાલીબેન પ્રભુ મહાવીરે પ્રરૂપેલ પ્રવજ્યાના (દીક્ષા) પંથે પગરણ કરવા ઉચ્ચ ભાવના રાખી છે. એ મુમુક્ષુરત્નોની ભાગવતી દીક્ષા જૈનધર્મીય તપાગચ્છીય પૂ.આ. રામચંદ્રસુરી પરિવારમાં વિ.સ. ૨૦૬૯ પોષ સુદ-૫ બુધવાર તા.૧૬-૧-૨૦૧૩નાં શુભદિને-શુભમુર્હતે પૂ.ગુરૂદેવશ્રીના દીક્ષા શતાબ્દિ મહોત્સવ દીક્ષાભૂમિ શ્રી ગંધાર તીર્થે ઉજવાશે અને બન્ને જ્ઞાતિદીકરીઓ સંયમમાર્ગે પ્રસ્થાન કરશે એ ભવ્ય અવસરે સમસ્ત જ્ઞાતિને પધારવા ભાવભીનું આમંત્રણ છે. બન્ને મુમુક્ષુ આત્માઓના સંયમપંથ ઉજમાળ બનો, સ્વ અને પરના કલ્યાણકારી બનો એજ સૌની શુભેચ્છા. ધન્ય પરિવાર, ધન્ય માતા-પિતા, ધન્ય એ ભવ્યાત્યાઓ.

### કે.ડી.ઓ.સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી ક્લબ-મુંબઈ

ક્લબના ૧૫ સભ્યો તા.૩૦-૮થી ૬-૯-૧૨ દરમ્યાન ૮ દિવસની આંધ્રપ્રદેશમાં આવે તિર્થોની ચૈત્ય પરિપાટીએ ગયા હતા.

તા.૩૦મીની બપોરે હૈદ્રાબાદ એક્ષપ્રેસ દ્વારા નીકળી બેગમપેટ સ્ટેશને ઉતરી ત્યાંથી નવગ્રહ દેરાસર સંકુલમાં પહોંચ્યા. ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ મોમાયા તથા શ્રીમતી પુષ્પાબેને યાત્રીકોનું ભાવભીનું સ્વાગત કરી નવકારશી કરાવી. ત્યાંના વિશાળ દેરાસરમાં પુજા સેવા કરી ચૈત્યવંદન કર્યું.

ત્યાંથી હૈદ્રાબાદમાં આવેલ ચૈતન્યપુરી દેરાસરે પુજાસેવા કરી ભોજન કર્યું. ત્યાંથી શહેરમાં ફરી રાત્રે શ્રી કુલપાકજી તિર્થે પહોંચ્યા અને ત્યાં રાત્રીમુકામ કર્યો સવારે ત્યાં પુજાસેવા કરી, ભોજન કરી શ્રી અરીહંતધામના દેરાસરે ગયા. ત્યાં દર્શન કરી ભીમાવરમ, અમરાવતી દેરાસરોના દર્શન કરી ઓમકાર તિર્થે પહોચ્યા જ્યાં રાત્રીમુકામ કર્યો.

તા.૨ના નાગાર્જુન નગરમાં આવેલ શ્રી પાર્શ્વનાથજી દેરાસરે દર્શન કરી તેનાલી ગામે આવેલ શ્રી વાસુપુજ્ય દેરાસરે દર્શન કર્યા. ત્યાંથી ગુમી લહેરના દેરાસરમાં દર્શન કરી ગુંતુર ગયા અને ત્યાંના દેરાસરજીમાં દર્શન કર્યા.

તા.૩ના કાકુટુરના ભવ્ય ૨૪ તિર્થંકર દેરાસરમાં દર્શન કર્યા. ત્યાંથી નેલોર દેરાસરે દર્શન કરી રાજેન્દ્રનગર દેરાસર સંકુલમાં રાત્રી રોકાયા. સવારે પુજા સેવા કરી, ભોજન કરી તિરૂપતી તરફ રવાના થયા.

તા.૫-૯-૧૨ની સવારે શ્રી તિરૂપતી બાલાજીના દર્શન કર્યા અને બપોરે વેલોરમાં આવેલ વિશાળ કોમપ્લેક્ષમાં શ્રીપુરમના મહાલક્ષ્મી માતાના સુવર્ણ મંદિરમાં દર્શન કર્યા.

આગામી યાત્રા શ્રી ગીરનાર તિર્થ સાથે સાસણગીર, દિવ, વેરાવલ, પ્રભાસપાટણ, રાજકોટ તા.૧૮-૧૨-૧૨ થી ૮ દિવસ, સંપર્કઃ રતિલાલ ખોના-૨૪૦૨૧૮૫૯

### કાંજુરમાર્ગમાં જનજાગરણ-સંપર્ક સભા

સમસ્ત જ્ઞાતિ મહાજન, મુંબઈ મહાજન અને અનંતનાથ કો.ઓપ. સોસાયટી-કાજુરમાર્ગ દ્વારા તા.૨૪-૧૦-૧૨નાં સવારે ૯ વાગે જ્ઞાતિજનજાગરણ-સંપર્ક સભા કાંજુરમાર્ગમાં અનંતનાથ સોસાયટીમાં યોજાઈ. આ સભામાં આસપાસ પવઈ, વિક્રોલીથી પણ જ્ઞાતિજનો જોડાયા હતા. અનંતનાથ સોસાયટીમાં સંઘ દ્વારા સમસ્ત મહાજન અને મુંબઈ મહાજન તથા આમંત્રિતોનું હાર્દિક સ્વાગત કરાયું. સંઘના અગ્રણી શ્રી ચેતન હીરાચંદ નાગડા અને કાર્યકર ટીમે આ મેળાવડા માટે સારી જહેમત લીધેલ. પ્રારંભે દીપ પ્રાકટ્ય તથા હારારોપણ કરી નવકાર પઠન




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500



સાથે કાર્યક્રમ શરૂ થયેલ. મુંબઈ મહાજનવતી પ્રમુખ શ્રી નયન ભેદાએ જ્ઞાતિ પ્રગતિના કાર્યોમાં એકતા અને સાથ સહકાર ખુબ જરૂરી છે. આપણે નકારાત્મક પ્રચારના શિકાર બની પ્રગતિના અવરોધક બનીએ છીએ. આજની વૈશ્વિક વિટંબણાભરી પરિસ્થિતિમાં જો સમયને સમજી-સાચવી ઐક્ય નહીં દાખવીએ તો પસ્તાવા સિવાય કંઈ હાથ નહીં લાગે.

સમસ્ત મહાજન દ્વારા થઈ રહેલા પ્રયાસને આપણાં સૌનો ટેકો છે. કાંજુરમાર્ગ અનંતનાથ સોસાયટીના પ્રશ્નો અને જરૂરીયાતો માટે પણ અનંતનાથ ટ્રસ્ટ જરૂર યથાયોગ્ય સુધારણા કરવા કટિબધ્ધ છે અને સમયે સમયે જરૂર તેની વિચારણાં થશે તેવું આશ્વાસન આપેલ. પ્રારંભે સોસાયટીના યુવા પ્રમુખ શ્રી ચેતન નાગડાએ સૌને આવકાર આપેલ અને કાર્યક્રમની પ્રસ્તાવના આપેલ.

સમસ્ત મહાજનશ્રી વતી સેક્રેટરી જનરલ શ્રી ચીમન મોતાએ સમસ્ત મહાજનની વ્યાખ્યા, ઉદ્‌ભવ, પુનર્જીવન, ઉદ્દેશ્યો અને તેની માળખાકીય રૂપરેખાની વિગતો રજુ કરેલ.

આજના મેળાવડાની રૂપરેખા-પ્રસ્તાવના રાખી જ્ઞાતિના આ જનજાગરણ અભિયાનમાં જ્ઞાતિમાંથી મળેલ સુર-પ્રશ્નવાચાનો સારાંશ રજુ કરેલ.

એ પછી જ્ઞાતિજનોને પોતાના વિચારો વ્યક્ત કરવા આમંત્રણ આપેલ. જેમાં સમસ્ત મહાજનની વ્યવસ્થા જ્ઞાતિપ્રશ્નો ઉકેલવા ઉપયોગી બનશે એવો આશાવાદ વ્યક્ત થયો. "અનંતછાયા" પ્રકરણે જ્ઞાતિજનોએ માહિતી જાણી. શ્રી નયનભાઈએ સમગ્ર પ્રશ્નપર જે કોઈને જાણવું હોય તો તેઓ ક્યારે પણ ટ્રસ્ટનો સંપર્ક કરી માહિતી મેળવી શકે છે. ટ્રસ્ટ દ્વારા શક્ય તેટલી શ્રેષ્ઠતાએ આ પ્રશ્ન ઉકેલવા પ્રયત્ન કરાયો છે. તેમ છતાં કેટલીક ગુંચવણો ઉભી થઈ છે જેમાં સમસ્ત જ્ઞાતિ હકારાત્મકપણે વિચારી ટ્રસ્ટને આગળ વધવા ટેકો આપશે અને વધાવી લેશે તો ઘણાં પ્રશ્નોનો અંત આવી શકે તેમ છે અને જ્ઞાતિ પ્રગતિના નવા દ્વાર ઉઘાડી શકે છે. આપણે આપણી માનસિકતાને વધુ ખુલ્લી રાખી આ પ્રશ્ન સમજીએ તો જ્ઞાતિના નવોદય માટે "અનંતછાયા" પ્રકરણથી શુભારંભ થઈ શકે એમ છે.

શ્રી ચીમન મોતાએ સમગ્ર તથા જ્ઞાતિહિત અને ટ્રસ્ટ/સંસ્થાઓ/મહાજનો દ્વારા બંધારણીય માળખામાં રહી પ્રવૃતિઓ રચનાત્મકપણે આગળ વધે તો આપણે વડીલોએ વારસામાં આપેલ મહાજન પરંપરાને અજવાળીશું એમ ઈતિહાસ આલેખાશે. એટલે નકારાત્મક અભિગમ બદલીને પરસ્પર સંપ, સહકાર અને વધાવી લેવાની ભાવનાતી આગળ વધીએ તો આપણા જેવી જ્ઞાતિ માટે કોઈ પ્રશ્ન કે અશક્યતા નથી જ. શ્રી ચેતન મોતાએ જ્ઞાતિપત્રોને જ્ઞાતિસંસ્થાઓના હિતમાં જ્ઞાતિમાં જનજાગરણ ચેતના લાવવા અપીલ કરેલ અને કાંજુરમાર્ગ સંઘનો આ બેઠક આયોજન બદલ આભાર માનેલ.

અંતમાં ચંપક જીવાણીએ સમસ્ત મહાજનવતી મુંબઈ મહાજન અને કાંજુરમાર્ગ સંઘ અને પધારેલ જ્ઞાતિજનોના સહયોગ બદલ આભાર વ્યક્ત કરેલ. આગામી સંપર્ક સભા તા.૪-૧૧-૧૨નાં ડોંબિવલીમાં યોજાઈ છે.

## શ્રી કચ્છ કેસરી જૈન ગ્રુપ-જલગામ

અત્રે યુવાઓએ શ્રી કચ્છ કેસરી જૈન ગ્રુપ સભ્ય સ્થાપના કરેલ છે. ૧૫ થી ૪૫ વર્ષ સુધીના લગભગ ૪૦ સભ્ય જોડાયા છે. પ્રમુખપદે શ્રી કલ્પેશ માણેકજી છેડા, ઉપપ્રમુખપદે શ્રી ભાવેશ ધનપતિ મોમાયા, સેક્રેટરી શ્રી શ્રેયસ જયચંદ મૈશેરી, જોઈન્ટ સેક્રેટરી શ્રી અંકુશ જયેશ ઓસવાલ, ખજાનચી કુમાર લક્ષ્મીચંદ પોલડિયા સર્વાનુમતે ચુંટાયેલ છે.

જલગામમાં તેરાપંથી તેમજ રોટરી ક્લબ દ્વારા આયોજિત રક્તદાન શિબિરમાં શ્રી કચ્છ કેસરી મંડળના ૧૮ જણાંએ રક્તદાન કરીને કાર્યની શરૂઆત કરી.

તા.૨૩-૯-૧૨ બસ દ્વારા સવારના પાંચ વાગે દેરાસરથી વાસુપુજ્યદાદાના દર્શન કરી પુ.મ.સા.ને વંદન કરી શ્રી કચ્છી દશા વિશા ઓસવાલ મહાજન જલગામ તરફથી એક દિવસીય ચૈત્ય-પરિપાટી યોજાઈ. જેમાં બાવન જણાં જોડાયા હતા.

જલગામથી રવાના થઈ અંતરિક્ષજી પાર્શ્વનાથ, ખામગામ, બાલાપુર, તથા આકોલા દેરાસરના દર્શન કરી


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

અચલગચ્છ પ્રવર્તન અને પૂ.આ.શ્રી આર્યરક્ષિત સુરિજીની નવમ શતાબ્દિ અને પૂ.આ.શ્રી ગુણસાગરસુરિજીની જન્મશતાબ્દિ ઉજવણી વર્ષમાં ૧૪૦૦થી અધિક વરસીતપ આરાધકોની હાર્દિક અનુમોદના અને શાતાપૃચ્છા...
- "તન-મન" પરિવાર

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

સમુહ ચૈત્યવંદન કર્યા. ખામગામ સંઘે નવકારશીનો લાભ લીધેલ.. ત્યાં આદેશ્વર દાદાના દર્શન વંદન કરી બિરાજમાન ગુરૂભગવંતોને વંદન કરી પ્રવચનનો લાભ લીધેલ. બાળાપુરમાં પાર્શ્વનાથ સમુહમાં ચૈત્યવંદન દર્શન કરી ત્યાંથી અંતરિક્ષજી તિર્થે અતિપ્રાચિન શ્રી પાર્શ્વનાથ પ્રતિમાના દર્શન ચૈત્યવંદન કરી આરતી તથા મંગલદિવાનો લાભ લીધેલ.. ત્યાં બપોરના સાધર્મિક ભક્તિનો લાભ લઈ સંઘે આકોલા માટે પ્રસ્થાન કરેલ.. ત્યાં બન્ને દેરાસરના દર્શન-વંદન કરી બિરાજમાન ગુરૂભગવંતોને વંદન કરી સાંજના ચોવિહારનો લાભ શ્રી આકોલા સંઘે લીધેલ. સંઘપતિ તરીકે અશોકભાઈ પોલડિયાએ લાભ લીધેલ.. શ્રી કચ્છ કેસરી જૈન ગ્રુપના યુવાઓએ હર્ષોલ્લાસથી શરૂઆત કરેલ છે. ખામગામ સંઘનું બહુમાન ઉપપ્રમુખ શ્રી દિનેશ કુલીનકાંત લોડાયાએ કરેલ.. આકોલા સંઘનુ બુહમાન પ્રમુખ શ્રી કલ્પેશ માણેકજી છેડાએ કરેલ.. ત્યાં ગુરૂભગવંતોની હાજરીમાં સંઘપતિ શ્રી અશોક પોલડિયા તથા સંઘાતા શ્રીમતી સાધનાબેનનું બહુમાન જલગામ સંઘના ભાવેશભાઈ, શ્રેયસભાઈ, કુમારભાઈ તથા દિનેશભાઈ લોડાયાએ અને સંઘમાતાંનું બહુમાન શ્રીમતી શિલ્પા ક્લ્પેશ છેડાએ શાલ તથા શ્રીફળથી કરેલ.. ત્યાંથી સાંજે સાડાસાત વાગે જલગામ માટે નીકળ્યા. દરેકને સંઘપુજન રૂા.૬૦નું થયું હતું.

તા.૭-૧૦-૧૨ના ગ્રુપ દ્વારા શ્રી ગૌતમ પ્રસાદીનો શુભારંભ શ્રી ક.દ.વી.ઓ. મહાજના પ્રમુખ તથા ઉપપ્રમુખ તેમજ સકલ સંઘની હાજરીમાં હર્ષોલ્લાસથી કરવામાં આવેલ છે. આ ગૌતમ પ્રસાદી દર રવિવારે ગરીબો માટે સાંજના ચારથી સૂર્યાસ્ત સુધી જ કરાય છે. પ્રમુખના માતુશ્રી સ્વ.સૌ. દમયંતિબેન માણેકજી છેડાની સ્મરણાંજલી રૂપે તથા ઉપપ્રમુખ શ્રી ભાવેશભાઈના પિતા શ્રી ધનપતિ કુંવરજી મોમાયાના સહયોગથી ગૌતમ પ્રસાદીની શરૂઆત કરવામાં આવી છે. આ માનવતા જ્યોતને ચાલુ રાખવા રૂા.૧૫૦૦ના નકરાથી લાભ લઈ શકાશે.

### વડાલા

વડાલા સંઘમાં પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.આ.ઠા.૩ની નિશ્રામાં તા.૨૯-૯-૧૨ના સવારના ગચ્છાધિપતિ, તપસ્વીરત્ન પૂ.આ.ભ. ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા.ની ૮૧ જન્મતિથિએ આચાર્યપદ આરાધના વ્યાખ્યનમાં ગુણાનુવાદનું આયોજન થયેલ.. વ્યાખાનબાદ પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.એ સુંદર શૈલીના પૂ.આ.ભ.ના જીવનના અનેક પ્રસંગો વિસ્તારપૂર્વક સંભળાવેલ જે સાંભળીને શ્રાવક/શ્રાવિકાઓ ગદગદ થઈ ગયેલ. બાદ પૂ.શ્રીની નિશ્રામાં ચૈત્યવંદન કરવામાં આવેલ.. સંઘના ભાઈ-બહેનોએ પૂ.સા.ના સથવારે ૨ કલાક વંદનારૂપે સ્તવનોની રમઝટ બોલાવેલ.. જેમાં પૂ.આ.ભ.ને સ્વસ્થ અને દીર્ઘાયુ થવાની શુભકામના કરેલ.. આ નિમિતે પીળા વર્ણ એટલે ચણાદારની વાનગીઓના એકાસણાં ૪૫થી ૫૦ શ્રાવકશ્રાવકોએ કરેલ. સંઘે રૂડી રીતે પૂ.શ્રી.ના જન્મદિનની ઉજવણી કરેલ.

શ્રી આઝાદનગર કૉ.ઓ.સાસાયટી ગણેશ મંડળે મહોત્સવ દરમ્યાન યોજેલ વિવિધ હરિફાઈઓમાં જ્ઞાતિના બાળકો મિતાલી ભાવેશ દંડ-સંગીત ખુરશી રેસમં બીજું ઈનામ. દર્શાદ ભાવેશ દંડ-સંગીત ખુરશી રેસમાં ત્રીજું ઈનામ, ઉમંગ મનીષ લોડાયા ચમચી-પોટેટો રેસમાં-૧લું ઇનામ, આકાશ શૈલેષ મૈશેરી-સંગીત ખુરશી રેસમાં ૧લું ઈનામ મેળવેલ છે. હાર્દિક અભિનંદ.

### ઘાટકોપરમાં વાર્ષિક મહાકાલી પુજન-પહેડી

પૂ. યતિશ્રી મોતીસાગરજીના માર્ગદર્શન-વિધિવિધાને પૂ.મહાકાળીમાતાજીનું સળંગ ૧૭માં વર્ષનું મહાપુજન અને સમુહપહેડી ઘાટકોપરમાં જવેરબેન સભાગૃહમાં સવારે ભણાવાયું. આ પુજનનો લાભ માતુશ્રી મુરબાઈ વિશનજી લોડાયા પરિવાર અને માતુશ્રી જ્યોત્સના શાંતિલાલ લોડાયા પરિવાર તરફથી હતું. આ પ્રસંગે શ્રી કિશોર મનરાજા અને શ્રી હંસકુમાર મૈશેરી અને કલાકારોએ ભક્તિ ભાવનાની રમઝટ જમાવી હતી. દરેકે દર્શન વંદન કરી પ્રસાદ અને સંઘ સાધર્મિક ભક્તિ લાભ લીધેલ. ૧૮મા વર્ષનો લાભ માતુશ્રી ચંપાબાઈ હંસરાજ ડાઘા પરિવાર હ. શ્રી હીરાલાલ ભાઈએ લીધેલ છે. આ અવસરે લાભાર્થી દાતા પરિવારોનું સન્માન કરી અનુમોદના કરાઈ. કાર્યકરોએ સુવ્યવસ્થા જાળવવા જહેમત લીધી.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

## ભાંડુપમાં મહાકાલી ભક્તિ નવરાત્રોત્સવ

ભાંડુપ અનંતસિધ્ધિ પરિસરમાં શ્રી અનંત મિત્ર મંડળ અને તેની યુવાપાંખનાં કાર્યકરો દ્વારા નવરાત્રિના નવે દિવસ સતત ૧૮મા વર્ષે નવરાત્રોત્સવ ઉજવાયો. ગચ્છ અધિષ્ઠાયિકા દેવી મહાકાલીમાની ઉત્સાહ ઉમંગે ભક્તિભાવના પાંચપાંચ ભાવિક પરિવારોના સહયોગે નૂતન હોલમાં રાત્રે ૯.૩૦ થી ૧.૧૩૦ દરમ્યાન ભણાવાઈ. જેમાં સમસ્ત જ્ઞાતિજનને પધારવા આમંત્રણ અપાયેલ. દરરોજ ૩ લક્કી ડ્રો યોજી ભાગ્યશાળીઓને ઇનામ અપાયા. આ ભાવના અને ત્યારબાદ રાસગરબા-દાંડીયા રાસ દશાઈ સંસ્કૃતિ પરંપરાગત ઉજવાયા. દરોરજ લાભાર્થી પરિવારો દ્વારા આરતી સજાવટ કરી ઉતારવામાં આવી. ભાવના-દાંડીયામાં જ્ઞાતિના જ કલાકારોએ ગીત ગાયા અને વાદ્ય સાધનો પણ સ્વયં વગાડેલ.

રોજના લકી ડ્રોના વિજેતાઓમાંથી છેલ્લે મહા લકી ડ્રોમાંથી ભાગ્યશાળીના બે જણાંને પાવાગઢની યાત્રાનો લાભ મંડળ તરફતી અપાશે. નવરાત્રોત્સવમાં ભક્તિભાવ પુર્વક મહાકાલીના સુંદર આરાધના થઈ. મંડળના કાર્યકરો દરેક તહેવાર પરંપરાગત ઉજવે છે અને ૩૧ ડિસેમ્બરે કોઈ એક તીર્થયાત્રાનું આયોજન કરે છે.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ-ચાલીસગામ

ટ્રસ્ટ દ્વારા બુધવારે ગરીબોને ભોજન માટે મદદરૂપ થયેલ દાતાઓની યાદી : કાયમી તિથીઓ : ખુશાલચંદ કલ્યાણજી પોલડીયા હસ્તે રેખાબેન, દમયંતીબેન પદમશી ખોના (કોચીન), ઉત્તમચંદ મેઘજી દંડ (તેરા), હીરાચંદ દામજી દંડ (અંધેરી), ધનજી રતનશી નાગડા હ. રૂ પેશભાઈ (પાંચોરા) અને દષ્ટી મુકેશ લોડાયા (મુલુન્ડ),

વેજબાઈ ગોવિંદજી નાગડા (ખામગામ), એક સદગૃહસ્થ, લક્ષ્મીચંદ કાનજી લોડાયા (કારંજા), મનીષાબેન નિરેન હિરાચંદ નાગડા (નાંદેડ), પિતાંબર લાલજી ખોના (ખંડવા), નવલબાઈ ધનજી વર્ધમાન નાગડા (સેલમ)

પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શને પ્રવૃતિઓ સારી રીતે ચાલે છે. ચાલીસગામમાં દર બુધવારે ગરીબોને ભોજન અપાય છે. સાધર્મીકભક્તિ કાર્ય ચાલુ છે. ખાનદેશ મર્યાદિત અનાજવિતરણ કાર્ય માટે કાયમિતિથી રૂા.૫,૦૦૦ અને એક દિવસની રૂા.૫૦૦ છે. જ્ઞાતિબંધુઓને સહકાર આપવા વિનંતી કરાઈ છે. દર બુધવારે ભોજનની કાયમિતિથીના દાતા વેરશી રતનશી ગડા (મુલુન્ડ), દેવજી દામજી કુરવા હ. જવાહરલાલ કુરવા (કાંદીવલી), સરલાબાઈ

### શેઠ નરશી નાથા વાતાનુકુલીત સભાગૃહનું ઉદ્‌ઘાટન

મુંબઈ-ભાંડુપ અનંતસિધ્ધિ પરિસરમાં આવેલ શેઠ નરશી નાથા સભાગૃહના નુતનીકરણ, રંગરોગાણ અને નીચેના હોલને વાતાનુકુલીત કરાયા બાદ તેનું ઉદ્‌ઘાટન તા.૨૧-૧૦-૧૨નાં સાંજે ૯.૩૦ વાગે અગ્રણી શ્રી માણીકાંત હીરજી ધુલ્લા અને મહાજન પ્રમુખ શ્રી નયન ભેદાના હસ્તે કરાયું. આ પ્રસંગે શ્રી અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, મુંબઈ મહાજનશ્રીની વ્ય. સમિતિના સભ્યો અને જ્ઞાતિના અગ્રણીઓ બહોળી સંખ્યામાં પધારેલ.

આ નિમિતે બપોરે અનંત મિત્રમંડળ-ભાંડુપ વતી મહાકાળીની ભાવના ભણાવાઈ હતી. જેમાં નાંદેડથી શ્રી પ્રેમચંદ મોતા અને કાર્યકર મંડળી પધારેલ. ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી માણીકાંતભાઈએ ઉદ્‌બોધનમાં ફાઈવસ્ટારના યુવાઓને આ નવા સાહસની શુભેચ્છા આપતાં નામ મુજબ અમારાથી પાંચ ગણાં આગળ વધો તેવા આશિર્વાદ આપ્યા હતા.

પ્રમુખશ્રી નયન ભેદાએ પણ ફાઈવસ્ટારને પ્રગતિની શુભેચ્છા આપી જ્ઞાતિમાં સહકાર અને એકતાની ભાવના માટે અપીલ કરી હતી. આ સભાગૃહના બન્ને ખંડ અને ટેરેસ જ્ઞાતિજનો માટે રાહતદરે અને અન્ય માટે અલગ પ્રસંગાનુસાર નિયત ભાડેથી અપાશે.

આ સમગ્ર હોલની મોનાપોલી જ્ઞાતિના ફાઈવ સ્ટાર કેટરર્સને સોંપાઈ છે. ફાઈવ સ્ટાર કેટરર્સેના પાંચે જ્ઞાતિ સભ્યોને સર્વે મંડળો, મિત્રો, જ્ઞાતિજનો વતી શુભેચ્છાની ગુલછડીઓ વરસી હતી. સુંદર સજાવટ સાથેના ઉપયોગી હોલની સુવિધામાટે જ્ઞાતિજનોએ અનંતનાથ ટ્રસ્ટ બોર્ડને સરાહના સાથે શુભેચ્છાઓ આપી હતી.


શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

શુભેચ્છા સહ....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

ગંગાજર મોમાયા (ચેન્નઈ) ગુણલક્ષ્મીશ્રીજીની દીક્ષા તિથી નિમીતે, વિમલાબેન શશીકાંત લોડાયા (અંકલેશ્વર) જેઠાભાઈ કેશવજી પરિવારની દીકરીઓ હ. તરલા કુમાર અજાણી, જયશ્રી પ્રફુલ મોતા, હીના ઉમેશ ઝવેરી અને ગોપીકા કાર્તિક મૈશેરી, ભુપેશ હરીશ માલદે (શીરશી), મુલજી જીવરાજ લોડાયા (કુમઠા) હ. ભાગ્યવંતીબેન ટોકરશી લોડાયા (સાંગલી), સ્નાત્ર મંડળ અને પુણ્ય ગુણ સમુહ સામાયીક મંડળ (ગદગ)

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સુરત

સુરત મહાજનના ઉપક્રમે તા.૨૧-૧૦-૧૨ના સાંજના ૪થી ૫.૩૦ દરમ્યાન શ્રી ગુલાબચંદ હીરજી છેડા પરિવાર તરફથી તેમનાના નિવાસસ્થાને શ્રી મહાકાળી માતાની ભાવના રાખવામાં આવેલ. આશરે ૫૦ ભાવિકોએ ભક્તિભાવપૂર્વક ભાવના ભણાવી કુંદર રમઝટ જમાવેલ. શ્રી ગુલાબચંદ હીરજી છેડા પરિવાર તરફથી પ્રસાદ અને આઈસ્ક્રીમ લઈ સૌ છુટા પડ્યા હતા.

મહાકાળી માતાની આગામી ભાવનાનો લાભ શ્રી કીરણભાઈ લાલજી મૈશેરી (પટેલ) પરિવારે લીધેલ છે. જે તા.૨૫-૧૧-૧૨ના સાંજના ૪થી ૫.૩૦ કલાકે તેમના નિવાસસ્થાને ફ્લેટ નં.૧૯ બેંક ઓફ ઇન્ડીયા ઓફીસર્સ રેસીડન્સી, ઘોડદોડ રોડ, સુરતમાં રાખેલ છે.

### કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએસન

જ્ઞાતિમાં છેલ્લા ૨૨ વર્ષથી ચાલતી સામાજકિ સુરક્ષા યોજનામાં અત્યારસુધી લગભગ ૮૯૦૦ જ્ઞાતિજનો સભ્ય તરીકે જોડાયા છે તેમાંથી લગભગ ૨૫૦૦ સભ્યો તો છેલ્લા ૪ વર્ષમાં બન્યા છે જે વિશેષતઃ શ્રી પદમકુમાર ધનજી નાગડા (હુબલી) તથા તેમની ટીમની જહેમતને આભારી છે. ખાસ કરી શ્રી પદમકુમાર નાગડાએ યોજનાની ઝીણામાંઝીણી વિગતોના માહિતી કોષ્ટકોની ગોઠવણી કરી છે જે તરત જ આખું ચિત્ર સ્પષ્ટ કરે છે. આ સુંદર પ્રયાસ બદલ અભિનંદન.

શ્રી પદમભાઈનો ૬૫ વર્ષ થતાં તેઓ સ્વયં રીટાયર થઈ સામાજિક ક્ષેત્રે જાગૃતિનું ઉદાહરણ બેસાડયું છે. સંસ્થા તરફથી તેમને પેટ્રન ચેમ્બર બનાવવામાં આવ્યા છે. જ્ઞાતિના દરેક પરિવારમાથી વધુમાં વધુ સભ્યો આ યોજનામાં જોડાય તેવી અપીલ છે.


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)


### જીવનસંધ્યા સાથી પરિચય સંમેલન

પચાસ વર્ષથી ઉપરની લગ્નોત્સુક વ્યક્તિઓ માટે નિ:શુલ્ક જીવનસંધ્યા સાથી પરિચય સંમેલનનું આયોજન રવિવાર, ૨૫ નવેમ્બરે વાશીના સેક્ટર-૬માં એમજીએમ હોસ્પિટલ પાસે આવેલા મરાઠી સાહિત્ય,સંસ્કૃતિ અને કલા મંદિરના એરકન્ડિશન્ડ ઓડિટોરિયમમાં કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં ૫૦ વર્ષથી વધુ ઉમરનાં કુંવારા, છૂટાછેડાવાળા, વિધવા અથવા વિધુરો જ્ઞાતિ-ધર્મના ભેદભાવ વગર નિશુલ્ક ભાગ લઈ શકશે. સંમેલનના આયોજક મનસુખ શાહ છે આ પહેલાં નિ:શુલ્ક અપંગ જીવનસાથી પરિચય સંમેલનનું ચાર વખત આયોજન કરી ચૂક્યા છે. સંમેલનમાં ભાગ લેવા રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. ફોટો સાથે ફોર્મ મોકલવાની છેલ્લી તા.૫-૧૧-૧૨ છે. વધુ માહિતી અને ફોર્મ માટે સંપર્ક શ્રી એમ.વી.શાહ ૯૦૩ એ મરમેઇડ બિલ્ડિંગ ૧, સેક્ટર ૧૧, સીબીડી બેલાપુર, નવી મુંબઈ-400614. મો.081088 39998, ઈ-મેઈલ mansukhlals@yahoo.com

### વારાપધ્ધર-લાલકા પરિવાર

વારાપધ્ધરમાં લાલકા પરીવારનાં કુળદેવી શ્રી ચામુંડામાતાજીનાં સ્થાનમાં માતાજીનું સિંહાસન મારબલનું તથા નવી મુર્તી બનાવવાનું કામ ચાલુ થયેલ છે. શ્રી ઉમરશીભાઈ તથા રાજેન્દ્રભાઈ એ કામ ઉપર દેખરેખ રાખે છે. તા.૨૭-૧૧ તથા ૨૮-૧૧નાં પ્રતિષ્ઠા તથા પહેડીનું કાર્યક્રમ રાખેલ છે. લાભ લેવા લાલકા પરિવાર તથા નીયાણી બહેનોને પધારવા આમંત્રણ છે.

### વડાલા

વડાલા સંઘમાં પૂ.સા. ગુણમાલાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વિવિધ આરાધનાઓ આનંદપૂર્વક થઈ રહેલ છે.

તા.૨-૧૦-૧૨ના શાંતમૂર્તિ, સ્વાધ્યાયપ્રેમી બા.બ્ર.પૂ.સા.શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ની ૧૭મી પુણ્યતિથિ નિમિતે વ્યાખ્યાનમાં પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.એ કહેલ કે પૂજ્યશ્રી સમયક જીવન જીવનાર ૫૬ સાધ્વીઓના ગુરૂણી, એ સમયે બા.બ્ર.ભાવિકો ગણ્યાગાંઠયા નીકળતા ત્યારે દિક્ષીત થયેલ. એવા ગુરૂણીના ગુણગાન પોતાની સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક જણાવેલ જેથી સંઘના ભાઈ-બહેના માહિતગાર થયા. બપોરના ૨થી ૪.૩૦ સુધી શુભ વસ્ત્રોમાંસજજ સંયમી ભવ્યાત્માને શ્રધ્ધાંજલિ આપવા દેશાવગાસિક સમાયિક લઈને ભાઈ બહેનોએ તેમની

ગાથાઓ સ્મરણ કરવા પ્રયાસ કરેલ. આ અવસરે ૧૦૦ થી વધારે શ્રાવક/શ્રાવિકાઓએ ભાગ લીધેલ. બાદ રૂા.૨૦/-ની દરેકને પ્રભાવના થયેલ.

### શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

મહાજનશ્રીના ટ્રસ્ટબોર્ડની બેઠક તા.૩૧-૧૦-૧૨ના બપોરે ૨.૩૦ કલાકે શ્રી અનંતનાથ જિનાલયે મસ્જીદબંદરમાં એકત્ર મળશે જેમાં પત્રવ્યવહાર વાંચન, ટ્રસ્ટમાં ખાલી બેઠક પર નિમણુંક, જ્ઞાતિ જનજાગરણ-સંપર્ક અભિયાનની ચર્ચા વિચારણા, તા.૨૬-૧૦-૧૨ના મુંબઈમાં સંસ્થાકીય કાર્યકરોની સંયુક્ત સભા કાર્યકર (અધિવેશન) આદિ વિષયો પર ચર્ચા કરી નિર્ણય લેવાશે.

સાંજે પાંચ વાગે ટ્રસ્ટબોર્ડ અને અનંતનાથ ટ્રસ્ટ તથા મુંબઈ મહાજનના પદાધિકારીઓની "અનંતછાયા" વિષયે અને મુંબઈ જનસંપર્ક સભાઓ વિષે સંયુક્ત બેઠક રહેશે. સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિજનજાગરણ અને સંપર્ક અભિયાન હેઠળ ભારત પરિભ્રમણ બાદ અંતિમ તબક્કામાં મુંબઈ મહાજનશ્રીના કાર્યક્ષેત્રમાં એવી બેઠકોનું આયોજન કરી રહ્યું છે. જે પૈકી ભાંડુપ, માટુંગા, નવી મુંબઈ અને કાંજુરમાર્ગ સભાઓ બાદ હવે તા.૪-૧૧-૧૨નાં ડોંબિવલી (ઈ) અને વેસ્ટમાં સભાના આયોજન થશે જેમાં તે તે સંઘ/મંડળ સહ મુંબઈ મહાજનશ્રી અને સમસ્ત મહાજન ટીમ જ્ઞાતિજનોને મળી પ્રશ્નો જાણશે અને સુચનો આવકારશે. સર્વે જ્ઞાતિજનોને આ સભાઓમાં પધારવા આમંત્રણ છે.

### ગિરનાર તીર્થે આયંબીલ ઓળી આરાધના

ગીરનાર તીર્થે પૂ. મુનિ સર્વોદયસાગરજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં ૧૭૦ આરાધકો સહ આયંબીલ ઓળીની આરાધના ચાલી રહી છે. પૂજ્યશ્રીએ ચાતુર્માસ આરાધના સુંદરરીતે કરાવી આસપાસ પરિસરને ધર્મલાભ આપ્યો છે. ૨૦૦ તપસ્વીઓની શોભાયાત્રા નિકળેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જખૌ

જખૌ મહાજનશ્રીની વાર્ષિક સામાન્યસભા રવિ. તા.૩૦-૧૨-૧૨નાં બપોરે ૨.૩૦ કલાકે શેઠ નરશી નાથા સભાગૃહ-ભાંડુપ (વે.)માં એકત્ર મળશે. જેમાં મહાજન અને ટ્રસ્ટના અન્વેષિત હિસાબો, વાર્ષિક અહેવાલ રજુ કરાશે. તીર્થમાં જિર્ણોધ્ધાર, અતિથીગૃહ-ભોજનાલય રીપેરીંગ, રંગરોગાણ વગેરે કાર્યો હાથ ધરવા નિર્ણય લેવાશે.સર્વે જખૌવાસીઓને પધારવા વિનંતી કરાઈ છે.

સવારે ૯ વાગે એક સભાગૃહમાં જખૌવાસીઓ અને નિયાણીબહેનોનું સ્નેહમિલન સમારોહ યોજાશે જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, શૈક્ષણિક અને વિશેષ સિધ્ધિ સન્માન વગેરે રહેશે. આ પ્રસંગે સંઘજમણ રાખેલ છે.

### નલિનપુર નારી નિગમ દ્વારા વાણિજ્ય મેળો

તા.૧૩-૧૦-૧૨નાં સારસ્વતવાડી, મુલુંડ (વે.)માં વાણિજ્ય મેળો યોજાયેલ. જેમાં દીવાળીને લગતા ડેકોરેટીવ આર્ટીકલ્સ, ઈમિટેશન જવેલરી, ડ્રેસ મટેરીયલ, સાડીઓ, ચોકલેટસ્ અને અન્ય ખાદ્ય સામગ્રીનાં વિવિધ સ્ટોલ રાખવામાં આવેલા. આ મેળાનું ઉદ્‌ઘાટન શ્રીમતી કલ્પનાબેન ધરમશીના હસ્તે કરાયું. અતિથિવિશેષો શ્રી મોતીચંદભાઈ ખોના તથા શ્રી જયંત છેડા હતા. આ પ્રસંગે આમંત્રિત મહેમાનોએ મેળાની મુલાકાત લઈ કાર્યક્રમની શોભામાં અભિવૃધ્ધિ કરી હતી. આ પ્રસંગે ઘણાં જ્ઞાતિજનો પધારેલ. વાણિજ્યમેળાને ઉદારદિલ દાતાઓનું પીઠબળ મળેલ. જેમાં શેઠ નરશી નાથા ચેરિટેબલ ટ્રસ્ટ, શ્રી લતાબેન કાંતિલાલ વોરા (રંગપૂર-કોઈમ્બતુર), શ્રી ક.દ.ઓ. જૈન (નલિયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી શાંતિલાલ જીવરાજ નાગડા (નલિયા-માટુંગા), માતુશ્રી લીલબાઈ વસનજી ખોના પરિવાર હ. વિજયભાઈ ખોના, શ્રી શાંતિદેવ સેવા સમિતિ હસ્તે અનિલ ખોના, શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન-નલીયા.

આ મેળાનો ફોટાસહ અહેવાલ શ્રી જયંતભાઈ છેડા દ્વારા "ગુર્જરમાત"માં વિનામૂલ્યે પ્રકાશિત થયેલ. મંડળના સર્વે સભ્યો અને કાર્યકરોએ સફળતા માટે જહેમત ઉઠાવેલ.

મંડળનો આગામી કાર્યક્રમ તા.૧-૧૧-૧૨ના દેવપુંજ, મેપાણી હોલ, મુલુંડ (વેસ્ટ)માં બપોરનાં ૨ વાગે યોજેલ છે. જે દીવાળી સ્પેશિયલ હશે જેમાં લક્ષ્મીપૂજનની આરતીની થાળી અને તહેવારોને અનુરૂપ બેસ્ટ વેશભૂષાની હરિફાઈ રાખવામાં આવી છે. અને દિવાળી ક્વીઝ વગેરે અન્ય આકર્ષણ છે. બધાએ ઉત્સાહથી ભાગ લેવા આમંત્રણ છે.

### શ્રી ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ-ગાંધીધામ

મંડળ દ્વારા તા.૯-૯-૧૨ના હાર્ટ ચેકઅપ કેમ્પ યોજાયેલ. જેમાં ડીવાઈન લાઈફ હોસ્પીટલના ડો. દર્શકભાઈ સલાટ (ગાંધીધામ) સમાજ ભવનમાં પધારી. સ્લાઈડ શૉ દ્વારા હાર્ટ વિષેના પ્રોબ્લેમ તેમજ તેની સાર સંભાળ વિષે માહિતી આપી હતી. પ્રારંભે મીનાબેન લાલકાએ સૌને આવકાર્યા હતા. દિપ્તીબેન ધરમશીએ કાર્યક્રમનું સૂત્ર સંચાલન કરેલ. ભાવિની દંડે ડો. દર્શકભાઈ સલાટનો પરિચય આપેલ. મંડળની કમીટી બહેનોએ સારી રીતે સાથ સહકાર આપીને કાર્યક્રમને સફળ બનાવેલ.

તા.૧૧-૯-૧૨ના જૈન સેવા સમિતિ હોસ્પિટલ-ગાંધીધામ દ્વારા ૩૦ વર્ષથી ઉપરના બ્લડ ટેસ્ટ, યુરીન ટેસ્ટ અને ઈસીજી કાઢવામાં આવેલ. જેમાં ૧૭૦ જણાએ તપાસણી કરાવેલ. હોસ્પિટલના સ્ટાફે ખૂબ સારો સાથ સહકાર આપેલ. ડૉ. અજયભાઈ જૈને સૌનું કન્સલ્ટીંગ કરી નિદાન કરેલ. મંડળ દ્વારા ઉપયોગી કાર્યક્રમ સફળ પાર પડેલ.

મંડળ દ્વારા તા.૪-૧૧-૧૨ના એકઝીબીશન કમ સેલનું આયોજન છે.

## સાંઘવવાસીઓનું સ્નેહમિલન

તા.૭-૧૦-૧૨ના શેઠ નરશી નાથા સભાગૃહ-ભાંડુપમાં સાંઘવવાસીઓનું સ્નેહમિલન યોજાયેલ. પ્રારંભે પૂ.સા.શ્રી મા. કલ્પગુણાશ્રીજી એ માંગલિક સંભળાવેલ. ત્યારબાદ અગ્રણીઓએ દીપ પ્રગટાવેલ. સ્નેહમિલનના સભારંભ પ્રમુખપદે શ્રી ચાંપશી માણેકજી લોડાયા તથા ટ્રસ્ટીગણ મંચપર સ્થાન ગ્રહણ કરેલ. નવકાર મંત્ર અને સમુહ ક્ષમાપનાથી કાર્યક્રમની શરૂઆત થઈ. મહાજન પ્રમુખ અને ગામના અગ્રાણી વડીલ સ્વ. મુરજી રાઘવજી લોડાયા માટે બે મીનીટનું મૌન પાડી શ્રધ્ધાંજલિ આપવામાં આવેલ. ત્યારબાદ શ્રી શામજી નરશી દંડે પર્વ પર્યુષણનો અહેવાલ આપેલ. પર્વ દરમિયાન થયેલ તપસ્યાની અનુમોદના કરી. શૈક્ષણિક ક્ષેત્રે સારા ગુણે ઉત્તીર્ણ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. પર્વ દરમ્યાન વિવિધ લાભ લેનારા દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ. શ્રી શામજી નરશી દંડ અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના ઉપપ્રમુખ પદે નિમણુંક થયેલ તે બદલ મહાજનશ્રી તરફથી બહુમાન કરવામાં આવેલ.

ક્રોસીઓ વર્કમાં જીનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન લેનાર સૌ. પ્રીતી પ્રકાશ લોડાયાએ સાંઘવનું નામ રોશન કરેલ છે તે બદલ તેમનું બહુમાન કરવામાં આવેલ. સતત ઘણા વર્ષોથી તન-મનથી સેવા આપનાર શ્રી વિરચંદ મેઘજી લોડાયાની અનુમોદના કરવામાં આવેલ. ગામવાસીઓ અને નિયાણી બહેનો સારી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. સમારોહ પ્રમુખશ્રીએ ઉદ્‌બોધન કરતાં ગામપ્રત્યે લાગણી વ્યક્ત કરેલ. ટ્રસ્ટી શ્રી પ્રવિણ મોતાએ સભાનું સંચાલન કર્યું અને આભારવિધિ કરી. સ્નેહમિલન દરમિયાન સાર્ધમિક ભક્તિ તથા ચા પાણીના લાભ દાતાઓ દરેકના રૂા.૧૧ હજાર સર્વશ્રી મુરજી રાઘવજી લોડાયા (દાદર), ચાંપશી માણેકજી લોડાયા (ઘાટકોપર), શામજી નરશી દંડ (મુલુન્ડ). દરેકના રૂા.૫,૦૦૦ પ્રમાણે સર્વશ્રી લાલજી શામજી પટેલ (મુલુન્ડ), માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા (ડોંબિવલી), દિનેશ રામજી લોડાયા (મુલુન્ડ), ભવાનજી રાઘવજી લોડાયા (મુલુન્ડ), નવીનચંદ્ર માણેકજી લોડાયા (ઘાટકોપર), પ્રકાશ માણેકજી લોડાયા (થાણા), માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા (સ્ટીચેલ), માણેકજી મેઘજી લોડાયા (બાબુકાકા)-મુલુન્ડ, માતુશ્રી ઝવેરબેન પદમશી ખોના-ભાંડુપ, રાયચંદ નરશી દંડ-મુલુન્ડ, ઉત્તમચંદ ભવાનજી દંડ-મુલુન્ડ

બપોરના ૨ વાગે સાંઘવ મહાજનની જનરલ મીટીંગ રાખવામાં આવેલ. સભાના પ્રમુખપદે શ્રી મુરજી માણેકજી લોડાયાએ સ્થાન શોભાવેલ.

આ સભામાં સાંઘવમાં ભોજનશાળા નિર્માણનો આદેશ શ્રી શામજી નરશી દંડ પરિવારને આપવામાં આવેલ. તેને સર્વે ગામવાસીઓએ તાળીઓથી વધાવી લીધેલ. હવે ટૂંક સમયમાં એ કાર્ય ચાલુ થશે.

## વડોદરામાં શ્રી યંત્ર મહાપુજન

વડોદરામાં પુ. ગણીવર્ય કવીન્દ્રસાગરજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં ક.દ.ઓ. ભવનમાં શ્રી યન્ત્ર-મહાલક્ષ્મી મહાપૂજન ભણાવાયેલ. પૂજ્યશ્રીનાં જીવનનું ૫૬માં વર્ષ નિમિત્તે ૫૬ પરિવારોના સહયોગે આ પૂજન સંપન્ન થયું. વિધિકાર શ્રી મહેશભાઈ શેઠ મુંબઈથી પધારેલ. પૂજનમાં ભક્તિ સંગીત શ્રી અમિત શાહ અને કલાકારોએ પીરસ્યું હતું. બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ ભાગ લીધેલ.

આ પુજન દરમ્યાન મહાલક્ષ્મી ઘરે પધરાવવાનો લાભ ક.દ.ઓ. દિકરી સૌ. ધનવંતીબેન જિતેન્દ્ર હરીયા (હાલાપુર) એ લીધેલ. મહાલક્ષ્મીને માંડલામાં સ્થાપવાનો અને ૧૦૮ દિવાનો આરતીનો લાભ શ્રી કાંતીલાલ દામજી શાહ પરિવારે લીધેલ.


ડૉ. કુમારપાળ દેસાઈની પ્રભાવક વાણીમાં

**મહાવીર કથા** (બે ડી.વી.ડી.નો સેટ)

મુલ્ય રૂ.૨૫૦/- (ડીલીવરી ખર્ચ સાથે)

**ગૌતમ કથા** (ત્રણ ડી.વી.ડી.નો સેટ)

મુલ્ય રૂ.૩૦૦/- (ડીલીવરી ખર્ચ સાથે)

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,**

૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી,

એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં,

મુંબઈ-૪૦૦૦૦૪.

ટેલિફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬


**ભુલસુધાર :** પ્ર.સ. અં.૪૩માં નવા/બદલાયેલ ફોન નં.માં શરદ ડી. મહેશ્વરીની અટક શરતચુકથી મૈશેરી છપાઈ છે જે સુધારીને **મહેશ્વરી** વાંચવી.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**કુલીન પદમશી લોડાયા** પ્લોટ ૪૧, ફ્લેટ ૨૭, ગ્રીન શેડો એપા. તરૂણ ભારત સોસાયટી, ચકલા, અંધેરી (ઈ), મુંબઈ-૪૦૦૦૯૯. ફોન : 8976012682, 28323363

**ચેતન તારાચંદ શિયાડ** ૧/૧૦૯ તક્ષશીલા એપા.. એલ.આઈ.સી.ઓફિસ પાસે, કેમ્પ રોડ,માલેગામ-૪૨૩૨૦૩

**દિલીપ જેચંદ મોતા** B-1 GF,સાંઈધામ લોયોલા, નાહુર વીલેજ રોડ, મુલુન્ડ (વે)-૪૦૦૦૮૦ ફોનઃ 2560089, 9004067890

**ડો. અભય ત્રીકમજી ધરમશી** ૪૦૨/બી, મણીભદ્ર હાઈટસ, પાણીની ટાંકી પાસે, વેસુ-સુરત-૩૯૫૦૦૭

**વિકાસ ધનકુમાર દંડ** ૧૪/ઝવેર અપાર્ટમેંટ, ઝવેર રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦. મો.: 9167235061

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

નુરેશ હીરાચંદ પટેલ-ડોંબિવલી ૯૭૬૯૪૭૦૭૮૩

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮-૯-૧૨ | ઘાટકોપર | SIKN010204 | રૂદ્ર-સાગર શશીકાંત ખોના | સાયરાં | પુત્ર |
| ૧૬-૧૦-૧૨ | અંધેરી | ARLO030204 | રીયાંશ-ચિરાગ દિનેશ લોડાયા | આરીખાણા | પુત્ર |
| ૧૬-૧૦-૧૨ | મુંદ્રા | SDLO | રિશી-હીરિન શાંતિલાલ લોડાયા | સાંધવ | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯-૧૦-૧૨ | ડોંબિવલી | JKMU010604 | પૂર્વેશ વિજય રાયચંદ મુનવર (જીવાણી) | જખૌ | ૨૮ |
| | ડોંબિવલી | JKMA031003 | કોનિકા લલીત નેણશી મૈશેરી | જખૌ | ૨૬ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧-૧૦-૧૨ | કાંજુરમાર્ગ | BYGS012703 | સુમીલ સુરેન્દ્ર ભવાનજી ગોસર | બાયઠ | ૨૭ |
| | ચેનઈ | - | રીતીકા રાકેશ એસપાલ મુતરેજા | ગોવાલીયા | ૨૫ |

### છૂટાછેડા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨-૬-૧૨ | આદીપુર | SMMA010102 | મનોજ સોમચંદ માડણ મૈશેરી | મોટીસિંધોડી | ૩૧ |
| | ભાંડુપ | RVLO020706 | ધારીણી ગૌતમ પ્રતાપસિંહ લોડાયા | રવા | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ છૂટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧-૧૦-૧૨ | ડોમ્બીવલી | KBLO0501201 | નીકુંજ પ્રફુલ રતીલાલ લોડાયા | મોટીખાવડી | ૨૬ |
| | ડોમ્બીવલી | A | રૂપાલી મોહનભાઈ ભગવાનભાઈ | વલસાડ | ૨૨ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨-૧૦-૧૨ | વડાલા | KRDH | દામજી માણેકજી દેવશી ધરમશી (પાવડા) | કોઠારા | ૭૮ |
| ૨૨-૧૦-૧૨ | અંધેરી | JKNG011901 | આણંદજી ગોવિંદજી કાનજી નાગડા | જખૌ | ૯૦ |
| ૨૨-૧૦-૧૨ | ડોંબિવલી | KBLO032801 | નરશી કરમશી વીરપાલ લોડાયા | મોટીખાવડી | ૭૫ |
| ૩૦-૯-૧૨ | ડોંબિવલી | MJDD040202 | દમયંતી કાંતિલાલ કરમશી દંડ | મંજલ | ૬૮ |
| -૯-૧૨ | ડોંબિવલી | TRMT | હેમલતા જવેરચંદ જેઠાભાઈ મોતા | તેરા | ૭૨ |
| ૨૭-૯-૧૨ | હુબલી | SULI01101 | ભારતી લક્ષ્મીકાંત શામજી લાપસીયા | સુથરી | ૬૩ |
| ૨૮-૯-૧૨ | ઘાટકોપર | VRLO010502 | લીલબાઈ દામજી રતનશી લોડાયા | વરાડીયા | ૮૫ |
| ૧૮-૧૦-૧૨ | બોરીવલી | KRKN010301 | પ્રતાપ વેલજી ચાંપસી પાલાણી (ખોના) | કોઠારા | ૭૨ |
| ૧૯-૧૦-૧૨ | મુલુંડ | DUPL010801 | ગુણવંતી મણશી માણેક પોલડીયા | ડુમરા | ૬૦ |
| ૨૫-૧૦-૧૨ | હુબલી | NLNG111501 | નિર્મલાબાઈ મોતીચંદ નારાણજી પટેલ | નલીયા | ૭૫ |

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ



જન્મ
તા.૨૨-૩-૧૯૪૫

અરિહંતશરણ
તા.૨-૧૧-૨૦૧૧

## સ્વ. અ.સૌ. હંસા ખેમજી મોતા
(વારાપધર-ભાટાપારા)

જીવન એવું જીવી ગયા જે કદી ભૂલાય નહી.
વિદાય એવી લીધી જે કદી વિસરાય નહી.
પણ મોક્ષ પંથે જનારને કોઈથી રોકાય નહી!
વર્ષ વિત્યું તમારી વિદાયને, પણ તમારો સ્નેહ,
તમારા સંસ્કારો, હરપળ યાદ આવે છે, ને જીવંત રાખે છે તમારો સહવાસ..
મુશ્કેલીમાં પણ હિંમત ટકાવી, શીખવે આગળ વધવું...
આપનો પરોપકારી સ્વભાવ અને કુટુંબ પ્રત્યેની પ્રેમભાવના
ધર્મમાં જે લીનતા હતી, એ જોવા મળતી હતી
પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે
તેવા ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ સુમન અર્પણ કરીએ છીએ...

### ભાવભરી શ્રધ્ધાંજલિ

સાસુજી-સસરાજી : સ્વ. દેકાબાઈ નેણશી મોતા પરિવાર
મામી સાસુજી : વેલબાઈ મેઘજી ધરમશી
જીવનસાથી : ખેમજી નેણશી મોતા
પુત્રી-જમાઈ : અ.સૌ. સંગીતા રાજેશ લોડાયા (ધમતરી)
પુત્ર-પુત્રવધુ : અ.સૌ. તેજલ કમલેશ મોતા ● અ.સૌ. પ્રિતી ભુપેશ મોતા
અ.સૌ. દક્ષા મનીષ મોતા ● અ.સૌ. રુપાલી લિતેષ મોતા
પૌત્ર-પૌત્રી : ચિ. બ્રિજેશ, દર્શન, અમન, કુશલ, મોક્ષ અને કુ. વંશિકા
દોહિત્રા : ચિ. વિરલ અને સાગર
માતા-પિતા : સ્વ. દેકાબાઈ રાયચંદ શિયાડ (સુજાપર)
ભાઈ-ભાભી : અ.સૌ. તરલા રતિલાલ શિયાડ (મસ્જીદબંદર)
બેન-બનેવી : સ્વ. રતનબેન વર્ધમાન દંડ (બારસી)
અ.સૌ. વર્ષા નવીન લોડાયા (ડોંબિવલી)

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# જ્ઞાતિ ગૌરવના સંસ્મરણો...

## આશરે ૧૭૫ વર્ષ પહેલાંના મુંબઈના મહાન વેપારીઓ.



આપણાં જ્ઞાતિના ઘણાં વેપારીઓની નામના હતી.
આ તસ્વીરમાં **સર્વ શેઠશ્રી વેલજી માલુ, કેશવજી નાયક, ઉકેડા કાઠ, વીરજી નરશી નાથા અને નાનાશંકર શેટ નજરે પડે છે.**
(અન્ય બે જણની માહિતી ઉપલબ્ધ નથી.)
(આ દુર્લભ ચિત્ર મર્હુમ શેઠ ઉકેડા કાઠના પૌત્ર શેઠ હરભમ નાગના સૌજન્યથી એક રંગીન તૈલચિત્ર ઉપરથી મેળવી શકાયું હતું. જેની તસ્વીર "પ્રકાશ"ના ઈ.સ.૧૯૩૮ના અરસામાં પ્રગટ થયેલ અંકમાંથી ઉદ્ધૃત.)

## શ્રી ભવાનજી અરજણ ખીમજીનું બહુમાન





ઈસ્ટ ઈન્ડીયા કોટન એસોસીયશનના પ્રતિનિધિ તરીકે મુંબઈ ઈલાકાની ધારાસભામાં શ્રી ભવાનજી અરજણ ખીમજી બીનહરીફ ચુંટાયા અને ધારાસભા જનાર એ પ્રથમ જ્ઞાતિબંધુ હોઈ જ્ઞાતિ તરફથી માનપત્ર અર્પણ કરવાનો એક સમારોહ ટનટનપુરા સ્થિત મહાજનવાડીમાં તા.૨૧-૨-૧૯૩૭નાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલ અને તેમના વરદહસ્તે એ સ્મૃતિચિન્હ માનપત્ર એનાયત થયેલ એ પ્રસંગની તસ્વીર.

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**

To,